દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૨ ■ Volume 66 ■ Issue 261 ■ વિક્રમ સંવત ૨૦૭૯
■ આશ્વિન વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 November 2023, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૭ નવેમ્બર ૨૦૨૩, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૬ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

કેન્દ્ર સરકારનો નિર્ણય

# ‘મહાદેવ’ સહિત ૨૨ ગેમિંગ ઍપ ઉપર પ્રતિબંધ

નવી દિલ્હીઃ મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજીની ઍપ કૌભાંડ મામલે તપાસ એન્જસીએ ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. કેન્દ્ર સરકારે રવિવારે મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજીની એપ સહિત ૨૨ ગેરકાયદેસર એપ અને વેબસાઈટ બ્લોક કરવાનો આદેશ કર્યો હતો. સરકારે જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઇલેક્ટ્રોનિક્સ અને ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી મંત્રાલયએ મહાદેવ બેટિંગ એપ સહિત ૨૨ ગેરકાયદેસર સટ્ટાબાજીની એપ અને વેબસાઇટ્સને બ્લોક કરવાના આદેશો આપ્યો છે.

નિવેદનમાં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા મહાદેવ ગેરકાયદે સટ્ટાબાજી એપ સિન્ડિકેટ વિરુદ્ધ કરવામાં આવેલી તપાસ અને છત્તીસગઢમાં ત્યાર પછીના દરોડાના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે.

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી રાજ્ય પ્રધાન રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે છત્તીસગઢ સરકાર પાસે કલમ ૬૯અ આઈટી (ઈન્ફોર્મેશન ટૅક્નોલૉજી) એક્ટ હેઠળ વેબસાઈટ/એપને બંધ કરવાની ભલામણ કરવાની સંપૂર્ણ સત્તા છે. છતાં તેમણે એવું કર્યું ન હતું અને રાજ્ય સરકાર દ્વારા આવી કોઈ વિનંતી કરવામાં આવી નહોતી. મંત્રાલયને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ તરફથી એકમાત્ર વિનંતી મળી હતી અને જેને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્યાર સુધી ઇડી મહાદેવ સટ્ટાબાજી એપ કેસમાં ઘણા લોકોની ધરપકડ કરી ચૂકી છે, જેમાં બે સગા ભાઈઓ સુનીલ દમમાણી, અનિલ દમમાણી, છત્તીસગઢ પોલીસના એએસઆઈ ચંદ્રભૂષણ વર્મા અને સતીશ ચંદ્રાકરનો સમાવેશ થાય છે. મહાદેવ બેટિંગ એપ દુબઈમાં બેઠેલા છત્તીસગઢના ભિલાઈના રહેવાસી સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ દ્વારા ઓપરેટ કરવામાં આવી રહી હતી. આ બંને મહાદેવ બેટિંગ એપના પ્રમોટર પણ હતા. મલયેશિયા, થાઈલેન્ડ, ભારત અને યુએઈના મોટા શહેરોમાં કોલ સેન્ટર ખોલવામાં આવ્યા હતા. અલગ-અલગ સબસિડી એપ બનાવવામાં આવી હતી અને ઓનલાઈન સટ્ટાબાજી કરવામાં આવતી હતી.

# ભારતીય નૌકાદળ દ્વારા યુદ્ધજહાજના ‘ક્રેસ્ટ’ને ‘સુરત’નું નામ અપાયુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય નૌકાદળ દ્વારા તેના અત્યાધુનિક ચોથા મિસાઈલ ડેસ્ટ્રોયર યુદ્ધજહાજના ક્રેસ્ટ(ચિહ્ન)ને સુરત’ નામ આપી સુરતના પ્રાચીન શિપબિલ્ડિંગના વારસાનું બહુમાન કરવામાં આવ્યું છે.

સુરત ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તથા નૌકાદળના વડા એડમિરલ આર.હરિકુમારની ઉપસ્થિતિમાં સુરત’ યુદ્ધજહાજના ક્રેસ્ટનું અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, ભારતીય નૌસેનાના લેટેસ્ટ વોરશિપ પ્રોજેક્ટ-બી અંતર્ગત ચાર નેક્સ્ટ જનરેશન મિસાઈલ ડેસ્ટ્રોયર તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં આજે ચોથા વોરશિપ તરીકે ’સુરત’નું નામકરણ કરવામાં આવ્યું છે, જે સમગ્ર રાજ્ય માટે ગર્વની ક્ષણ છે. આ પ્રથમ એવી ઘટના છે, જેમાં કોઈ યુદ્ધજહાજને ગુજરાતના કોઈ શહેરનું નામ આપવામાં આવ્યું હોય.

ગુજરાતના પ્રાચીન દરિયાઈ વ્યાપારનો ઉલ્લેખ કરતાં મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, સુરત, લોથલ, ઘોઘા, ભરુચ એક સમયે સમુદ્રી વ્યાપારના મહત્વપૂર્ણ કેન્દ્રો હતા. એક સમયે સુરતમાં ચોર્યાસી બંદરોના વાવટા ફરકતા હતા. પ્રાચીન કાળમાં સુરતે દેશવિદેશમાં દરિયાઈ વ્યાપાર અને વ્યાપારી સંબંધો જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. સુરતનો દરિયાઈ તટ પ્રાચીન કાળના ગૌરવશાળી દરિયાઈ વ્યાપારનો સાક્ષી છે અને આજે સુરત ભવિષ્યના આધુનિક ભારતના સૂર્યોદયનો પણ સાક્ષી બન્યું છે.

ચીફ ઓફ નેવલ સ્ટાફ નૌકાદળના વડા એડમિરલ આર.હરિકુમારે જણાવ્યું હતું કે,મધ્યકાળમાં ૧૬મી થી ૧૮મી સદી દરમિયાન માં સુરત શહેર સમુદ્ર જહાજ નિર્માણ તેમજ સમુદ્ર વ્યાપારનું મોટું કેન્દ્ર હતું. ’સુરત’ યુદ્ધ જહાજનું નામ ગુજરાતની આર્થિક રાજધાની એવા વાઈબ્રન્ટ સુરત શહેર પરથી આપવામાં આવ્યું છે, કારણ કે સુરત તેના પ્રાચીન સમૃદ્ધ દરિયાઈ ઇતિહાસ અને શિપબિલ્ડિંગના વારસા માટે પ્રખ્યાત છે. આ પગલાંથી સુરત અને ભારતીય નૌસેના વચ્ચેનો સંબંધ વધુ મજબૂત બનશે.

આ પ્રસંગે ફ્લેગ ઓફિસર ગુજરાત નેવલ એરિયા કમાન્ડર રિયર એડમિરલ અનિલ જગ્ગીએ ભારતીય નેવીના સુરત ક્રેસ્ટની રૂપરેખા આપી હતી.

# આજે છત્તીસગઢ ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન, ૨૨૩ ઉમેદવારનું ભાવિ કેદ થશે

## ૨૫ હજારથી વધુ મતદાન કર્મચારીઓ અને ૬૦ હજારથી વધુ સુરક્ષા કર્મચારીઓ તહેનાત

રાયપુરઃ છત્તીસગઢમાં નક્સલ પ્રભાવિત બસ્તર વિભાગની ૨૦ બેઠકો માટે વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે મતદાન થશે. મતદાનની વ્યવસ્થામાં ૨૫,૨૪૯ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા હોવાનું ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર મોહલા-માનપુર, અંતાગઢ, ભાનુપ્રતાપપુર, કાંકેર, કેશકલ, કોંડાગાંવ, નારાયણપુર, દંતેવાડા, બીજાપુર અને કોન્ટા નામની ૧૦ બેઠકો પર સવારે ૭ થી બપોરે ૩ વાગ્યાની વચ્ચે મતદાન થશે. જ્યારે ખૈરાગઢ, ડોંગરગઢ, રાજનાંદગાંવ, ડોંગરગાંવ, ખુજજી, પંડારિયા અને કવર્ધા બસ્તર, જગદલપુર અને ચિત્રકોટમાં સવારે ૮ થી સાંજે ૫ વાગ્યાની વચ્ચે મતદાન થશે. પ્રથમ તબક્કામાં ૨૫ મહિલાઓ સહિત ૨૨૩ ઉમેદવારોનું ભાવી અંદાજિત ૪૦,૭૮,૬૮૧ મતદારો દ્વારા નક્કી કરવામાં આવશે. પ્રથમ તબક્કા માટે ૫૩૦૪ મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી(સીઇઓ)ના કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર પ્રથમ તબક્કાના મતદાન માટે ૨૫,૪૨૯ પોલિંગ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, નક્સલ પ્રભાવિત બસ્તર ડિવિઝનના ૧૨ મતવિસ્તારોમાં ચૂંટણીના સુચારુ સંચાલન માટે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોના ૪૦,૦૦૦ સહિત ૬૦,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા છે.

ચૂંટણી અધિકારીઓના જણાવ્યા મુજબ ૨૦ બેઠકોમાંથી ૧૨ અનુસૂચિત જનજાતિ માટે અને એક અનુસૂચિત જાતિ માટે અનામત છે. સૌથી વધુ ઉમેદવારો રાજનાંદગાંવ મતવિસ્તારમાં(૨૯) છે જ્યારે સૌથી ઓછા ઉમેદવારો ચિત્રકોટ અને દંતેવાડા બેઠકો પર સાત-સાત છે. કૉંગ્રેસ પાસે આ ૨૦માંથી ૧૯ બેઠકો છે, જેમાં પેટાચૂંટણીમાં જીતેલી બે બેઠકોનો સમાવેશ થાય છે. ૨૦૧૮ની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસે આ ૨૦માંથી ૧૭ બેઠકો, ભાજપે ૨ અને જનતા કૉંગ્રેસ છત્તીસગઢે ૧ બેઠક જીતી હતી. રાજ્યમાં ૯૦ સભ્યોની વિધાનસભામાં કૉંગ્રેસ પાસે ૭૧ બેઠકો છે. ૨૦૧૮ની ચૂંટણીમાં ૨૦૦૩થી રાજ્યમાં શાસન કરી રહેલી ભાજપને કારમી હાર આપી હતી.

### મતદાનના આગલા દિવસે છત્તીસગઢમાં વિસ્ફોટ

કાંકેરઃ છત્તીસગઢના કાંકેર જિલ્લામાં સોમવારે ઈમ્પ્રોવાઈઝડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી)ના વિસ્ફોટમાં ચૂંટણી ફરજ પરના બે કર્મચારી અને બીએસએફના જવાનને ઈજા થઈ હતી. ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ અને તેમની સુરક્ષા માટેના બીએસએફ જવાનો છોટેબેઠિયા પોલીસમથકની હદમાં સ્થિત મતદારમથકો પર જઈ રહ્યા હતા ત્યારે સાંજે ૪.૦૦ કલાકે આ ઘટના બની હતી.રેન્ગાગોન્ડી પાસે આઈઈડી વિસ્ફોટ થયો હતો જેમાં બે કર્મચારી અને બીએસએફનો એક કોન્સ્ટેબલ ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્તોને છોટેબેઠિયા હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમને સારવાર આપવામાં આવી હતી. કર્મચારીઓ અને સુરક્ષાકર્મીની ટીમ માર્બેડા કેમ્પથી રેંગાઘાટી રેન્ગાગોન્ડી મતદારમથક પર જઈ રહી હતી. એક પોલીસ અધિકારીએ કહ્યું કે આ વિસ્તારમાં ‘સર્ચ ઑપરેશન’ ચાલી રહ્યું છે. અંતાગઢમાં મંગળવારે મતદાન થવાનું છે. છત્તીસગઢમાં બે તબક્કામાં મતદાન થવાનું છે. ■

# આનંદો! સરકાર દેશભરમાં સસ્તા ભાવે વેચશે ‘ભારત આટા’

## ઘઉંના સતત વધતા ભાવથી પરેશાન લોકોને મળશે રાહત

નવી દિલ્હીઃ ઘઉંના સતત વધી રહેલા ભાવને કારણે સરકારે તહેવારોની સિઝનમાં સસ્તા ભાવે લોટ વેચવાનો નિર્ણય લીધો છે. બજારમાં નોન-બ્રાન્ડેડ લોટની છૂટક કિંમત ૩૦-૪૦ રૂપિયા પ્રતિ કિલો છે, જ્યારે બ્રાન્ડેડ લોટ ૪૦-૫૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યો છે. હવે કેન્દ્ર સરકારે દેશભરમાં ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ’ભારત આટ્ટા’ આપવાનો નિર્ણય લીધો છે. ઘઉંનો આ લોટ ૧૦ કિલો અને ૩૦ કિલોના પેકમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે સોમવારે દિલ્હીમાં લોટ વિતરણ વાહનો (મોબાઈલ વાન)ને લીલી ઝંડી બતાવી હતી. આ લોટ દેશભરમાં બે હજાર આઉટલેટ્સ પર ઉપલબ્ધ થશે. તેનું વેચાણ નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ, નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા, સફલ, મધર ડેરી અને અન્ય સહકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવશે.

આ દરમિયાન કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે કહ્યું હતું કે આ માટે વિવિધ સરકારી એજન્સીઓને ૨.૫ લાખ મેટ્રિક ટન ઘઉંની ફાળવણી કરવામાં આવી છે. કન્ઝ્યુમર અફેર્સ ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, હાલમાં દેશમાં લોટની સરેરાશ કિંમત ૩૫ રૂપિયા પ્રતિ કિલો છે. બજારમાં નોન-બ્રાન્ડેડ લોટની છૂટક કિંમત ૩૦-૪૦ રૂપિયા પ્રતિ કિલો છે, જ્યારે બ્રાન્ડેડ લોટ ૪૦-૫૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યો છે. ઘઉંના સતત વધી રહેલા ભાવને કારણે સરકારે તહેવારોની સિઝનમાં સસ્તા ભાવે લોટ વેચવાનો નિર્ણય લીધો છે.

આ પહેલા સરકારે ગયા જુલાઈમાં ભારત ચણા દાળનું વેચાણ શરૂ કર્યું હતું. ભારત દાળ હેઠળ એક કિલોનું રિટેલ પેક બનાવવામાં આવ્યું છે, જેની કિંમત ૬૦ રૂપિયા પ્રતિ કિલો રાખવામાં આવી છે. હાલમાં દેશભરમાં કાંદાના ભાવ ઘણા ઊંચા હોવાથી કેન્દ્ર સરકાર ૨૫ રૂપિયે કિલોના રાહત દરે કાંદાનું વેચાણ પણ કરી રહી છે.

ઊડતા ગુજરાત

# વાપી જીઆઈડીસીમાં ડીઆરઆઇએ ૧૮૦ કરોડથી વધુની કિંમતનું ડ્રગ્સ ઝડપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડીઆરઆઈએ વાપી જીઆઇડીસીની એક કંપનીમાંથી ૧૨૧ કિલોથી વધુ મેફેડ્રોન એટલે કે એમડી ડ્રગ્સ ઝડપ્યું હોવાનું અને એક આરોપીને ત્યાંથી રૂ. ૧૮ લાખ રોકડા મળ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતોનુસાર વાપી જીઆઇડીસીમાંથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું છે. ડીઆરઆઇએ એક ખાનગી કંપનીમાંથી એમડી ડ્રગ્સ ઝડપ્યું હતુ. અંદાજે રૂ. ૧૮૦ કરોડથી વધારે કિંમતનું ૧૨૧ કિલોથી વધુ મેફેડ્રોન (એમડી) ઝડપ્યું હતુ. એક આરોપીને ત્યાંથી રૂ. ૧૮ લાખ રોકડા પણ મળ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં અમદાવાદ શહેરમાં નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાયો હતો. એસઓજીએ બાપુનગરમાં મકાનમાંથી ૧૯ લાખથી વધુના એમડી ડ્રગ્સ સાથે દંપતીની ધરપકડ કરી હતી. આ મામલે એસઓજીએ સાદિક ઉર્ફે બાબુ અંસારી અને તેની પત્ની રુકસાના બાનુ ઉર્ફે આઇશા અંસારીની ધરપકડ કરી હતી. આરોપી છેલ્લાં ૩ વર્ષથી મુંબઈથી ડ્રગ્સ લાવીને અમદાવાદમાં પોતાના ઘરેથી છૂટક વેચાણ કરતા હતા અને પોતે પણ બંધાણી હતા. આ મામલે એસઓજીએ આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી હતી.

થોડા દિવસ પૂર્વે ભરૂચના વાલિયા જિલ્લામાં અમદાવાદ સીઆઇડી ક્રાઇમે દરોડો પાડીને ડ્રગ્સ બનાવવામાં વપરાતા રૂ. ૭.૬૦ લાખના રો મટિરિયલ સાથે એક યુવકને ઝડપી પાડયો હતો. તે કેસમાં વડોદરા સીઆઇડી ક્રાઇમે વધુ ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. વાલિયાની હરિનગર સોસાયટીમાં રહેતા રાકેશ જેનુભાઇ વસાવાની પ્રતિબંધિત ડ્રગ્સ બનાવવા માટે વપરાતા ૭.૬૦ લાખના રો મટિરિયલ સાથે સીઆઇડી ક્રાઈમ ગાંધીનગરે ધરપકડ કરી હતી. આ રો મટિરિયલનો ઉપયોગ મેથામ્ફેટામાઇન તથા મેફેડ્રોન બનાવવામાં થાય છે. જેની તપાસ વડોદરા સીઆઇડી ક્રાઇમના ઇન્ચાર્જ ડીવાય. એસ. પી. એચ. એમ. ચૌહાણ કરી રહ્યા છે. આ કેસમાં વચેટિયા તરીકે કામ કરનાર અબ્દુલ કાદરી ઐયુબભાઇ મણીયાર તથા બ્રિજકુમાર રમેશભાઇ પટેલની ધરપકડ કરી હતી. જ્યારે રો મટિરિયલ સપ્લાય કરનાર આરોપી મનોજ પ્રતાપભાઇ ગાર્ગેની પણ ધરપકડ કરવામાં આવી હતી.

# ગુજરાત એક હજારથી સીએનજી સ્ટેશોનો સાથે નંબર વન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં એક હજારથી વધુ સ્ટોશેનો સાથે ગુજરાત નંબર વન પર છે. સીએનજી સ્ટેશનની સંખ્યામાં ગુજરાત સમગ્ર દેશમાં ટોપ પર પહોંચી ગયું છે.

કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા અનુસાર જુલાઇ ૨૦૨૩ સુધીમાં, ગુજરાતમાં ૧૦૦૨ સીએનજી સ્ટેશન છે, જેનું નેટવર્ક રાજ્યના ૩૩ જિલ્લાઓને આવરી લે છે.

સીએનજી સ્ટેશનની સંખ્યામાં ગુજરાત બાદ ઉત્તરપ્રદેશ (૮૧૯), મહારાષ્ટ્ર (૭૭૮), રાષ્ટ્રીય રાજધાની દિલ્હી ક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ -૪૮૦) અને હરિયાણા (૩૪૯) છે. જુલાઇ ૨૦૨૩ સુધીમાં ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૫૮૯૯ સ્ટેશન છે, જેમાંથી ૧૭ ટકા જેટલા ગુજરાતમાં છે. આ તમામ આંકડા પેટ્રોલિયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા અપડેટ કરવામાં આવ્યા છે.

દેશમાં ગુજરાતમાં ૧,૦૦૨, ઉત્તરપ્રદેશમાં ૮૧૯,મહારાષ્ટ્રમાં ૭૭૮, દિલ્હી ક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ)માં ૪૮૦, હરિયાણામાં ૩૪૯, કર્ણાટકમાં ૩૧૯, રાજસ્થાનમાં ૨૫૭, મધ્યપ્રદેશમાં ૨૪૧, તમિલનાડુમાં ૨૨૦ અને પંજાબમાં ૨૦૯ સીએનજી સ્ટોશનો છે.

# હરિયાણાના કુખ્યાત ગેંગસ્ટર ભાદરની ગોળી મારી હત્યા

## હત્યા સોનુ મીઠી ગેંગે કરી હોવાની આશંકા

ચંડીગઢઃ હરિયાણાના ભિવાનીમાં કુખ્યાત ગેંગસ્ટર જયકુમાર ઉર્ફે ભાદરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ભાદર સામે હત્યા, હત્યાનો પ્રયાસ અને લૂંટ જેવા ડઝનબંધ ગંભીર કેસ નોંધાયા હતા. ભાદરની હત્યા સોનુ મીઠી ગેંગે કરી હોવાની આશંકા છે.

મળતી માહિતી મુજબ, આ ઘટના સોમવારે બપોરે બની હતી. કુખ્યાત ગેંગસ્ટર ભાદર તેની બોલેરો કારમાં સિવાની પોલીસ સ્ટેશનના ગામ બુધશૈલી અને ઘંઘાસ વચ્ચે જઈ રહ્યો હતો, ત્યારે કોઈએ તેની કાર સાથે તેની કારને ટક્કર મારી અને પછી ગોળીઓ ચલાવવાનું શરૂ કર્યું. ભાદરના માથામાં ઘણી ગોળીઓ વાગી, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત થયું અને તે કારમાં તેની સીટ પર પડી ગયો. જ્યારે આ ઘટના દિવસના અજવાળામાં રસ્તાની વચ્ચે બની ત્યારે રાહદારીઓનું ટોળું ત્યાં એકત્ર થઈ ગયું હતું.

માહિતી મળતા જ સિવાની પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. કુખ્યાત ગુનેગાર ભાદરના મૃતદેહને એમ્બ્યુલન્સ દ્વારા ભિવાની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. અહીં પણ સાદા યુનિફોર્મમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હાલમાં પોલીસ કે પરિવાર તરફથી કોઈ નિવેદન જારી કરવામાં આવ્યું નથી. એવું માનવામાં આવે છે કે સોનુ મીઠી ગેંગે ભાદર પર હુમલો કરીને તેની હત્યા કરી હતી.

# ગુજરાતમાં માવઠાનો વર્તારો વાદળછાયુ વાતાવરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી શિયાળાની શરૂઆતની ઠંડી ગાયબ થઇ ગઇ છે તેમજ વાદળછાયા વાતાવરણ સાથે વહેલી સવારે ઠાર વરસ્યો હતો. હવે સોમવારથી સૌરાષ્ટ્ર સહિતના કેટલાક ભાગોમાં મોવઠુ વરસવાનો વર્તારો કરવામાં આવ્યો છે. રાજ્યમાં અમદાવાદ, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, જૂનાગઢ, રાજકોટ, દ્વારકા અને જામનગર તેમજ પોરબંદરમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વાતાવરણ પલટાયું છે. સૌરાષ્ટ્રમાં દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, રાજકોટમાં હળવા વરસાદની આગાહી છે. હવામાન વિભાગે જણાવ્યુ કે, રાજ્યમાં મહત્તમ અને લઘુતમ તાપમાન સામાન્ય કરતાં એકથી સાત ડિગ્રી વધુ નોંધાઇ રહ્યું છે. જેના કારણે શિયાળાની ઠંડીનો એહેસાસ થતો નથી. સામાન્ય રીતે ગુજરાતમાં કડકડતી ઠંડીનો અનુભવ ડિસેમ્બર અને જાન્યુઆરીમાં થતો હોય

# નાઈજીરિયામાં કેનેડિયન હાઈ કમિશન પર હુમલો બેના મોત, અનેક ઘાયલ

અબુજા (નાઇજીરિયા) : નાઇજીરિયામાં કેનેડા હાઈ કમિશન પર હુમલો થયો છે. મળતી માહિતી મુજબ આ હુમલામાં બે લોકોના મોત થયા છે. સ્થાનિક ફાયર સર્વિસના જણાવ્યા અનુસાર નાઇજીરિયાની રાજધાની અબુજામાં કેનેડિયન હાઈ કમિશનમાં વિસ્ફોટમાં બે લોકોના મોત થયા હતા અને અન્ય બેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એફસીટી ફાયર સર્વિસના મર્સી ડગ્લાસે જણાવ્યું હતું કે, ‘‘જનરેટર બિલ્ડિંગની અંદર હતું તે ટેન્કરમાં વિસ્ફોટ થયો હતો, જેને કારણે જનરેટરનું સંચાલન કરતી કંપનીમાં કામ કરતા બે લોકોના મોત થયા હતા અને ઉમેર્યું હતું કે વિસ્ફોટમાં બિલ્ડિંગની બહાર બે લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. સ્થાનિક અગ્નિ શમન દળે આગને કાબૂમાં લીધી હતી. વિસ્ફોટને કારણે મૃત્યુ પામનારાઓ અને ઘાયલ થનારાઓ લોકોમાંથી કોઈ કેનેડિયન નાગરિકત્વ ધરાવે છે કે નહીં એ બાબતે કોઇ જાણકારી મળી નથી, પણ નાઇજીરિયાની સરકારે ગ્લોબલ અફેર્સ કેનેડાનો સંપર્ક કરીને આ ઘટના વિશે વિગતો માંગી છે. જોકે, હજુ સુધી તેનો જવાબ મળ્યો નથી.

# સોનાથી મઢેલા છે રામ મંદિરના દરવાજા મંદિરનું કામ ડિસેમ્બરમાં પૂરું થઇ જશે

અયોધ્યાઃ અત્રે બની રહેલા ભવ્ય શ્રી રામ મંદિરનું કામ ડિસેમ્બરના અંત સુધીમાં પૂરુ થઇ જશે. શ્રી રામ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર પર કુલ ૧૮ દરવાજા છે, એમાંથી ૧૪ દરવાજા સોનાથી મઢવામાં આવ્યા છે. રામ મંદિર અને તેનાથી સંબંધિત તમામ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવા માટે બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન કમિટીની બેઠક પાંચ કલાક સુધી ચાલી હતી. બેઠકમાં યાત્રાધામ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાય થોડા સમય માટે જ હાજર રહ્યા હતા. મંદિર નિર્માણ પ્રભારી ગોપાલ રાવ, અયોધ્યાના રાજા વિમલેન્દ્ર મોહન પ્રતાપ મિશ્રા, TEC પ્રોજેક્ટ મેનેજર બિનોદ કુમાર શુક્લા, સંઘના જગદીશ આફલે અને CBRIના ભૂતપૂર્વ ડિરેક્ટર એકે મિત્તલ, રામ મંદિરના આર્કિટેક્ટ આશિષ સોમપુરા આ બેઠકમાં હાજર હતા. સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં એલએન્ડટીના પ્રોજેક્ટ ડાયરેક્ટર વીકે મહેતાએ જણાવ્યું હતું કે રામ મંદિરના ભોંયતળિયે લગાવવામાં આવનારા ૧૮ દરવાજામાંથી ૧૪ દરવાજાનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે અને આ દરવાજાઓ પણ સોનાથી જડવામાં આવ્યા છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રાએ પણ આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું હતું કે રામ મંદિરના ભોંયતળિયે લગભગ ૧૬૬ સ્તંભો સ્થાપિત કરવામાં આવ્યા છે, જેના પર પ્રતિમા દ્વારા રામાયણના એપિસોડ કોતરવામાં આવી રહ્યા છે, પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ધ્યાનમાં રાખીને ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ૭૦ સ્તંભો પર નિર્ધારિત મૂર્તિઓ કોતરવામાં આવશે.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિટલરના હેકેનક્રુઝ સાથે સ્વસ્તિકને કોઈ સંબંધ નથી

**ભારત** અને કેનેડા વચ્ચે ખાલિસ્તાનવાદી હરદીપસિંહ નિજજરની હત્યાના મામલે ચાલતી બબાલ પતી નથી ત્યાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએન નવો પલિતો ચાંપ્યો છે. ખાલિસ્તાનીઓ પ્રત્યેનું સૉફ્ટ કોર્નર ધરાવતા ટ્રુડોએ હિન્દુઓના પવિત્ર પ્રતીક સ્વસ્તિકને જર્મનીના નાઝી સરમુખત્યાર હિટલરના હેકેનક્રુઝ સાથે સરખાવીને સ્વસ્તિકને નફરત ફેલાવતું ચિહ્ન ગણાવ્યું છે.

ટ્રુડોએ સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ મૂકી છે કે, પાર્લામેન્ટ હિલ પર કોઈ વ્યક્તિ દ્વારા સ્વસ્તિકનું પ્રદર્શન કેનેડા નહીં ચલાવી લેવાય અને નફરત ફેલાવનારા ચિહ્નોનું સંસદ નજીક પ્રદર્શન કરવાની મંજૂરી નહીં અપાય. ટ્રુડોએ ડહાપણ ડહોળ્યું છે કે, આપણે કોઈ પણ નફરત ફેલાવતી ભાષા કે ચિત્ર જોઈએ ત્યારે આપણે તેની ટીકા કરવી જોઇએ. ટ્રુડોએ એવું પણ કહ્યું કે, કેનેડિયન લોકોને શાંતિપૂર્વક એકઠાં થવાનો અધિકાર છે પણ યહૂદીવિરોધી લાગણી, ઈસ્લામોફોબિયા કે કોઈ પણ પ્રકારની નફરતને સહન નહીં કરીએ.

ટ્રુડોએ સ્વસ્તિકનો ઉલ્લેખ કર્યો તેથી સ્વાભાવિક રીતે જ હિંદુઓ ભડકે જ અને એવું જ થયું છે. સોશિયલ મીડિયા પર ટ્રુડોના માથે માછલાં ધોવાઈ રહ્યાં છે અને ભારતીયો ટ્રુડોના ઢોકળી ધોઈ રહ્યા છે. હિન્દુઓના પવિત્ર નિશાન સ્વસ્તિકને નફરત ફેલાવનારું ગણાવવા બદલ હિંદુઓ ટ્રુડોને ભારતદ્વેષી પણ ગણાવી રહ્યા છે.

ટ્રુડોએ જે કંઈ કહ્યું એ વાંધાનજનક છે કેમ કે તેમણે સ્વસ્તિક શબ્દનો પ્રયોગ કર્યો છે ને તેનું કારણ તેમનું ઘોર અજ્ઞાન છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધના પગલે કેનેડામાં દેખાવો થઈ રહ્યા છે. ભારતમાં પણ થઈ રહ્યા છે તેથી કેનેડા જેવા પ્રમાણમાં અભિવ્યક્તિની આઝાદી ધરાવતા દેશમાં થાય તેમાં કશું નવું નથી. કેનેડામાં દુનિયાભરમાંથી આવેલા જાતજાતના ને ભાતભાતના લોકો ઠલવાયેલા છે તેથી ઈઝરાયલ તરફી અને ઈઝરાયલ વિરોધી એમ બંને પ્રકારના દેખાવો થઈ રહ્યા છે. આ દેખાવોમાં ઈઝરાયલ અને યહૂદી વિરોધી દેખાવો દરમિયાન હિટલરના આશિકોએ ટ્રુડો જેને સ્વસ્તિક કહે છે તેનું પ્રદર્શન કર્યું તેમાં ટ્રુડોએ આ ટીપ્પણી કરી દીધી.

ટ્રુડોએ ઈતિહાસ વાંચવાની જરૂર છે ને સમજવાની પણ જરૂરી છે કે, જર્મનીમાં યહૂદીઓની કત્લેઆમ કરનારા હિટલરના નાઝીવાદનું પ્રતિક સ્વસ્તિક નથી પણ હેકેનક્રુઝ છે. સ્વસ્તિક અને હેકેનક્રુઝ બંને અલગ છે ને બંનેની ભેળસેળ કોઈએ ના કરવી જોઈએ. લેખક સ્ટીવન હેલરે તો સ્વસ્તિક પર 'ધ સ્વસ્તિકઃ સિમ્બોલ બિયોન્ડ રિડેમ્પશન' લખ્યું છે. આ પુસ્તકમાં તેમણે સ્વસ્તિકનો ઈતિહાસ અને તે ભારત સાથે કોઈ સંબંધ ન ધરાવતા દેશો પણ સ્વસ્તિકને શ્રદ્ધાથી પૂજતા હતા એવો ઉલ્લેખ કર્યો છે.

ભારતીયો માટે સ્વસ્તિક આસ્થા અને અધ્યાત્મનું પ્રતિક છે. દુનિયાના કોઈ પણ ખૂણામાં રહેતા કરોડો હિન્દુઓ કોઈપણ ધાર્મિક પ્રસંગે સૌથી પહેલાં સ્વસ્તિક બનાવે છે કેમ કે સ્વસ્તિક હિંદુ પરંપરામાં અત્યંત પવિત્ર અને શુભ મનાય છે. સ્વસ્તિક કંકુથી કરવામાં આવે છે તેથી લાલ રંગનો હોય છે અને તેની મધ્યમાં ચાર તિલક કરેલાં હોય છે કે જેને સાદી ગુજરાતી ભાષામાં ચાંલ્લા કહી શકાય. ભારતમા હિંદુ ધર્મમાંથી અલગ થયેલા જૈન અને બૌદ્ધ ધર્મોમાં પણ સ્વસ્તિક સદીઓથી શુભ મનાય છે.

ભારતમાં હિંદુઓ માટે પવિત્ર મનાતો સ્વસ્તિક અથવા સાથીયો સીધી ને સરળ આકૃતિ છે જ્યારે હેકેનક્રુઝ તેનાથી સાવ અલગ છે. સફેદ વર્તુળની અંદર એક કાળાં રંગથી દોરાયેલો હેકેનક્રુઝ હિંદુઓનો સાથીયો બિલકુલ નથી. જર્મનીમાં જેને હેકેનક્રુઝ અથવા હૂક ક્રોસ કહેવામાં આવે છે તે પહેલી નજરે સ્વસ્તિક જેવું જ લાગે પણ વાસ્તવમાં પ્રતીક જમણી બાજુએ ૪૫ ડિગ્રી નમેલું છે. સ્વસ્તિકમાં અંદરની તરફ ચાર તિલક કરેલાં હોય છે. હૂક ક્રોસમાં આ ચાર તિલક નથી હોતાં.

સ્વસ્તિક અને હેકેન ક્રુઝની ભેળસેળ માટે પશ્ચિમી લેખકો જવાબદાર છે કેમ કે તેમણે હિટલર સાથે આ પ્રતિકને જોડી દીધું જ્યારે વાસ્તવમાં હિટલરને સ્વસ્તિક સાથે કોઈ લેવાદેવા નહોતી. હિટલર જર્મનોને વિશ્વની શ્રેષ્ઠ પ્રજા માનતો હતો. હિટલરે ક્યાંકથી આર્યોનો ઈતિહાસ વાંચી લીધો હશે અને આર્યો આખી દુનિયામાં શ્રેષ્ઠ હતા એવું વાંચ્યું હશે તેથી હુંકાર કરેલો કે, સમગ્ર વિશ્વના આર્યોએ આ પ્રતીક હેઠળ એકઠાં થવું જોઈએ. હિટલરે એ વખતે ના તો સ્વસ્તિકની વાત કરી હતી કે ના ભારતીયોને પોતાના હેકેનક્રુઝના પ્રતીક સાથે કોઈ સંબંધ હોવાનું કહેલું પણ આર્યોની વાત કરેલી તેથી પશ્ચિમી લેખકો અને પત્રકારોએ હેકેનક્રુઝ અને સ્વસ્તિકની ભેળસેળ કરીને બંનેને એક ગણાવવા માંડ્યાં.

હિટલર વારંવાર હેકેનક્રુઝની વાત કરતો ને નાઝીવાદના પ્રતીક તરીકે તેને ગણાવતો. હિટલરના સમયમાં નાઝીવાદના નામે યહૂદીઓ પર અમાનવિય અત્યાચારો થયા તેથી યહૂદીઓમાં હેકેનક્રુઝ માટે નફરત પેદા થઈ ને પછી આખી દુનિયા હેકેનક્રુઝને નફરત કરવા લાગી. સ્વસ્તિક અને હેકેનક્રુઝનો ફરક નહીં સમજનારા સ્વસ્તિકને હિટલર સાથે જોડીને અજ્ઞાનનું પ્રદર્શન કરતા તેમાં સ્વસ્તિક પણ બદનામ થયો.

ટ્રુડો પણ સ્વસ્તિક અને હેકેનક્રુઝ વચ્ચે ભેદ ના સમજતા અજ્ઞાનીઓમાં એક છે કેમ કે એ પણ અંતે તો પશ્ચિમી શિક્ષણની પેદાશ છે. ટ્રુડોનું આ અજ્ઞાન આપણે દૂર કરી શકીએ તેમ નથી કેમ કે કેનેડામાં પહેલાં સ્વસ્તિક પર પ્રતિબંધની માગ પણ થઈ ચૂકી છે કે જેને ટ્રુડોએ ટેકો આપેલો. ૨૦૨૨માં કેનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીએ દ્વેષપૂર્ણ પ્રતીકો પર પ્રતિબંધ માટે કાયદો બનાવવાની તરફેણ કરેલી ને તેમાં સ્વસ્તિક પણ હતું. આ યાદીમાં અમેરિકા અને યુરોપનાં દેશોનાં પ્રતીકો પણ હતાં તેથી એ પસાર ના થયું પણ સ્વસ્તિક વિશે કેનેડામાં કેવી ગેરમાન્યતા છે એ એ વખતે જ છતું થઈ ગયેલું.

ભારતમાં પણ હિંદુઓનો એક વર્ગ સ્વસ્તિક અને હેકેનક્રુઝને એક જ માને છે. ટ્રુડોનું અજ્ઞાન દૂર નહીં થાય પણ આ વર્ગે પોતાનું અજ્ઞાન દૂર કરવાની જરૂર છે. હિટલરની આર્યોની થીયરીને ભારત સાથે કોઈ લેવાદેવા નહોતી એ રીતે હિટલરના હેકેનક્રુઝને પણ ભારતના સ્વસ્તિક સાથે કંઈ લેવાદેવા નથી, સ્વસ્તિક શુભ છે જ્યારે હેકેનક્રુઝ અત્યાચારનું પ્રતીક છે એટલી સાદી સમજ કેળવી લેવી જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર હેમંતઋતુ),

મંગળવાર, તા. ૭-૧૧-૨૦૨૩, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૬, માહે કાર્તિક, શકે ૧૯૪૫
- વિક્રમ સંવત ૨૦૭૯, શા. શકે ૧૯૪૫, આશ્વિન વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૪૯, માહે આશ્વિન, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૪થો તીર, સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૨
- મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૪મો, માહે ૪થો રબીઉલ આખર, સને ૧૪૪૫
- નક્ષત્ર મઘા સાંજે ક. ૧૬-૨૩ સુધી, પછી પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૯ સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૭ સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-ઙ્ઘ
- ભરતી : સવારે ક. ૦૭-૫૨, રાત્રે ક. ૨૦-૫૪
- ઓટઃ બપોરે ક. ૧૪-૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૦ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૯, 'આનંદ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૫, 'શોભન' નામ સંવત્સર, આશ્વિન કૃષ્ણ- દસમી. દસમી વૃદ્ધિ તિથિ છે. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૧૯-૦૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વડ પૂજન, પિતૃપૂજન, શ્રી ગણેશ, સૂર્યનારાયણ પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, બી વાવવું, ખેતીવાડી, મહાલક્ષ્મી પૂજન, જૂનાં અધૂરા કામકાજ પૂર્ણ કરવાના પ્રયત્નો કરવા. સ્ટેજ અને જાહેર કાર્યક્રમો, સંગીત, ગાયન, નાટ્ય સ્પર્ધાઓ, દાન, મદદ, સામાજિક કાર્યો, સંશોધન કાર્યો, સફળ, વિદ્વાનોને પુરસ્કૃત કરવા, સન્માન કરવું.
- આચમનઃ બુધ-નેપ્ચ્યૂન ત્રિકોણ પ્રમાણિક સ્વભાવ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ શેરબજારમાં રોકાણનો અભિગમ.
- ખગોળ જ્યોતિષઃ બુધ-નેપ્ચ્યૂન ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-તુલા, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-મેષ, શુક્ર-કન્યા, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## વર્લ્ડ કપમાં નિરાશાજનક પ્રદર્શન બાદ શ્રીલંકાના ક્રિકેટમાં આવ્યો ભૂકંપ, સરકારે ક્રિકેટ બોર્ડને બરખાસ્ત કર્યું

કોલંબોઃ વર્લ્ડ કપ ૨૦૨૩માં શ્રીલંકાની ક્રિકેટ ટીમનું પ્રદર્શન નિરાશાજનક રહ્યું છે. હાલ શ્રીલંકાની ટીમ પોઈન્ટ ટેબલમાં સાતમા સ્થાને છે. શ્રીલંકા અત્યાર સુધી સાત મેચ રમી છે, જેમાં તેણે માત્ર બે મેચ જીતી છે, જ્યારે પાંચ મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. આ ખરાબ પ્રદર્શન પછી શ્રીલંકાની સરકારે તેના ક્રિકેટ બોર્ડ સામે મોટી કાર્યવાહી કરી છે., શ્રીલંકાની સરકારે તેના ક્રિકેટ બોર્ડને બરતરફ કરી દીધું છે. આ પછી સાત સભ્યોની વચગાળાની સમિતિની રચના કરવામાં આવી છે.

શ્રીલંકાની સરકારે પૂર્વ કેપ્ટન અર્જુન રણતુંગાને સાત સભ્યોની વચગાળાની સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે. તાજેતરમાં જ વર્લ્ડ કપમાં શ્રીલંકન ક્રિકેટ ટીમના ખરાબ પ્રદર્શન બાદ ચાહકોએ ક્રિકેટ બોર્ડની ઓફિસ સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. જે બાદ સોમવારે શ્રીલંકન સરકારના રમતગમત પ્રધાન રોશન રાનાસિંઘેએ બોર્ડને ભંગ કરવાનો આદેશ જાહેર કર્યો હતો. આ ઉપરાંત સાત સભ્યોની વચગાળાની સમિતિની જાહેરાત કરવામાં આવી હતી.

અર્જુન રણતુંગા આ વચગાળાની સમિતિના અધ્યક્ષ હશે. સુપ્રીમ કોર્ટના બે નિવૃત્ત ન્યાયાધીશો ઉપરાંત અન્ય સભ્યોમાં હાઈ કોર્ટના એક નિવૃત્ત ન્યાયાધીશનો સમાવેશ કરવામાં આવ્યો છે. શ્રીલંકા સરકારના રમતગમત પ્રધાન રોશન રાનાસિંઘેએ શ્રીલંકા ક્રિકેટ બોર્ડ પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. આ પહેલા ભારતીય ટીમે એશિયા કપ ફાઇનલમાં શ્રીલંકાને આસાનીથી હરાવ્યું હતું. પરંતુ હવે વર્લ્ડ કપમાં આ ટીમનું ખરાબ પ્રદર્શન યથાવત્ છે. ■

## શ્રીલંકા વર્લ્ડકપની સેમિફાઇનલની રેસમાંથી બહાર થનારી ત્રીજી ટીમ, બંગલાદેશે ત્રણ વિકેટથી હરાવ્યું

નવી દિલ્હીઃ વર્લ્ડકપની ૩૮મી મેચમાં બંગલાદેશે શ્રીલંકાને ત્રણ વિકેટે હરાવ્યું હતું. આ હાર સાથે જ શ્રીલંકાની ટીમ સેમિફાઈનલની રેસમાંથી સત્તાવાર રીતે બહાર થઈ ગઈ છે. નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ ૪૯.૩ ઓવરમાં ૨૭૯ રન કર્યા હતા. બંગલાદેશે સાત વિકેટ ગુમાવીને ૨૮૨ રન કરી મેચ જીતી લીધી હતી.

મેચમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમે ૨૮૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં બંગલાદેશની ટીમે ૭ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. ટીમ માટે નઝમુલ હુસૈન શાંતોએ ૯૦ રનની ઇનિંગ રમી હતી. જ્યારે કેપ્ટન શાકિબ અલ હસને ૮૨ રન કર્યા હતા. શાકિબ અને શાંતોએ મળીને ત્રીજી વિકેટ માટે ૧૪૯ બોલમાં ૧૬૯ રનની ઇનિંગ રમી હતી.

વન-ડે વર્લ્ડ કપમાં બંગલાદેશ અને શ્રીલંકા વચ્ચે અત્યાર સુધીમાં ૪ મેચ રમાઈ છે, જેમાં બંગલાદેશી ટીમે પ્રથમ વખત મેચ જીતી હતી. આ પહેલા ત્રણ મેચ હારી હતી. આ મેચમાં શ્રીલંકા તરફથી ફાસ્ટ બોલર દિલશાન મદુશંકાએ ૩ વિકેટ ઝડપી હતી. જ્યારે મહિષ તિક્ષણા અને એન્જેલો મેથ્યુઝને ૨-૨ સફળતા મળી હતી. ■

## રાજસ્થાનમાં મહિલા મતદારો સુધી પહોંચવાનો ભાજપનો વ્યૂહ

ઉદયપુરઃ રાજસ્થાનમાં કુલ મતદારોમાં મહિલાઓની સંખ્યા લગભગ ૫૦ ટકા હોવાથી મહિલાઓના મત મેળવવા

રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે ભાજપે અન્ય રાજ્યોમાંથી પોતાના મહિલા નેતાઓને એકત્ર કરીને મહિલા મતદારો સુધી પહોંચવાનો વ્યૂહ અપનાવ્યો છે.

મતદારોને આકર્ષવા માટે રાજસ્થાનમાં કોંગ્રેસ તેની મહિલા-કેન્દ્રિત કલ્યાણ યોજનાઓ અને બાંયધરી પર મદાર રાખી રહી છે ત્યારે ભાજપે એનો તોડ કાઢવા રાજ્યનાં મહિલા મોરચા ઉપરાંત, ગુજરાત, ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ, દિલ્હી અને જમ્મુ કાશ્મીરની મહિલા નેતાઓને મોદી સરકારની યોજનાઓ અને કાર્યક્રમોનો પ્રચાર કરવા અને સામાન્ય લોકો સુધી ખાસ કરીને સ્ત્રીઓ સુધી પહોંચવા માટે રાજ્યના વિવિધ મતવિસ્તારોમાં પ્રચાર કરવાની જવાબદારી સોંપી છે.

ચૂંટણી દરમિયાન રાજસ્થાનમાં પાર્ટીના મહિલા એકમના પ્રભારી અને ભાજપ મહિલા મોરચાના રાષ્ટ્રીય મહાસચિવ દીપ્તિ રાવત ભારદ્વાજે કહ્યું કે રાજસ્થાનમાં કુલ મતદારોમાં મહિલાઓની સંખ્યા લગભગ ૫૦ ટકા હોવાથી મહિલાઓના મત ભાજપને જાય તે સુનિશ્ચિત કરવા માટે વ્યૂહરચના બનાવવામાં આવી છે.

રાજસ્થાનની ચૂંટણીમાં વર્તમાન ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, વરિષ્ઠ પદાધિકારીઓ, ડેપ્યુટી મેયર અથવા મેયરને સામેલ કરવામાં આવ્યા છે. અહીં મહિલા મોરચો સક્રિય છે, પરંતુ ચૂંટણીમાં ભારે દબાણ છે, તેથી અન્ય રાજ્યોમાંથી પણ અનુભવી મહિલાઓ આવી છે. તેઓ વિવિધ વિધાનસભા મતવિસ્તારોમાં જઈ રહ્યાં છે. ઘર-ઘર પ્રચાર માટે ટીમો બનાવવામાં આવી છે. ■

## લાગણીઓને કાબૂમાં રાખવી મારી રમતનો મહત્ત્વનો હિસ્સોઃ કોહલી

નવી દિલ્હીઃ વન-ડે ક્રિકેટમાં પોતાની ૪૯મી સદી ફટકારીને મહાન ક્રિકેટર સચિન તેંડુલકરના રેકોર્ડની બરોબરી કરનાર વિરાટ કોહલીએ કહ્યું હતું કે, પોતાની લાગણીઓને કાબૂમાં રાખવી અને શાંત રહેવું એ તેની રમતનો મહત્ત્વનો ભાગ છે.

કોહલીએ રવિવારે કોલકાતામાં સાઉથ આફ્રિકા સામે અણનમ ૧૦૧ રન કરીને સચિન તેંડુલકરના રેકોર્ડની બરાબરી કરી હતી. કોહલીએ સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું હતું કે, હું હંમેશા મારી લાગણીઓ અને સંવેદનાઓને નિયંત્રણમાં રાખવા માંગુ છું. આ મારી રમતનો મહત્ત્વનો ભાગ છે. એટલા માટે હું મેચ પહેલા તેના વિશે જાગૃત રહું છું.

આ ઉપરાંત, મેલબોર્નમાં ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૨માં પાકિસ્તાન સામે ભારતની જીત બાદ સામાન્ય રીતે શાંત રહેતા રોહિત શર્માએ ખુલ્લેઆમ ઉજવણી કરી ત્યારે તેનાથી તે અભિભૂત થઈ ગયો હતો. કોહલીએ કહ્યું, ''હું લાંબા સમયથી રોહિત સાથે રમી રહ્યો છું પરંતુ મેં તેને ક્યારેય આ રીતે ઉજવણી કરતા જોયો નથી.'' તેણે કહ્યું, ''તેનો સામનો કરવા માટે કોઈ ખાસ તૈયારી કરવામાં આવી ન હતી. ■

## કેનેડામાં ભારતીય મૂળના સાંસદે હિન્દુ ધ્વજ લહેરાવ્યો

ઓટાવાઃ ભારતીય મૂળના સાંસદ ચંદ્રશેખર આર્યએ અહીંના પાર્લામેન્ટ હિલમાં દિવાળીની ભવ્ય ઉજવણી કરી હતી. પવિત્ર 'ૐ' પ્રતીક ધરાવતો હિંદુ ધર્મનો ધ્વજ પણ આર્યએ લહેરાવ્યો હતો. આર્યએ એક નિવેદનમાં કહ્યું કે, 'પાર્લામેન્ટ હિલ પર દિવાળીનું આયોજન કરવામાં મને આનંદ થયો હતો. અહીં હિંદુ ધર્મનો ધ્વજ લહેરાવવાની પણ મને તક મળી હતી.'

આર્ય કર્ણાટકના મૂળ વતની છે. ઓટાવા, ગ્રેઈટર ટોરોન્ટો એરિયા, અને મોન્ટ્રિયલ જેવા શહેરોથી ઘણાં ભારતીયો દિવાળીની ઉજવણી માટે આવ્યા હતા તેવું તેમણે કહ્યું હતું.

કેનેડાની કેન્દ્રીય સરકારનું વડું મથક પાર્લામેન્ટ હિલમાં છે. જેમાં કેનેડાના વિવિધ મત વિસ્તારના સાંસદો કાયદાઓ ઘડવા ભેગા થાય છે. આર્યએ કહ્યું કે દિવાળીની ઉજવણીમાં કેનેડાની ૬૭ સંસ્થાઓએ ભાગ લીધો હતો.

કેનેડામાં આ મહિનામાં હિંદુ હેરિટેજ મન્થની ઉજવણી પણ થઈ રહી છે તેવા સમયે દિવાળીનો તહેવાર પણ આવતા અમારી ખુશી બેવડી થઈ છે તેવું આર્યએ કહ્યું હતું. ■

## પાકિસ્તાનમાં ગેરકાયદે રહેતા ૧,૭૦,૦૦૦ અફઘાનિસ્તાનીઓનો દેશનિકાલ

### જેલમાં બંધ કેદીઓને પણ મુક્ત કરી સ્વદેશ પરત મોકલાઈ રહ્યા છે

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન છોડીને વધુ ૬૫૦૦થી વધુ અફઘાન નાગરિકો રવિવારે તોરખામ બોર્ડર મારફત સ્વદેશ પરત ફર્યા હતા. આ સાથે સ્વદેશ પરત ફરેલા અફઘાનીઓની કુલ સંખ્યા ૧,૭૦,૦૦૦થી વધુ થઇ ગઇ હોવાનું સરહદ અધિકારીઓએ જણાવ્યું છે.

પાકિસ્તાન સરકારે તમામ અનરજિસ્ટર્ડ વિદેશી નાગરિકોને એક નવેમ્બર સુધીમાં પાકિસ્તાન છોડી દેવાનું અલ્ટીમેટમ આપ્યું હોવાથી સ્વૈચ્છિક સ્થળાંતર ચાલુ છે. ડોન અખબારે અધિકારીઓને ટાંકીને પ્રસિદ્ધ કરેલા અહેવાલમાં જણાવ્યું છે કે, ૧૭ સપ્ટેમ્બરથી કુલ ૧,૭૪,૩૫૮ અફઘાનિસ્તાન નાગરિકો અફઘાનિસ્તાન જવા રવાના થયા હતા અને સ્વૈચ્છિક સ્વદેશ પરત ફરવાનું હજુ પણ ચાલુ છે. પરંતુ પસાર થતા દિવસો સાથે સંખ્યા ઘટી રહી છે. અફઘાન નાગરિકોની સ્વૈચ્છિક સ્વદેશ પ્રત્યાવર્તન પ્રક્રિયા સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું હતું કે, સમયમર્યાદા સમાપ્ત થયા પછી તરત જ સરહદ ક્રોસિંગ પર મોટી સંખ્યામાં ગેરકાયદેસર ઇમિગ્રેન્ટસ હતા, તે હવે બહાર આવી રહ્યું છે. સત્તાવાર માહિતી અનુસાર રવિવારે મહિલાઓ અને બાળકો સહિત ૬,૫૮૪ અફઘાન પાકિસ્તાનમાંથી બહાર નીકળ્યા હતા.

એક નવેમ્બરના રોજ આશરે ૭,૧૯૫ પરિવારોને સ્વદેશ પરત મોકલવામાં આવ્યા હતા. સ્વૈચ્છિક વતન વાપસી ઉપરાંત નાના ગુનાઓમાં સંડોવણી સબબ જેલમાં બંધ અફઘાન નાગરિકોનો પણ દેશનિકાલ કરવામાં આવી રહ્યો છે. સત્તાવાર આંકડા અનુસાર ખૈબર પખ્તુનખ્વા, પંજાબ અને ઇસ્લામાબાદના ૫૦૦થી વધુ કેદીઓને નવેમ્બર એક થી ચાર દરમિયાન દેશનિકાલ કરવામાં આવ્યા હતા. સત્તાવાર આંકડાઓ અનુસાર ૧૯૪ કેદીઓને પંજાબના વિવિધ જિલ્લાઓમાંથી તોરખામ બોર્ડર ક્રોસિંગ પર વતન પરત મોકલવામાં આવ્યા હતા. ક્વેટા કમિશ્નર હમઝા શફકત સાથે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા પ્રધાને કહ્યું કે ૫૪,૦૦૦થી વધુ અફઘાન તેમના વતન પરત ફર્યા છે. ■

## સુરતમાં ૧૫થી વધુ લૂંટારાઓએ એક કરોડથી વધુની કરી લૂંટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત જિલ્લાના કડોદરા ચાર રસ્તા નજીક આવેલા એક કોપરના ગોડાઉનમાં કામદારોને બંધક બનાવી એક કરોડથી વધુના કોપરના ભંગારની લૂંટ ચલાવી હતી. ૧૫થી વધુ લૂંટારાઓ ટ્રક લઇને આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવીના ફૂટેજ તપાસ માટે લઈ લૂંટારુઓની શોધખોળ હાથ ધરી હતી.

સુરત જિલ્લાના કડોદરા ચાર રસ્તા નજીક એક કોપરનો વ્યવસાય કરતા વેપારીના જીએસટી વિભાગ દ્વારા સિઝ કરાયેલા ગોડાઉનમાં મોઢા પર બુકાની બાંધી ટ્રક લઈ આવેલા આશરે ૧૦થી ૧૫ જેટલા લૂંટારુઓ આશરે એક કરોડથી વધુની કિંમતના ૧૭થી ૧૮ ટન જેટલા કોપર વાયરની લૂંટ કરી ફરાર થઇ ગયા હતા. ૪૦ દિવસ પહેલા પડેલી જીએસટી વિભાગની રેડ બાદ આ ગોડાઉન જીએસટી વિભાગ દ્વારા સિઝ કરવામાં આવ્યું હતું. જેને લઈ ગોડાઉન પર ૧૩૦ ટન જેટલો કોપરનો જથ્થો હતો. મોડી રાત્રે હથિયાર સાથે આવેલા લૂંટારુઓ ગોડાઉનમાં ૩ વોચમન અને કામદારોને પરિવાર સાથે બંધક બનાવી લૂંટ કરી ફરાર થઇ ગયા હતા. હાઇ-વે પર લાગેલા એક સીસીટીવી કેમેરામાં આ લૂંટ કરી સામાન લઈ જતી ટ્રક દેખાતી હતી. પોલીસ જિલ્લા એલસીબી એસઓજી સહિતની ટીમો લૂંટારાઓને ઝડપી પાડવા કામે લાગી ગઈ હતી. ■

## દિલ્હીમાં અગ્નિશમન દળે સૌથી પ્રદૂષિત ૧૩ સ્થળે પાણી છાંટવાનું શરૂ કર્યું

નવી દિલ્હીઃ દિલ્હીમાં પ્રદૂષણને અંકુશમાં લેવા અગ્નિશમન દળે સૌથી પ્રદૂષિત ૧૩ સ્થળે પાણી છાંટવાનું શરૂ કર્યું હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું. દિલ્હીમાં સૌથી પ્રદૂષિત તરીકે ઓળખી કાઢવામાં આવેલા સ્થળોમાં નરેલા, બાવાના, મુંડકા, વઝિરપુર, રોહિણી, આર કે પુરમ, ઓખલા, જહાંગીરપુરી, આનંદવિહાર, પંજાબી બાગ, માયાપુરી અને દ્વારકાનો સમાવેશ થતો હોવાનું ડીએફએસ ડિરેક્ટર અતુલ ગર્ગે કહ્યું હતું. આ વિસ્તારમાં પીએમ-૧૦ અને પીએમ-ટૂની વાર્ષિક સરેરાશ ઘનતાને આધારે આ સ્થળોને ઓળખી કાઢવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

આ વિસ્તારમાં પાણી છાંટવાને કારણે હવામાં ધૂળની રજકણો ઓછી કરવામાં મદદ થશે, એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે અગ્નિશમન દળના ૧૩ બંબાને રવિવારથી આ કામમાં જોતરવામાં આવ્યા છે. સેન્ટ્રલ પોલ્યૂશન કંટ્રોલ બૉર્ડ દ્વારા દરરોજ સાંજે ચાર વાગે ૨૪ કલાકની સરેરાશ ઍર ક્વાલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઈ)ની નોંધણી કરવામાં આવે છે. એક્યૂઆઈનું પ્રમાણ શનિવારના ૪૧૫થી વધીને રવિવારે ૪૫૪ થઈ જતાં પરિસ્થિતિ વણસી હતી જેને પગલે કેન્દ્ર સરકારને તાકીદનાં પગલાં લેવાની ફરજ પડી હતી.

દિલ્હીમાં સોમવારે સાંજે એક્યૂઆઈનું પ્રમાણ ૪૨૩ નોંધાયું હતું.

અગાઉ, દિલ્હીમાં પ્રદૂષણના પ્રમાણમાં થઈ રહેલા વધારાથી ચિંતિત બનેલી કેન્દ્ર સરકારે પ્રદૂષણ ફેલાવતી ટ્રક અને કમર્શિયલ વાહનોના પ્રવેશ પર તેમ જ દિલ્હી એનસીઆરમાં ચાલતા બાંધકામના કામ પર પ્રતિબંધ મૂકવાનો રવિવારે આદેશ આપ્યો હતો. પ્રદૂષણ રોકવાની કેન્દ્ર સરકારની યોજનાના છેવટના પ્રયાસના ભાગરૂપ સરકારે આ પગલું લીધું હતું.

દિલ્હીમાં હવાની ગુણવત્તાનો ઈન્ડેક્સ ૪૫૦ને પાર કરે તેના ત્રણ દિવસ અગાઉ જ આ પગલાંની જાહેરાત કરવામાં આવી હતી.

જોકે, આ વખતે નિર્ણયનો આગોતરો અમલ કરવાનું શક્ય બન્યું નહોતું.

આ વિસ્તારમાં પ્રદૂષણને અંકુશમાં લેવા વ્યૂહ ઘડી કાઢવા માટે જવાબદાર સંસ્થા કમિશન ફૉર ઍર ક્વૉલિટી મૅનેજમેન્ટ (સીએક્યૂએમ)એ પચાસ ટકા જેટલા સરકારી તેમ જ બિનસરકારી કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ સહિતના આ નિર્ણયનો તાકીદે અમલ કરવા દિલ્હી અને એનસીઆરને જણાવી દીધું છે. (એજન્સી) ■

## ઉ.પ્ર. એટીએસ દ્વારા અલીગઢમાંથી આઇએસઆઇએસના બે આતંકવાદીઓની ધરપકડ

લખનઊઃ ઉત્તર પ્રદેશ એટીએસએ અલીગઢમાંથી આઇએસઆઇએસ સાથે સંકળાયેલા બે સ્વ-કટ્ટરવાદી આતંકવાદીઓની ધરપકડ કરી છે અને તેમની પાસેથી પ્રતિબંધિત સાહિત્ય જપ્ત કર્યું છે. એટીએસને બાતમી મળી હતી કે આઇએસઆઇએસથી પ્રભાવિત કેટલાક કટ્ટરપંથી લોકો રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓમાં સામેલ હતા અને તેમના આકાઓના ઇશારે સમાન વિચારધારાવાળા લોકોના જેહાદી જૂથની રચના કરી રહ્યા હતા.

અધિક પોલીસ મહાનિર્દેશક એટીએસ મોહિત અગ્રવાલે જણાવ્યું હતું કે, તેઓ તેમના હેન્ડલર્સના નિર્દેશ પર ઉત્તર પ્રદેશમાં મોટો હુમલો કરવાની યોજના બનાવી રહ્યા હતા. વિગતવાર તપાસ બાદ અબ્દુલ્લા અરસલાન અને માઝ બિન તારિકની અલીગઢમાંથી અલગ-અલગ જગ્યાએથી ધરપકડ કરવામાં આવી હતી. અરસલાન પાસેથી મોબાઇલ ફોન, પેન ડ્રાઇવ અને પ્રતિબંધિત આઇએસઆઇએસ સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું હતું અને તારિક પાસેથી આઇફોન અને એન્ડ્રોઇડ ફોન જપ્ત કરવામાં આવ્યા હતા. ■

ગુજરાતમાં વર્લ્ડકપની મેચ પર ઓનલાઇન સટ્ટાનું રેકેટ

# ₹ ૨.૧૫ કરોડ આઇડી બેલેન્સવાળો બુકી ઝબ્બે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં વર્લ્ડકપની મેચ પર ઓનલાઇન સટ્ટાના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો સીઆઇડી ક્રાઇમની ટીમે મોટાવરાછામાં વીઆઇપી સર્કલ પાસે આવેલા પાનના ગલ્લા પર દરોડા પાડી બુકીને પકડી પાડ્યો હતો. જેના બંને મોબાઇલ ચેક કરતા વિવિધ એપમાં રૂ. ૨.૧૫ કરોડની ક્રેડિટ લિમિટ કહો કે બેલેન્સ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પોલીસ સુપર આઇડી ધારક નામચીન બુકી કાના સુદામા અને ભાવનગરના સોહેલ હિંગોરાને વોન્ટેડ જાહેર કરાયા હતા.

ગાંધીનગર સીઆઇડી ક્રાઇમના સીઆઇ સેલની ટીમને બાતમી મળી હતી કે, સુરતના મોટાવરાછામાં વીઆઇપી સર્કલ પાસે એક પાનના ગલ્લા પર હરેશ મકવાણા વર્લ્ડકપની મેચ પર મોબાઇલ એપ પર પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની મેચ પર પોતાના આઇડી નીચે સુપર માસ્ટર તરીકેની આઇડી આપી ઓનલાઇન સટ્ટો રમાડે છે. જેના આધારે સાયબર ક્રાઇમની ટીમે દરોડા પાડી હરેશ મકવાણા (રહે- માધવપાર્ક, ઉત્રાણ રેલવે સ્ટેશન પાસે)ને પકડી પાડ્યો હતો. તેના મોબાઇલ ચેક કરતા એપ ખુલ્લી જણાઇ આવી હતી. જેના પર લાઇવ મેચના હાર-જીતના ભાવ લખાયેલા પણ નજરે પડ્યા હતા. પોલીસે આ ક્રિકેટ સટ્ટા પર વલણ ક્યાં કપાવે છે તે પૂછતા હરેશે કિશન ઉર્ફે કાના સુદામાનું નામ આપ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે એપ કાના સુદામાએ સોહેલે હિંગોળા પાસેથી મેળવી હોવાનું જણાવ્યું હતું. તપાસ કરતા એડમિનમાં ૩૧ ગ્રાહકો હોવાનું ખુલ્યું હતુ. સાથોસાથ એપ પર લિસ્ટ ઓફ ક્લાયન્ટ્સ પર ક્લિક કરતા નવ માસ્ટર આઇડીની વિગતો બહાર આવી હતી. જે તમામની વિવિધ બેલેન્સ ચેક કરતા રૂ. ૨.૧૫ કરોડની આઇડી બેલેન્સ કહો કે ક્રેડિટ લિમિટ મેળવી હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

## અમદાવાદમાં પતિએ છરીના ઘા ઝીંકી પત્નીની કરી હત્યા

અમદાવાદઃ શહેરના રામોલ વિસ્તારની શાલીમારની ચાલીમાં મહિલાની તિક્ષ્ણ હથિયારથી હત્યા નિપજાવી પતિ ફરાર થઇ ગયો હતો. પોલીસે ગુનો નોધી આરોપી પતિની શોધખોળ હાથ ધરી હતી. મૃતક કેશરબાનુના અહેજાઝ ખાન સાથે ૧૫ વર્ષ પહેલા લગ્ન થયા હતા અને ચાર સંતાન છે અને છેલ્લા બે વર્ષથી શાલીમારની ચાલીમાં રહેવા માટે આવ્યા હતા. અહેજાઝ નાની-નાની વાતમાં કેશરબાનુ સાથે બોલાચાલી અને મારઝૂડ કરતો હતો. કેશરબાનુને પતિએ છરીના અનેક ઘા માર્યા હતા. તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

# રાજ્ય સરકારને વીજશુલ્કમાંથી ત્રણ વર્ષમાં ₹ ૨૨ હજાર કરોડથી વધુની આવક થઈ

અમદાવાદઃ ગુજરાત સરકારને ઉદ્યોગો અને ઘરવપરાશ થકી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૨-૨૩ દરમિયાન વીજશુલ્ક પેટે રૂ. ૨૨૪૫૨ કરોડની આવક થઇ છે. આ સમયગાળા દરમિયાન ઘરવપરાશ થકી વીજશુલ્ક પેટે સરકારને ૪૦૮૦ કરોડની આવક થઇ હતી જ્યારે તેનાથી સાડા ચાર ગણી આવક રૂ. ૧૮૩૭૧ કરોડ ઉદ્યોગો થકી સરકારને થઇ છે. સુરતમાંથી સૌથી વધુ ૪૯૩૫ કરોડ અને સૌથી ઓછા ડાંગમાંથી રૂ. ત્રણ કરોડ વીજશુલ્ક પેટે સરકારી તિજોરીમાં જમા થયા હતાં.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧થી ૨૦૨૨-૨૩ દરમિયાન આ ત્રણ વર્ષ દરમિયાન સરકારને વીજશુલ્કથી થતી આવકમાં ૪૨ ટકાનો વધારો થયો છે. ત્રણ વર્ષ દરમિયાન કુલ ૨૨ હજાર કરોડ વીજ શુલ્ક આવકમાંથી ૮૨ ટકા એટલે કે ૧૮ હજાર કરોડથી વધુ આવક ઉદ્યોગો થકી સરકારને થઇ હતી. જ્યારે ઘરવપરાશ થકી રૂ. ચાર હજાર કરોડથી વધુ સરકારી તિજોરીમાં ગયા હતા. ઉદ્યોગોમાંથી વીજ શુલ્ક આવકમાં ૨૦૨૨-૨૩માં ૪૮ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે આ ત્રણ વર્ષમાં ઘરવપરાશથી થતી આવકમાં ૧૮ ટકાનો ઉછાળો આવ્યો હતો. સામાજિક - આર્થિક સમીક્ષા મુજબ, રાજ્યમાં સૌથી વધુ ૫૭.૯૧ ટકા વીજ વપરાશ ઇન્ડસ્ટ્રિયલ અને કોમર્શિયલ ક્ષેત્રે થાય છે. કૃષિ ક્ષેત્રે ૨૦.૫૫ ટકા, જ્યારે ૧૭.૩૭ ટકા વીજળી ઘરગથ્થુ વપરાશમાં ખર્ચાય છે. જાહેર લાઇટો અને વોટર વર્ક્સ માટે ૨.૭૦ ટકા અને અન્ય કામોમાં ૧.૪૭ ટકા વીજવપરાશ થાય છે. કુલ વીજઉત્પાદનમાં રાજ્ય વીજ કોર્પોરેશન-જીઇબી મળી ૨૦૫૪૫ મિલિયન યુનિટ્સ ઉત્પન્ન કરે છે, જે કુલ ઉત્પાદનના ૧૭ ટકા છે. રાજ્યની માલિકીના સ્વતંત્ર વીજ ઉત્પાદકો ૫૯૭૬ મિલિયન યુનિટ્સ (૪.૯ ટકા), જ્યારે ખાનગી વીજ ઉત્પાદકો ૬૨૦૧૮ મિલિયન યુનિટ્સ (૫૧ ટકા ) વીજળી પેદા કરે છે.

પાટણમાં એલસીબીના દરોડા

# દારૂની મહેફિલ માણતા પોલીસ કર્મચારી સહિત પાંચ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણ શહેરની એક હોટલમાં દારૂની મહેફિલ માણતા પોલીસ કર્મચારી સહિત પાંચ લોકો ઝડપાયા હતા. એલસીબી પોલીસે સુદામા ચોકડી પાસે આવેલા એક કોમ્પ્લેક્સના બીજા માળે ચાલતી હોટેલમાં ઓચિંતી રેડ કરી પાંચેયને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ પાટણ શહેરના હારીજ ચાણસ્મા રોડ ઉપર આવેલી એક હોટલમાં કેટલાક શખ્સો દારૂ ઢિંચતા હોવાની એલસીબીને બાતમી મળી હતી. જ્યાં મધરાત્રે પાટણ એલસીબી પોલીસે રેડ કરતાં દારૂની મહેફિલ માણતા નબીરાઓમાં દોડધામ મચી હતી. પોલીસે કાંકરેજ અને મહેસાણાનાં ચાર મિત્રો સાથે પાટણના એક પોલીસ કર્મીને દારૂની મહેફિલ માણતાં પકડી પાડ્યા હતા. પોલીસ પૂછપરછમાં તેમની ઓળખ ઈશ્વરસિંહ રાજપૂત, સાહિલ રાવત, દિલીપ ચૌધરી, જયદિપ પંચાલ તથા ગોસ્વામી કૃષ્ણપુરી ભાસ્કરપુરી જેની ઓળખ પાટણ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એએસઆઈ તરીકે અપાઇ હતી. પોલીસે પાંચેય શખ્સોને દારૂ પીધેલી હાલતમાં ઝડપી વધુ તપાસ હાથ ધરી હતી.

## ગુજરાતમાં ૪૫૦૦ તલાટી, જુનિયર ક્લાર્ક, ઇંગ્લિશ સ્ટેનોગ્રાફરોને નિમણૂકપત્ર અપાયા

અમદાવાદઃ ગુજરાતમાં તલાટી કમ મંત્રી અને જુનિયર ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારોની આતુરતાનો આખરે અંત આવ્યો હતો. ગાંધીનગરમાં તલાટી કમ મંત્રી અને જૂનિયર ક્લાર્કને નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. સોમવારે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ઉમેદવારોને નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. જેમાં પંચાયત સેવાના ૩૦૧૪ તલાટી કમ મંત્રીને અને ૯૯૮ જૂનિયર ક્લાર્કને નિમણુક પત્ર અપાયા હતા. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે નિમણૂકપત્ર એનાયત કરાયા હતા. તલાટી, જુનિયર ક્લાર્ક ઇંગલિશ સ્ટેનોગ્રાફર સહિત આશરે ૪૫૦૦ ઉમેદવારને નિમણુક પત્ર અપાયા હતા. સાથે જ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નિમણૂકપત્ર લેનાર ઉમેદવારો માટે પીએમ મોદી દ્વારા અપાયેલા સંદેશ વાંચીને સંભળાવ્યો હતો. મુખ્ય પ્રધાને ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલના વખાણ કર્યા હતા.

# ગુજરાતમાં નકલી અધિકારીઓનો રાફડોઃ સુરત અને ગાંધીનગરથી પકડાયા નકલી સાહેબો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બનાવટી ઘી, માખણ, પનીર, તેલ, માવો , આખે આખી સરકારી કચેરી જ નકલી હોય ત્યાં નકલી સરકારી અધિકારીઓ તો ખુલ્લેઆમ ફરતા હોય છે. રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી નકલી સરકારી અધિકારીઓ પકડાઈ રહ્યા છે. આ નકલી અધિકારીઓ મહાઠગ બનીને લોકોને છેતરી રહ્યા છે. રાજ્યમાં ૨૪ કલાકના ગાળામાં જ બે નકલી અધિકારીઓ પકડાયા હતા. ગાંધીનગરમાંથી નકલી એફસીઆઈનો ડાયરેક્ટર પકડાયો હતો. તો સુરતમાં ડુપ્લિકેટ આઈપીએસ અધિકારી પકડાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરમાંથી નકલી એફસીઆઈનો ડાયરેક્ટર પકડાયો હતો. એફસીઆઈ ડાયરેક્ટરની ઓળખ આપતા જમાદાર પુણ્યદેવ રાયની ધરપકડ કરાઈ હતી. પુણ્યદેવ રાય ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરીનું વિઝિટિંગ કાર્ડ બતાવી રોફ જમાવતો હતો. પોલીસ ભવનમાં સિનિયર આઈપીએસ અધિકારીને વિઝિટિંગ કાર્ડ આપી કાર્યક્રમનું આમંત્રણ આપવા પહોંચ્યો હતો, પરંતુ આઈપીએસ અધિકારીને શંકા જતા તેણે તપાસ કરાવી હતી, જેથી આ નકલી અધિકારીનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે જમાદાર પુણ્યદેવ રાય સામે ખોટા રાજ્ય સેવકનો ઢોંગ કરવા બદલ ગુનો નોંધ્યો હતો. દરમિયાન સુરત શહેરના ઉધના વિસ્તારના પોલીસે ડુપ્લિકેટ આઇપીએસ અધિકારી ઝડપી પાડ્યો હતો. સંચા ખાતામાં કામ કરતો શખ્સ આઇપીએસની વર્દી પહેરી ફરતો હતો. જે અંગેની જાણ સુરત પોલીસને થતા પોલીસે મોહમ્મદ શરમાઝ નામનાં શખ્સની ધરપકડ કરી હતી. જે ચાર રસ્તા પર વાહનોને પકડી મેમો આપતો હતો. એટલું જ નહિ, તેની પાસેથી વોકી ટોકી સહિતના સાધનો કબ્જે કરાયા હતા. પોલીસે તેની અટકાયત કરી તેની પૂછપરછ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતુ કે, આરોપી મોહમ્મદ શર્માઝ મૂળ બિહારનો વતની છે અને હાલ સુરતના ઉધના વિસ્તારમાં રહે છે. રાજ્યમાં નકલી અધિકારીઓનો રાફડો ફાટ્યો છે. રાજ્યમાં મન ફાવે તેમ લોકો અધિકારીઓ બનીને લોકો સાથે છેતરપીંડી કરી રહ્યા છે. કિરણ પટેલથી શરૂ થયેલો સિલસિલો હજી અટક્યો નથી. તાજેતરમાં જ ગુજરાતમાંથી આખેઆખી નકલી સરકારી કચેરી જ ઝડપાઈ હતી. જે તંત્રની કામગીરી પર મોટા સવાલો પેદા કરે છે.

# ગુજરાતનું ગૌરવઃ એનઆઈડીના પૂર્વ ડિરેક્ટર બન્યા વર્લ્ડ ડિઝાઇન ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં જ જાપાનના ટોકિયોમાં વર્લ્ડ ડિઝાઇન ઓર્ગેનાઈઝેશનની બેઠક યોજાઈ હતી. વિશ્વના ૪૦ દેશો તેના સભ્ય છે અને આ સંસ્થા સમગ્ર વિશ્વમાં ડિઝાઇન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને અન્ય કામગીરી પણ કરી રહી છે. એનઆઈડી અમદાવાદના ભૂતપૂર્વ ડિરેક્ટર પ્રદ્યુમ્ન વ્યાસ ૫૮ ટકા મતો સાથે ડબલ્યુડીઓના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તેઓ વર્ષ ૨૦૨૩-૨૫ માટે પ્રેસિડેન્ટ ઇલેક્ટ તરીકે સેવા આપશે અને બાદમાં વર્ષ ૨૦૨૫-૨૭ માટે પ્રેસિડેન્ટ રહેશે. ડબલ્યુડીઓમાં પ્રેસિડેન્ટ ઇલેક્ટની ચૂંટણી કરવામાં આવે છે, જ્યારે તે જ વ્યક્તિ બે વર્ષ પછી આપમેળે પ્રમુખ બને છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદમાં આવેલી નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન એ ડિઝાઇન ક્ષેત્રે ભારતની સૌથી મોટી સંસ્થા છે. પ્રદ્યુમ્ન વ્યાસે તેને નંબર વન સ્થાને લઈ જવામાં મોટી ભૂમિકા ભજવી હતી. વ્યાસ ૨૦૧૯ સુધી એનઆઈડી અમદાવાદના ડાયરેક્ટર હતા. હાલમાં તેઓ સીઆઈઆઈના વરિષ્ઠ સલાહકાર તરીકે કામ કરી રહ્યા છે. તેમના કાર્યકાળ દરમિયાન એનઆઈડીને ઈન્સ્ટિટ્યૂટ ઓફ નેશનલ ઈમ્પોર્ટન્સનો દરજ્જો પણ મળ્યો હતો. તે સમયે તેમણે ઈન્ડિયા ડિઝાઇન કાઉન્સિલના સભ્ય સચિવ તરીકે પણ દસ વર્ષ સુધી કામ કર્યું હતું. તેમના કાર્યકાળમાં ચાર નવી એનઆઈડી પણ શરૂ કરવામાં આવી હતી. મધ્ય પ્રદેશના ઝાબુઆ અને ધાર જિલ્લાની આદિવાસી શાળાઓમાં પ્રાથમિક શિક્ષણથી શરૂ કરીને, પ્રદ્યુમ્ન વ્યાસ આઈઆઈટી મુંબઈ પહોંચ્યા અને ડિઝાઇનમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી વર્ષ ૨૦૧૯માં, તેમને ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડીઝાઇન પ્રમોશન દ્વારા જાપાનના સારા ડિઝાઇન ફેલોથી નવાજવામાં આવ્યા અને જાપાનનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

## સુરત જીએસઆરટીસી વિભાગ દ્વારા ૨૦ બસનું લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત એસટી વિભાગે દિવાળીના સમયે એક્સ્ટ્રા ૨૨૦૦ જેટલી બસો ફાળવી છે. રાજ્યના વાહન વ્યવહાર પ્રધાન હર્ષ સંઘવીએ લીલી ઝંડી આપી ૨૦ જેટલી નવી બસનું લોકાર્પણ કર્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરત એસટી વિભાગ દ્વારા દિવાળીને લઈ એક્સ્ટ્રા બસોનું અલગથી સંચાલન કરી આયોજન કરવામાં આવ્યું છે. તેથી સુરત એસટી વિભાગ દ્વારા નવીન બસોનું લોકાર્પણ સમયાંતરે કરવામાં આવી રહ્યું છે. અગાઉ ૪૦ જેટલી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# આણંદમાં એક્ટિવાને કારે ફૂટબોલની જેમ ઉછાળ્યુંઃ બેનાં મોત, હૉસ્પિટલમાં બેની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદમાં પિતા-પુત્રી એક્ટિવા પર જઇ રહ્યાં હતાં ત્યારે બોરસદ તાલુકાના શરણાઇ કુઇ પાસે પૂરપાટ ઝડપે આવતી કારે એક્ટિવાને ભયંકર ટક્કર મારતાં એક્ટિવાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને તેના પર સવાર પિતા-પુત્રી ફૂટબોલની જેમ હવામાં ફંગોળાયાં હતાં. બનાવમાં ગંભીર રીતે ઘાયલ ૫ વર્ષીય પુત્રી અને પિતાના સ્થળ પર જ મોત નીપજ્યાં હતા. જ્યારે માતાને ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે બોરસદ રૂરલ પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર, આણંદના બોરસદ તાલુકાના દાવોલ ગામના રહેવાસી નિશાબેનના લગ્ન ઝારોલના કિરણભાઈ જાદવ સાથે થયા હતા. રવિવારે સવારે કિરણભાઇ પત્ની નિશાબેન અને બન્ને દીકરીઓ જીયા અને દેવાંશી સાથે એક્ટિવા પર જઇ રહ્યાં હતાં. તેઓ શરણાઇ કુઇ પ્રાથમિક સ્કૂલ પાસે પહોંચ્યા હતા, ત્યારે સામેથી એક પૂરપાટ ઝડપે આવતી કારે તેમના એક્ટિવાને ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયંકર હતી કે કિરણભાઈ, નિશાબેન અને બન્ને દીકરીઓ હવામાં ફંગોળાયાં હતાં. જ્યારે કાર રોડની સાઇડમાં ઊતરી ગઇ હતી. અકસ્માતની સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઇ હતી.

અકસ્માતમાં ગંભીર ઇજા પહોંચતા ૫ વર્ષીય જીયાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવ સમયે ત્યાંથી પસાર થઇ રહેલા રાહદારીઓએ અકસ્માત અંગે પોલીસ અને ૧૦૮ની ટીમને જાણ કરી હતી. ગંભીર રીતે ઘવાયેલા કિરણભાઈ, તેમના પત્ની નિશાબેન અને અન્ય પુત્રી દેવાંશીને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં સારવાર દરમિયાન કિરણભાઈનું પણ મોત નીપજ્યું હતું. જ્યારે માતા-પુત્રીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.અકસ્માત અંગે નિશાબેનના ભાઈ દ્વારા બોરસદ રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## રિવરફ્રન્ટ ખાતે ડ્રોન શૉમાં એકસાથે ૧૦૦ ડ્રોન આકાશમાં ઉડાડી લોકોનું મનોરંજન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત ડ્રોન હરીફાઈમાં ભાગ લેનાર ૨૦થી વધુ ડ્રોન પાયલોટે ભાગ લીધો હતો અને એકસાથે ૧૦૦ ડ્રોન આકાશમાં ઉડાડવામાં આવ્યા હતા અને લોકોનું મનોરંજન કરાયું હતું. ડ્રોન શૉમાં ગુજરાતના ઉદ્યોગ પ્રધાન બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પ્રધાન બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે ૨૧મી સદીમાં ડ્રોનથી માનવીના ઘણા કાર્યો સરળતાથી થઈ શકશે સાથે જ તેમણે ઉદાહરણ આપતા સમજાવ્યું હતું કે ખેડૂતોને તેમના ખેતરોમાં દવાનો છંટકાવ કરવો એટલે કે એક એકર જમીનમાં ૧૦ લિટર સુધી દવાનો છંટકાવ માત્ર ગણતરીની મિનિટોમાં કરી શકાય છે અને ફિલ્મ કે અન્ય કોઈપણ ક્ષેત્રે ડ્રોન આજે આપણને ઉપયોગી નીવડી રહ્યાં છે.તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગુજરાતના ઉદ્દયન તેમ જ શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા પણ વિદ્યાર્થીઓને ડ્રોન ક્ષેત્રે કાર્યરત કરવા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે, અને આવનારા સમયમાં ડ્રોન ક્ષેત્રે વિદ્યાર્થીઓ જોડાય તેમ જ રોજગારીની તકો ઉભી થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે. તેમણે ડ્રોન સ્ટોલની મુલાકાત લઈ માહિતી મેળવી હતી અને કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને માટે ડ્રોન ક્ષેત્રે ઉજ્જવળ કારકિર્દી કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. પ્રધાન દ્વારા ડ્રોન શૉનાં વિજેતા પાયલોટને એવોર્ડ પણ એનાયત કરાયા હતા. આ સાથે જ તેમણે આઇ.આઇ.ટી. ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમને પણ નિહાળ્યો હતો.

## સુરતમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા સ્વદેશી મિસાઈલ ડિસ્ટ્રોયર શિપ 'સુરત'નું અનાવરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુરત શહેરમાં મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નેવી ચીફ એડમિરલ આર હરિ કુમાર દ્વારા ભારતીય નૌકાદળના લેટેસ્ટ 'સુરત'ને રક્ષા પ્રધાન રાજનાથ સિંહે ૧૭ માર્ચ ૨૦૨૨ના રોજ મુંબઈમાં લોન્ચ કર્યું હતું.

ભારતીય નૌકાદળના પ્રવક્તા કમાન્ડર વિવેક માધવાલે જણાવ્યું હતું કે, ભારતીય નૌકાદળનું આ પહેલું યુદ્ધ જહાજ છે જેનું નામ ગુજરાતના કોઈ શહેર પર રાખવામાં આવ્યું છે અને તે પણ પહેલીવાર છે કે યુદ્ધ જહાજના ક્રેસ્ટનું અનાવરણ તે જ શહેરમાં કરવામાં આવી રહ્યું છે જેના નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું છે.

લેટેસ્ટ ફ્રન્ટલાઈન વોરશિપ પ્રોજેક્ટ્સ હેઠળ પ્રોજેક્ટ ૧૫બી પ્રોગ્રામમાં ચાર નેક્સ્ટ જનરેશન સ્ટેલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયરનું નિર્માણ સામેલ છે, જેમાંથી સુરત ચોથું અને છેલ્લું જહાજ છે. હાલમાં આ મુંબઈના મઝગાંવ ડોક્સ શિપબિલ્ડર્સ લિમિટેડમાં નિર્માણાધીન છે.

## ગુજરાતના બે પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને સુરેશ મહેતાની કારોને નડ્યાં અકસ્માત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના બે પૂર્વ મુખ્ય પ્રધાનોની કારોને સોમવારે અકસ્માત નડ્યાં હતા. પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીના કાફલાનું પાઈલોટિંગ કરતી કારને અકસ્માત નડ્યો હતો. તો બીજી બાજુ પૂર્વ મુખ્ય પ્રધાન સુરેશ મહેતાની કારનો હળવદમાં અકસ્માત સર્જાયો હતો. પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર પૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી રાજકોટથી અમદાવાદ આવી રહ્યા હતા તે દરમિયાન તેમની પાલોટિંગ ગાડી સાથે બાઈક અથડાતાં પ્રભુભાઈ ઠાકરશીભાઈ કોળી પટેલ (ઉં.વ.૭૦) ને પગના તેમ જ માથાના ભાગે ઈજા થઈ હતી. અકસ્માત બાદ વિજય રૂપાણી જાતે જ ઈજાગ્રસ્ત વડીલ પ્રભુભાઈને લીંબડી સરકારી હોસ્પિટલમાં દાખલ કરાવવા ગયા હતા. અને ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર મળે તેવા પ્રયાસો કર્યા હતા.

દરમિયાન પુર્વ મુખ્ય પ્રધાન સુરેશ મહેતા કારમા સવાર હતા. ગાંધીનગરથી માંડવી જતી વખતે હળવદ સરા ચોકડી ખાતે અકસ્માત સર્જાયો હતો. પૂર્વ મુખ્ય પ્રધાન સુરેશ મહેતાની કારને સામાન્ય નુકસાન થયું હોવાનું જાણવા મળ્યુ હતું. જોકે બનાવમાં કોઇને ઇજા થઇ નથી. કાર ટ્રક સાથે અથડાઇ હતી. પોલીસે ઘટનાસ્થળે દોડી આવી હાઈવે પરનો ટ્રાફિકજામ ક્લિયર કર્યો હતો.

## જામનગરમાં ફરજ બજાવતા નેવીના જવાને ગોળી મારીને કરી આત્મહત્યા

અમદાવાદઃ જામનગર ખાતે નૌકાદળના આઈએનએસ વાલસુરામાં ફરજ બજાવતા કર્મચારીએ પોતાના ડ્યુટી સ્ટેશન પર પોતાની સર્વિસ રિવોલ્વર વડે પેટમાં ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરના આર્મી નેવી બેઝ પર આ ઘટના બની હતી. આઈએનએસ વાલસુરામાં ફરજ બજાવતા મૂળ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના ઈકબાલ મોહમ્મદ ખાન કાયમખા(ઉં.વ.૪૭) એરિયા વોચ ટાવર નાઈન ખાતે પોતાની ફરજ પર હતા તે દરમિયાન ગોળીબારનો અવાજ સંભળાયો હતો. જેની સાથે અન્ય સૈનિકો ત્યાં પહોંચી ગયા હતા. જ્યાં ઇકબાલ કયામ ખાનીને પેટમાં ગોળી વાગી હતી અને તે લોહીલુહાણ થઇ ગયો હતો. જોકે, સારવાર મળે તે પહેલા જ યુવકનું મોત નીપજ્યું હતું. તેણે પોતાની જ આઈએનએસએ સર્વિસ રિવોલ્વરથી છાતીમાં ગોળી મારીને આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે મૃતદેહ પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી.

## ગુજરાતમાં ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાના પ્રશ્નપત્રમાં ફેરફાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડના વિદ્યાર્થીઓ માટે આગામી માર્ચ ૨૦૨૪માં લેવાનારી પરીક્ષાને લઈને નવા પ્રશ્નપત્રના માળખા તૈયાર કરવા માટે થઈને નિષ્ણાત શિક્ષકોની ટીમ કામે લગાડવામાં આવી છે. દિવાળીના વેકેશન બાદ આ પ્રશ્ન બૅન્કની નકલ વિદ્યાર્થીઓને મળી રહે તેવું આયોજન કરાયું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૪માં લેવામાં આવનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ પરીક્ષાના પ્રશ્નપત્રના પરિરૂપ તૈયાર કરવા માટે ૧૫૦ જેટલા શિક્ષકોની ટીમને કામે લગાડવામાં આવી છે. પરીક્ષાને આડે ગણતરીના પાંચ મહિના બાકી છે ત્યારે વિદ્યાર્થીઓ નવા પ્રશ્નો પરિરૂપ ઉપર પ્રેક્ટિસ મળી રહે તે માટે શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા શિક્ષકો પાસે પ્રશ્ન બૅન્ક તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે લેવામાં આવતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં થોડા માર્ક માટે નાપાસ થતા વિદ્યાર્થીઓ પાસ થઈ શકે તે માટે બોર્ડની પરીક્ષાનું માળખું સરળ કરવામાં આવ્યું છે. જેમાં બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષા વર્ણાત્મક પ્રશ્નોમાં જનરલ વિકલ્પ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં હેતુલક્ષી પ્રશ્નોનું વેઇટેજ ૨૦ ટકાથી વધારીને ૩૦ ટકા કરવામાં આવ્યું છે.

## સુરતમાં પૂરપાટ ઝડપે કાર પોલીસ જવાન પર ચઢાવી દીધી

અમદાવાદઃ સુરત શહેરમાં પોલીસ રાત્રે વાહન ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન લોકરક્ષક દળના જવાને એક કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે કાર ચાલકે બ્રેક મારવાને બદલે પોલીસને આશરે ૩૦૦ મીટર જેટલો ઢસડ્યો હતો. પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતમાં પોલીસના જવાનો વાહનોનું ચેકિંગ કરવા માટે ઊભા હતા. તે દરમિયાન લોકરક્ષક દળના જવાન ગૌતમ જોષીએ એક કાર ચાલક નબીરાને રોકવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે કાર ચાલકે જવાન પર જ કાર ચઢાવી દીધી હતી અને જવાનને ૩૦૦ મીટર સુધી ઢસેડ્યો હતો. જોકે, પૂરપાટ કારની સામે અન્ય એક કાર આવી જતા કાર ચાલકને બ્રેક મારવી પડી હતી. પોલીસે ચાલકની રાતે જ અટકાયત કરી લીધી હતી.

## બનાસકાંઠામાં મીઠાઈ અને ઘી સહિત અંદાજિત નવ લાખનો શંકાસ્પદ જથ્થો જપ્ત કરાયો

અમદાવાદઃ તાજેતરમાં જ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની પાલનપુર વર્તુળ કચેરી દ્વારા મે. શ્રી પદમનાથ ફૂડ પ્રોડક્ટસ અને મે. ખંડેલવાલ ડેરી પ્રોડક્ટસ નામની બે પેઢીમાં સફળ રેઇડ કરતા આશરે રૂ. ૨.૪૯ લાખની કિંમતનો ૫૬૭ લિટર શંકાસ્પદ ઘીનો જથ્થો તેમજ આશરે રૂ. ૬.૮૦ લાખની કિંમતનો ૩૮૪૯ કિ.ગ્રા શંકાસ્પદ મીઠાઈ અને ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આમ, આ બંને રેઇડને મળી કુલ રૂ. ૯.૨૯ લાખની કિંમતનો શંકાસ્પદ જથ્થો જપ્ત કર્યો હોવાનું ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડો. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું

તેમણે વધુમાં જણાવ્યું કે, આ જથ્થા પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ના નિયમો અનુસાર લેબલિંગ પર ઉત્પાદન તારીખ, બેચ નંબર ,ઉત્પાદકનું નામ-સરનામું, એક્સપાયરી તારીખ, ન્યુટ્રીશનલ ઇન્ફોર્મેશન વગેરે જરૂરી માહિતી દર્શાવેલ ન હતી. આ થેલીના જુદા-જુદા ત્રણ નમૂનાઓ લઇ બાકીનો રૂ. ૬.૪૫ લાખની કિંમતનો ૩૭૯૪ શંકાસ્પદ જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પેઢીમાં શંકાસ્પદ ગુણવત્તાવાળું ઘી માલૂમ પડતા તેનો પણ નમૂનો એકત્ર કરી બાકીનો રૂ. ૩૫ હજારની કિંમતનો કુલ ૫૫ કિ.ગ્રા જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આમ. આ પેઢીમાંથી રૂ. ૬.૮૦ લાખની કિંમતનો કુલ ૩૮૪૯ કિગ્રા ખાદ્યચીજનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

## રેરાની નવી વોલન્ટરી કંપ્લાયન્સ સ્કીમ ૨૦૨૩ અમલી

### ૬૨૫ પ્રોજેક્ટને લાભ મળવાની સંભાવના

અમદાવાદઃ ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીની નવી વોલન્ટરી કંપ્લાયન્સ સ્કીમ-૨૦૨૩નો અમલ શરૂ થઇ ચૂક્યો છે અને તેનો લાભ આશરે ૬૨૫ પ્રોજેક્ટને થવાની ગણતરી છે. આ સ્કીમના અમલના કારણે પ્રમોટરો રેરાના સાઇટ પર માહિતી મોડી મુકવા બદલ દંડાત્મક કાર્યવાહીમાંથી મુક્તિની સાથે નિયત પ્રોસેસિંગ ફી ચૂકવી રેરાની જોગવાઇઓનું પાલન કરી શકશે. સામાન્ય જનતાને રેરાના સાઇટ પરથી વિવિધ પ્રોજેક્ટોની માહિતી અને તેના અપડેટ સુગમતાથી મળી રહેશે એવું ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીએ જણાવ્યું હતું. રેરા એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪ હેઠળ મળતી સત્તાથી ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા ૨૩મી ઑક્ટોબર ૨૦૨૩ના રોજ હુકમ નંબર ૮૨થી વોલન્ટરી કંપ્લાયન્સ સ્કીમ-૨૦૨૩ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત દંડનીય કાર્યવાહી કર્યા સિવાય નિયત પ્રોસેસિંગ ફી ભરપાઈ કરવા સાથે જે તે પ્રમોટર પોતાના પ્રોજેક્ટના ત્રિમાસિક અથવા અંતિમ અહેવાલ રેરાના વેબ પોર્ટલ ઉપર ભરી શકશે.

### મહાડ ઈન્ડસ્ટ્રીયલ આગ દુર્ઘટના

# આખરે ચાર કર્મચારીના પણ શબ મળ્યાં: મૃત્યુઆંક ૧૧

મુંબઈ: રાયગઢ જિલ્લાના મહાડ સ્થિત ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં આવેલી ખાનગી ફાર્માસ્યુટિકલ કંપનીની ફૅક્ટરીમાં લાગેલી આગની ઘટનામાં ગુમ ચાર કર્મચારીનાં શબ આખરે સોમવારે મળી આવ્યાં હતાં. ચાર મૃતદેહ મળતાં આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓની સંખ્યા ૧૧ પર પહોંચી હતી, એમ એનડીઆરએફના અધિકારીએ જણાવ્યું હતું. મહાડમાં એમઆઈડીસી ખાતેની બ્લુ જેટ હેલ્થકૅર પ્રાઈવેટ લિમિટેડની ફૅક્ટરીમાં ત્રીજી નવેમ્બરે આગ લાગી હતી. આગમાં સાત કર્મચારી ગંભીર રીતે દાઝ્યા હતા. સારવાર માટે તેમને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. જોકે ઘટના સમયે ફૅક્ટરીમાં કામ કરનારા ૧૧ કર્મચારી ગુમ હતા. આગ પર કાબૂ મેળવવાની સાથે શોધ અને બચાવ કાર્યમાં ફાયર બ્રિગેડના જવાનો સાથે પોલીસ અને એનડીઆરએફની ટીમ પણ જોડાઈ હતી. શનિવારની સાંજ સુધીમાં ફૅક્ટરીમાંથી સાત મૃતદેહ મળી આવ્યા હતા. બાકીના ચાર કર્મચારીની શોધ રવિવારથી હાથ ધરાઈ હતી. આખરે સોમવારે ચાર મૃતદેહ મળી આવતાં સર્ચ ઑપરેશન બંધ કરવામાં આવ્યું હતું. અધિકારીના જણાવ્યા મુજબ મૃતદેહો ઓળખી ન શકાય એટલી હદે બળી ગયા છે. એક વ્યક્તિનું તો માત્ર હાડપિંજર જ મળ્યું હોવાનું કહેવાય છે. શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું તપાસમાં જણાયું હતું. (પીટીઆઈ) ■

# રોકાણ પર સારા વળતરની લાલચે ₹ ૯૬ લાખની ઠગાઈ: પાંચ સામે ગુનો

થાણે: નવી મુંબઈના નેરુલ વિસ્તારમાં રહેતા ૫૫ વર્ષના શખસને રોકાણ પર સારા વળતરની લાલચ આપીને રૂ. ૯૬ લાખની છેતરપિંડી આચરવા પ્રકરણે સાયબર પોલીસે પાંચ જણ સામે ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ખાનગી કંપનીમાં કામ કરનારા જંગ બહાદુર સિંહનો આરોપીઓએ ૧૨ અને ૩૦ ઑગસ્ટે સંપર્ક સાધ્યો હતો હતો અને શેર્સમાં રોકાણ કરવાનું કહ્યું હતું. આરોપીઓએ તેને વિવિધ બેન્ક એકાઉન્ટ નંબર પણ આપ્યા હતા. દરમિયાન જંગ બહાદુરે રૂ. ૯૬.૭૨ લાખનું રોકાણ કર્યું હતું, પણ તેને વળતર મળ્યું નહોતું. આથી ફરિયાદીએ આરોપીઓનો સંપર્ક સાધતાં તેઓ ઉડાઉ જવાબ આપવા લાગ્યા હતા.

પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં જંગ બહાદુરે સાયબર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે શનિવારે પાંચ આરોપી વિરુદ્ધ ભારતીય દંડસંહિતા અને આઇટી એક્ટની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ■

# કોર્ટે ધમકીના કેસમાં વરિષ્ઠ વકીલની આગોતરા જામીન અરજી ફગાવી

મુંબઈ: સેશન કોર્ટે ન્યાયાધીશ હોવાનું જુઠ્ઠાણું ચલાવીને અરજદારને ધમકી આપવાના મામલામાં વરિષ્ઠ વકીલ ડૉ. જી.આર. શર્માની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

૨૨ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ફરિયાદી અજિત સિંહ દ્વારા પંત નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી એફઆઈઆર મુજબ, સીમા અરોરા, ભૂતપૂર્વ ભારતીય રેલવે અધિકારીએ, ફ્લેટ માટે ખાલી કરવાની નોટિસ આપ્યા પછી ભાડાની ચૂકવણી બંધ કરી દીધી હતી. નોટિસ આપ્યા છતાં, તેણે એ જગ્યા ખાલી કરવાનો ઇનકાર કર્યો હતો અને સિંઘને ધમકી આપી હતી અને પુણેની સિવિલ કોર્ટમાંથી વચગાળાનો આદેશ પણ લીધો હતો.

વધુમાં, તેમના વતી કામ કરતા જી.આર. શર્મા, વ્યવસાયે ન્યાયાધીશ હોવાનું કહીને સિંઘને તેમના રાજકીય જોડાણોનો ઉપયોગ કરીને ધમકાવતા હતા.

પોલીસે બાદમાં તપાસ દરમિયાન આઈપીસીની કલમ ૧૦૭ હેઠળ કોઈ વસ્તુનું નિરાકરણ, ફોજદારી ધમકીની ૫૦૬ અને જાહેર સેવક તરીકેનો ઢોંગ કરવાની ૧૭૦ હેઠળ એફઆઈઆર નોંધી છે. શર્માએ આગોતરા જામીનની માગણી કરી હતી, જેને સેશન્સ કોર્ટે ૧૨ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ નકારી કાઢી હતી. વધુમાં, શર્માએ બોમ્બે હાઈ કોર્ટમાં એફઆઈઆર રદ કરવા માટે રિટ પિટિશન દાખલ કરી હતી.

જોકે, બોમ્બે હાઈ કોર્ટે પંતનગર પોલીસ સ્ટેશનને ટ્રાયલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# યુવક ઝાડ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો

થાણે: શહાપુર તાલુકાના વાશિંદમાં ૧૮ વર્ષનો યુવક વૃક્ષ સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. વાશિંદના બામણપાડા વિસ્તારમાં સંજય પુંડલિક પવાર નામના યુવકે સોમવારે સવારે ગળાફાંસો ખાધો હતો. નાગરિકોની નજર પડતાં તેમણે વાશિંદ પોલીસ સ્ટેશનના અધિકારીઓને આની જાણ કરી હતી. આથી પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને સંજયના મૃતદેહને નીચે ઉતાર્યા બાદ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. સાક્ષીદારોએ દાવો કર્યો હતો કે સંજયના પગ પર લોહીના ડાઘ હતા. સંજયના પિતાએ જણાવ્યું હતું કે તેના પુત્રની અજાણ્યા શખસોએ હત્યા કરી હોવાની તેમને શંકા છે. (પીટીઆઇ) ■

# હાઈવે પર કારે રિક્ષા અને બાઈકને અડફેટમાં લેતાં સિનિયર સિટિઝનનું મોત: ત્રણ ઘાયલ

મુંબઈ: મલાડ પશ્ચિમમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર પુરપાટ વેગે આવી રહેલી કારે રિક્ષા, ટેમ્પો અને બાઇકને અડફેટમાં લેતાં સિનિયર સિટિઝનનું મોત થયું હતું, જ્યારે ત્રણ જણને ઇજા પહોંચી હતી. સમતાનગર પોલીસે આ પ્રકરણે કારચાલક મિલન કોઠારી (૩૦) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ શુક્રવારે સાંજના આ અકસ્માત થયો હતો, જેમાં ઘવાયેલા રિક્ષાચાલકની ઓળખ સખાવત અન્સારી (૪૪) તરીકે થઇ હતી. અન્સારીએ પોલીસને કહ્યું હતું કે તે રિક્ષામાં મહિલાને મીરા રોડથી મલાડ લાવી રહ્યો હતો ત્યારે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર કારે પાછળથી ટક્કર મારતાં રિક્ષા ઊંધી વળી ગઇ હતી, જેમાં તેના હાથમાં ફ્રેક્ચર થયું હતું, જ્યારે મહિલા તનુજા સહાનીને પગમાં ઇજા પહોંચી હતી. કારે રિક્ષાને અડફેટમાં લીધા બાદ ટેમ્પો અને બાઇક સાથે ટકરાઇ હતી અને બાદમાં ઊંધી વળી ગઇ હતી. બાઇકસવાર સોહન સિંહ (૬૪) ગંભીર ઇજા પામતાં તેનું મૃત્યુ થયું હતું, જ્યારે ટેમ્પોચાલક વિજય ચવ્હાણ ઘવાયો હતો. ■

# ચાર મહિનાથી ફરાર ડ્રગ્સ રૅકેટનો ફાઈનાન્સર પકડાયો

પાલઘર: ડ્રગ્સના કેસમાં ચાર મહિનાથી ફરાર કથિત ફાઈનાન્સરને પોલીસે નાલાસોપારાથી પકડી પાડ્યો હતો. આચોલે પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર યશપાલ સૂર્યવંશીએ જણાવ્યું હતું કે નાલાસોપારામાં રહેતા આરોપી લલ્લુ ઉર્ફે ભાવેશ પ્રભાકર ચવ્હાણ (૩૦)ને ગાંજા જપ્તિના કેસમાં પકડી પાડવામાં આવ્યો હતો. ગાંજો જપ્ત કરવામાં આવ્યા પછી જૂનથી ચવ્હાણ ફરાર હતો.આ આખા રૅકેટમાં ચવ્હાણ આર્થિક ભંડોળ પૂરું પાડતો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. મીરા-ભાયંદર વસઈ-વિરાર કમિશનરેટની હદમાં તેની વિરુદ્ધ અનેક ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે.આ રૅકેટમાં સંડોવાયેલા ચાર સાગરીતોની મદદથી આરોપી ગાંજા સપ્લાય કરતો હતો.■

### કન્સ્ટ્રક્શન કામોને કારણે માટી થઈ મોંઘી

# ગુજરાતથી આવેલી માટીમાંથી બની રહ્યા છે દીવડા

પાલઘર: દિવાળી દરમિયાન માટીના દિવાની ઘણી માગ રહે છે. પરંતુ પાલઘર જિલ્લામાં દહાણુ, પાલઘર, મનોર, ધુક્તન, વાડા, કુડુસ, વસઈ-વિરાર, જૌહર, મોખાડા, વિક્રમગઢ ખાતે કુંભારોના ભઠ્ઠા હવે બંધ થઈ ગયા છે. માત્ર વિક્રેતાઓ જ નહીં, કુંભારોને પણ ગુજરાતમાંથી આ વસ્તુઓ ખરીદવી પડે છે. કાળી માટીના બનેલા ઘડા, દિવા વગેરે ભઠ્ઠીમાં શેકવા પડે છે.

જોકે, પાલઘર જિલ્લામાં વિકાસના દરે ભઠ્ઠીઓ અદશ્ય થઈ રહી છે. ધૂમાડાના કારણે થતા પ્રદૂષણ અને જગ્યાના અભાવે ભઠ્ઠાઓ પહેલાથી જ બંધ કરવા પડ્યા છે. આજે ધુકટળ ગામ, મનોર તેમજ શહેરમાં સિડકો વસાહત પાસે હાથની આંગળીઓ પર ગણી શકાય તેટલા ભઠ્ઠાઓ છે. જો કે, અહીં ઉત્પાદિત ઉત્પાદનો પૂરતા પ્રમાણમાં ન હોવાથી ગ્રાહકોની માગને પહોંચી વળવા ગુજરાતમાંથી ઉત્પાદનો આયાત કરવી પડે છે, એમ વિક્રેતાઓએ જણાવ્યું હતું. દિવાળીની પૂજા માટે જરૂરી વસ્તુઓ પણ હવે માટીને બદલે પીઓપીમાંથી બનાવવામાં આવી રહી છે. વિકાસ કાર્યોના કારણે બોઈસર, પાલઘર, સફાલે, વાંગોવ, દહાણુ, તલાસરી, વિક્રમગઢ, વાડા, કુડુસ, જાવર, મોખાડા, વસઈ, નાલાસોપારા, નાયગાંવ, વિરાર વગેરેમાં ઔદ્યોગિક વિસ્તારો અને હાઉસિંગ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યા છે. માટી મોંઘી છે. આ બાંધકામ માટે ઇંટોની ભારે માગ હોવાથી ઇંટો નાખવા માટે ચાર ગણી કિંમતે માટી ખરીદવામાં આવે છે. તેથી માટીના ભાવ કુંભારોની પહોંચ બહાર ગયા છે. ભઠ્ઠી માટે કોલસો અને લાકડા ન મળવાના કારણે ધંધો ઠપ થવા લાગ્યો છે. ■

# નવી મુંબઈના વેપારીએ ખેડૂત સાથે આચરી ₹ ૫.૭ લાખની ઠગાઇ

થાણે: પુણેની ૩૯ વર્ષની મહિલા ખેડૂત સાથે નવી મુંબઈના એપીએમસી (એગ્રિકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી)ના વેપારીએ રૂ. ૫.૭ લાખની ઠગાઇ આચરી હતી. વાશીના આરોપીએ સ્ટ્રોબેરી ઉત્પાદકનો સંપર્ક સાધ્યો હતો અને ક્રેડિટ પર ફળો સપ્લાય કરવાની માગણી કરી હતી. મહિલા પ્રથમ વખત વેપારી સાથે વ્યવહાર કરી રહી હોવાથી આરોપી વાશી એપીએમસીનો વેપારી છે કે કેમ તે ચકાસવા મહિલાએ તેના એક સંબંધીને કહ્યું હતું. એપીએમસી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ અંગે પુષ્ટિ થયા બાદ મહિલાએ નવેમ્બર, ૨૦૨૨ અને ફેબ્રુઆરી, ૨૦૨૩ વચ્ચે રૂ. ૫.૭ લાખના ફળોનો સ્ટોક પૂરો પાડ્યો હતો. જોકે વારંવાર પૈસાની માગણી કરવા છતાં આરોપીએ પૈસા ચૂકવ્યા નહોતા. દરમિયાન મહિલાએ એપીએમસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે શનિવારે વેપારી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ) ■

# ગોવંડી ખાતે આવેલી સરકારી શાળામાં વિદ્યાર્થીઓ જમીન પર બેસવા મજબૂર

મુંબઈ: ગોવંડીના શિવાજી નગરમાં આવેલી બૃહદ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સંચાલિત કરવામાં આવતી ઉર્દૂ-માધ્યમ શાળામાં ધોરણ ચાર અને છના લગભગ ૧૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને બાકડા (બેન્ચ)ની અછતને કારણે વર્ગમાં જમીન પર બેસાડવામાં આવી રહ્યા હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ત્યારબાદ ગોવંડી સિટીઝન્સ વેલ્ફેર ફોરમના કન્વીનર શેખ ફૈયાઝ આલમે આ બાબતે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું અમારી પાસે શિવાજી નગરમાં એક સુસ્થાપિત શાળા છે પણ જ્યારે મારી સંસ્થાએ શુક્રવારે વિદ્યાર્થીઓને શહેરની પ્રદૂષિત હવાથી બચાવવા માટે ફેસ માસ્કનું વિતરણ કરવા માટે શાળાની મુલાકાત લીધી, ત્યારે વિદ્યાર્થીઓને વર્ગમાં જમીન પર બેઠેલા જોયા હતા. ૨૦૨૧માં કોવિડ-૧૯ બાદ આ શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હતો. વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારાને લીધે વર્ગોમાં બાકડાના અભાવને કારણે તેમને જમીન પર બેસાડવામાં આવ્યા હોવાનું કારણ શિક્ષણ કાર્યકર્તા નીતિન દલવીએ આપ્યું હતું. પણ હવે મહાપાલિકાએ આ બાબતે કોઈ નિર્ણય લેવાની જરૂર છે. શિક્ષણ વિભાગના સૂત્રોએ આ બાબતે જણાવ્યું હતું કે થોડાક સમયથી શાળામાં પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં વિદ્યાર્થીઓના પ્રવેશમાં વધારો થયો છે, જેથી બેન્ચની અછત જણાઈ રહી છે. ૨૦૧૫-૧૬માં મહાપાલિકા દ્વારા શિક્ષણ બજેટમાં ડેસ્ક અને બેન્ચ માટે સાડા સાત કરોડનું બજેટ ફાળવ્યું હતું. પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬,૦૦૦ જેટલી પહોંચી ગઈ છે. આલમ દ્વારા આ બાબતે પ્રકાશ પાડીને મહાપાલિકાને શાળાઓમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવા અંગે વિનંતી કરી હતી. ■

# દિવાળીથી નવી મુંબઈમાં વરિષ્ઠ નાગરિકોને બસમાં મફત પ્રવાસ?

નવી મુંબઈ: નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને વરિષ્ઠ નાગરિકો માટે બસોમાં મફત મુસાફરી પ્રદાન કરવાનો નિર્ણય લીધો છે. વહીવટી મંજુરી બાદ આ સપ્તાહમાં દિવાળીના તહેવારો સાથે જાહેરાત થાય તેવી અપેક્ષા છે.

રાજ્ય સરકારે તેની સ્ટેટ ટ્રાન્સપોર્ટ બસોમાં પહેલાથી જ આ સુવિધા આપે છે .

નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ હાલમાં ૬૫ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે ભાડામાં ૫૦ ટકા છૂટ આપે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્વતંત્રતા સેનાનીઓ, પત્રકારો, નાગરિક કર્મચારીઓ, વિકલાંગ વ્યક્તિઓ અને એચઆઇવી પોઝિટિવ વ્યક્તિઓને મફત મુસાફરી આપવામાં આવે છે.

નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ ૭૪ રૂટ પર કુલ ૫૬૭ બસોનું સંચાલન કરે છે, જેમાં દરરોજ લગભગ ૧.૮૦ લાખ મુસાફરો મુસાફરી કરે છે. નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિકારક્ષેત્રમાં કાર્યરત છે અને મુંબઈ, બોરીવલી, બાંદ્રા, મંત્રાલય, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, અંધેરી, મુલુંડ, થાણે, ડોમ્બિવલી, કલ્યાણ, બદલાપુર, ખારઘર કલંબોલી, પનવેલ, ઉલ્વે નાકા , કરંજડે, કોપ્રોલી અને ઉરણને સેવાઓ પ્રદાન કરે છે અને ટૂંક સમયમાં વધુ વિસ્તારોમાં વિસ્તરણ કરવાની યોજના છે.

વાશીના વિષ્ણુદાસ ભાવે ઓડિટોરિયમ ખાતે તાજેતરમાં નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત વરિષ્ઠ નાગરિક દિવસ કાર્યક્રમમાં, વરિષ્ઠ નાગરિકોએ મ્યુનિસિપલ કમિશનર રાજેશ નાર્વેકરને નવી મુંબઈ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટમાં વરિષ્ઠોને મફત મુસાફરી પ્રદાન કરવા જણાવ્યું હતું. તેમણે વરિષ્ઠો આશ્વાસન આપ્યું હતું કે તેઓ માગ પર વિચાર કરશે. ■

# રીઢા આરોપીને ઢોરમાર મારી મોતને ઘાટ ઉતાર્યો

થાણે: થાણે જિલ્લામાં ચારથી પાંચ લોકોએ ૨૩ વર્ષના રીઢા આરોપીને ઢોરમાર મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

વિઠ્ઠલવાડી વિસ્તારમાં રવિવારે આ ઘટના બની હતી. અનેક ગુનામાં સંડોવાયેલા આરોપી સ્વપ્નીલ કાનાડેને ખેંચીને ઝાડીઝાંખરામાં લઇ જવાયો હતો, જ્યાં તેની હત્યા કરાઇ હતી.

દરમિયાન સ્વપ્નીલના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા બાદ પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપીઓની શોધ આદરી હતી. સ્વપ્નીલની હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું ન હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# પ્રદૂષણ ડામવા કલાઈમેન્ટ ચેન્જ મંત્રાલયની ટીમ મુંબઈની મુલાકાત કરશે

મુંબઈ: મુંબઈના બગડતા એર ક્વોલિટી ઈન્ડેક્સ એક્યુઆઇની ગંભીર નોંધ લેતા, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય એમઓઇએફસીના અધિકારીઓની એક ટીમ ટૂંક સમયમાં જ મુંબઇમાં સ્થિતિનો અભ્યાસ કરવા માટે મુંબઈની મુલાકાત લેશે.

સંસ્થાના સંયુક્ત સચિવ નરેશ પાલ ગંગવારેએ જણાવ્યું હતું કે અમને રાજ્ય સરકારના પર્યાવરણ વિભાગ અને બીએમસી તરફથી મુંબઈમાં વાયુ પ્રદૂષણને ડામવા માટે અત્યાર સુધી લેવામાં આવેલા પગલાં વિશેની વિગતોનો રિપોર્ટ મળ્યો છે. ત્યારે આ રિપોર્ટના આધારે પ્રદૂષણ માટે લેવાયેલાં પગલાની તપાસ કરવામાં આવશે. શહેરમાં એવું પ્રથમ વખત બનશે કે જ્યારે આ ટીમ બગડતી હવાના સૂચકાંક એક્યુઆઇને તપાસવા માટે મુંબઇની મુલાકાત લેશે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ વખતની મુલાકાતમાં પાલિકા કેન્દ્રને જે અહેવાલ આપશે તેની સમીક્ષા કરવામાં આવશે.

નોંધનીય છે કે શહેરમાં વધતા પ્રદૂષણના સ્તરને કારણે મુંબઈના મરીન ડ્રાઈવમાં ધુમ્મસનું સ્તર જોવા મળ્યું હતું. પાલિકા દ્વારા હવાની ગુણવત્તા સુધારવા માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. હવાની ગુણવત્તા સુધારવા માટે પાલિકા દરરોજ રસ્તાઓ પર પાણીનો છંટકાવ કરી રહી છે. પાલિકા દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા અને નિયમોનું પાલન ન કરતી બાંધકામ હેઠળની ઇમારતોને પણ નોટિસ મોકલવામાં આવી રહી છે. વાયુ પ્રદૂષણ માટેના મુખ્ય ગુનેગારોમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ, બાંધકામની જગ્યાઓ, ઘણી મોટી માત્રામાં કચરો સળગાવવો, કૃષિ અવશેષો તેમજ પવનની મર્યાદિત ગતિ અને ભૌગોલિક વિશેષતાઓને કારણે હવામાં પ્રદૂષણનો વધારો જોવા મળે છે.

મુંબઈમાં હવાની ખરાબ ગુણવત્તાને કારણે લોકોની સમસ્યા વધી છે. ખરાબ હવાની ગુણવત્તાને કારણે અહીંના લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. બોમ્બે હાઈ કોર્ટે શહેરમાં વાયુ પ્રદૂષણના સ્તરની સુઓ મોટો કર્યો હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી મુંબઈની હવાની ગુણવત્તા ૧૩૦થી ૧૫૦ની વચ્ચે જોવા મળી રહી છે, પરંતુ આજે મુંબઈના કેટલાક વિસ્તારો જેમાં ચેમ્બુર, કોલાબા અને બીકેસીમાં સ્તર એક્યુઆઇ ૨૫૦ને પાર કરી ગયું છે.

ત્યારે આ ટીમના અધિકારીઓ મુંબઈના તમામ વિસ્તારોની મુલાકાત દરમિયાન કરેલા અવલોકનોનો અભ્યાસ રજૂ કરીશે અને તે પ્રમાણે પ્રદૂષણને ડામવા માટે બીએમસી તરફથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ■

## દિવાળીમાં સ્વાસ્થ્ય અંગે કાળજી રાખો

મુંબઈ: દેશભરમાં પ્રદૂષણનું સ્તર ભયજનક હદે વધી રહ્યું છે અને દિલ્હી હોય કે મુંબઈ નાગરિકો વધતાં જતાં પ્રદૂષણને કારણે પરેશાનીનો સામનો કહી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં નાગરિકોએ શું-શું તકેદારી રાખવી જોઈએ એ બાબતે કેટલાંક મહત્ત્વનાં સૂચનો આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવ્યા છે. જેને અનુસરીને તમે પણ પ્રદૂષણને કારણે થતી સમસ્યાઓથી બચી શકો છો.

હવામાન ખાતા દ્વારા વાયુ પ્રદૂષણને કારણે થનારા નુકસાન, પ્રદૂષણનું પ્રમાણ અને એ વખતે રાખવાની કાળજી વિશે વાત માહિતી આપી હતી. હવામાન ખાતા દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર દિવાળી હવે ગણતરીના દિવસોની જ વાર છે ત્યારે વધતાં જતા પ્રદૂષણ પર નિયંત્રણ મેળવવા માટે ફટાકડાં ફોડવાનું ટાળો, એવી ભલામણ કરવામાં આવી છે અને એ સિવાય પણ કેટલાક એવા સૂચનો કરવામાં આવ્યા છે કે જેનું પાલન કરીને તમે પ્રદૂષણને કારણે થતી સમસ્યાઓમાંથી બચી શકો છો. ■

## શું કરવું અને શું નહીં?

એક્યુઆઈના સ્તરને ધ્યાનમાં લઈને બહારના કામનું એક ટાઈમ ટેબલ તૈયાર કરો અને ખરાબથી અતિ ગંભીર એક્યુઆઈ હોય એવા દિવસોમાં કે સમયમાં બહાર જવાને બદલે ઘરમાં જ રહો. પ્રદૂષણનો સ્તર વધુ હોય એવા ભાગમાં મોડેથી ચાલવા, દોડવા, જોગિંગ કે વર્ક આઉટ કરવાનું ટાળો. સવાર અને સાંજના સમયે બારી-બારણા ખોલશો નહીં અને જરૂર હોય તો બપોરે ૧૨થી ૪ની વચ્ચે જ બહાર નીકળો લાકડા, કોલસા, જનાવરનું છાણ, કેરોસીન અને બાયોમાસ સળગાવવાનું ટાળો. રસોઈ અને ઉષ્ણતાની દ્રષ્ટિએ સ્વચ્છ અને ધૂમાડારહિત ઈંધણનો ઉપયોગ કરો. બંધ ઓરડામાં મચ્છર માટેની કોઈલ કે અગરબત્તી સળગાવવાનું ટાળો. આ લોકોને છે સૌથી વધુ જોખમ પાંચ વર્ષથી નાના બાળકો વૃદ્ધોને આ સમય દરમિયાન સૌથી જોખમ રહે છે. ગર્ભવતી મહિલાઓએ પણ પ્રદૂષિત હવાના સંપર્કમાં આવવાનું ટાળવું જોઈએ, નહીંતર ગર્ભના શિશુના આરોગ્ય પર વિપરીત અસર જોવા મળશે. શ્વસન સંબંધિત કે હૃદયરોગ હોય એવા લોકોને પણ પ્રદૂષણને કારણે સમસ્યા થઈ શકે છે. આ વાતોનું ખાસ ધ્યાન રાખો વાયુ પ્રદૂષણનું જોખમ ટાળવું ખૂબ જ કાળજી રાખો. એક્યુઆઈનું સ્તર ખરાબ વધારે શ્રમ કરવાનું ટાળો. ડોક્ટર દ્વારા લખી આપવામાં આવેલી કોઈ પણ ખાસ દવાઓ હંમેશા પોતાની સાથે રાખો. જરૂર પડે તો તરત જ ડોક્ટર કે મેડિકલ એક્સપર્ટની મદદ લો. દર થોડાક સમયે આંખો સ્વચ્છ પાણીથી ધોઈ લો ફિલ્ટરનો ઉપયોગ કરો. માસ્ક પહેરો. ■

# મુંબઈના ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં પાર્કિંગની સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ

મુંબઈ: મુંબઈ અને ઉપનગરોમાં વધતી વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને ઉકેલવા માટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) દ્વારા મુંબઈના ચાર ગીચ વસ્તીવાળા વોર્ડમાં ૨૨,૦૦૦થી વધુ વાહનોને પાર્ક કરવા માટે નવા પાર્કિંગ સ્થળો વિકસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ મુદ્દે તાજેતરમાં શહેરના પાલક પ્રધાન દીપક કેસરકર દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી, જેમાં મુંબઈમાં ૨૨,૦૦૦થી વધુ વાહનોને પાર્ક કરવા માટે ખાસ કરીને પાર્કિંગ સ્થળ બનાવવાની જાહેરાત કરી હતી.

મુંબઈ મહાનગર પાલિકા દ્વારા વિકસાવવામાં આવતા આ પાર્કિંગ સ્થળ પૈકી ડી વોર્ડમાં કેમ્પ્સ કોર્નર, વાલકેશ્વર, ગ્રાન્ટ રોડ, બ્રીચ કેન્ડી, મલબાર હિલ, ગિરગામ, મુંબઈ સેન્ટ્રલ તેમજ જી/દક્ષિણ વોર્ડના વર્લી, પ્રભાદેવી અને લોઅર પરેલનો સમાવેશ થાય છે.

પ્રસ્તાવિત યોજનામાં કે/પશ્ચિમ વોર્ડના, અંધેરી ખાતે પણ પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે અને પૂર્વ ઉપનગરીય એસ વોર્ડના ભાંડુપ અને કાંજુરમાર્ગ નજીકના વિસ્તારોનો પણ સમાવેશ છે.

પાર્કિંગની જગ્યાના અભાવને લીધે અનેક વખત લોકો વચ્ચે ઝઘડો થવાની અને મારપીટની ઘટનાઓ પણ બને છે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયના ડેટા અનુસાર ઑક્ટોબર ૨૦૨૩ના મધ્ય સુધીમાં મુંબઈના ત્રણેય વિભાગમાં ૧,૪૦,૮૯૯ વાહનની નોંધણી કરવામાં આવી હતી.

આ આંકડાની સાથે મુંબઈમાં વાહનોની કુલ સંખ્યા ૪૫ લાખ પહોચી ગઈ છે. જેમાં ૨૬.૬ લાખથી ટુ વ્હીલર, ૧૪.૪ લાખ ફોર વ્હીલર છે, જ્યારે ૧૧.૬૨ લાખથી વધુ માલવાહક જેમ કે ટ્રક વગેરે વાહનો છે. આ કુલ સંખ્યામાં ૨.૩ લાખથી વધુ રિક્ષા છે અને ૨,૦૬૦ એમ્બ્યુલન્સનો પણ સમાવેશ થાય છે.

પાર્કિંગને લીધે ઊભી થતી સમસ્યા અને પ્રશ્નોને ઉકેલવા મહાપાલિકા દ્વારા ઓન-સ્ટ્રીટ પાર્કિંગ પ્રોજેકટને પાર પાડવા માટે પ્રથમ તબક્કામાં ડી વોર્ડમાં ૧૨૭ વાહનો, જી/દક્ષિણમાં ૮૬ વાહનો, કે/પશ્ચિમમાં ૨૨૦ અને એસ વોર્ડમાં ૧૦૮ વાહન માટે પાર્કિંગના સ્થળો ઊભા કરવામાં આવશે. ■



**સ્વચ્છતા ઝુંબેશ:** મુંબઈના દરિયા કિનારા પર ફેલાયેલા કચરાના ઢગલાને કોલેજોના વિદ્યાર્થીઓ દ્વારા દૂર કરવાની ઝુંબેશ હાથ ધરી હતી. (અમય ખરાડે)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પથ્ય | EXAMINATION |
| વિરેચન | MEDICINAL PLANT |
| મીમાંસા | DIET |
| ચિકિત્સા | PURGATIVE |
| ઓસડિયાં | TREATMENT |

## ઓળખાણ પડી?



વિશ્વના સૌથી પ્રાચીન ઔષધ તરીકે જાણીતી આ વનસ્પતિની ઓળખાણ પડી? એમાં વિટામિન એ, વિટામિન સી અને મેંગેનિઝ સારી માત્રામાં હોવાથી ગુણકારી ગણાય છે.

અ) પેપરમિન્ટ બ) મેરીગોલ્ડ ક) એલોવેરા ડ) ફેનુગ્રીક

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સુ | ૨ ગ | ૩ મ | સં | ૪ ગી | ત | | ૫ મ | ખા | ૬ ના |
| ૭ રા | વ | ણ | | ધ | | ૮ શા | હ | | ટ્ય |
| ૯ વ | ન | | | ડાં | | ૧૦ સ્ત્રી | ત્વ | | ગી |
| ટ | | ૧૧ જુ | ૧૨ દા | | ૧૩ લ્હા | ય | | ૧૪ રી | ત |
| | ૧૫ ફિ | લ્મી | ગી | ૧૬ ત | | ૧૭ સં | ગ | ત | |
| ૧૮ લો | | | ૧૯ ના | મ | | ગી | | ૨૦ સ | ૨૧ ભા |
| ૨૨ ક | ૨૩ મા | ૨૩-અ ઉ | | ૨૪ સ | ૨૫ ત | ત | | ૨૬ ર | વ |
| ૨૭ સં | વ | ન | ૨૮ ન | | સુ | | ૨૯ આ | | ગી |
| ૩૦ ગી | ત | | ૩૧ ર | તિ | | ૩૨ ભા | વે | | ત |
| ૩૩ ત | ર | ન્નુ | મ | | ૩૪ સ | ર | ગ | મ | |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | ૪ | ૫ | ૬ | |
| ૭ | | | | ૮ | | ૯ | | | |
| | | ૧૦ | ૧૧ | | | | ૧૨ | | ૧૩ |
| | ૧૪ | | | | | ૧૫ | | | |
| ૧૬ | | | ૧૭ | | | | | ૧૮ | |
| ૧૯ | | ૨૦ | | | | ૨૧ | | | |
| ૨૨ | | | | ૨૨અ | | | | ૨૩ | |
| | | | | ૨૪ | | | ૨૫ | | |
| | ૨૬ | | ૨૭ | | | ૨૮ | | | ૨૯ |
| ૩૦ | | | | | ૩૦અ | | ૩૧ | | |

**આડી ચાવી**

૧. તૈયાર, કેડ બાંધીને ઉભેલું (૪)
૩. બદલાયેલું, ફરેલું, હસ્તાંતરિત (૪)
૭. ધૂન, લગની, તોફાન (૨)
૯. ભીંત (૩)
૧૦. રહસ્યોદ્ઘાટન (૪)
૧૨. બકરીનું પુલિંગ (૩)
૧૪. ફટાફટ (૪)
૧૫. પાંદડી (૨)
૧૬. ઉપર (૨)
૧૭. કલેશ, કંકાસ (૪)
૧૮. કાંજી, ઘેંસ, ભરડકું (૨)
૧૯. વંદન (૩)
૨૧. કૂવો (૨)
૨૨. ખાનગી, માંહોમાંહેનું (૫)
૨૩. કામ, માટે (૨)
૨૪. સરખું, સમાન (૨)
૨૫. પત્ની (૨)
૨૬. આંદોલન, હિલચાલ, વલોપાત (૪)
૨૮. સગવડ (૪)
૩૦. સાપ (૨)
૩૧. હીરો (૩)

**ઊભી ચાવી**

૧. હરોળ (૩)
૨. એક ધાતુ (૨)
૪. કુટેવ, નિંદા, અનીતિ (૨)
૫. સાંજ ઢળી ---નો સમય થયો (૪)
૬. લાલસા, લાડ, લાલન (૩)
૮. જોરથી ફૂટે એવી સામગ્રી (૪)
૧૦. ઘડો (૨)
૧૧. ટપકતું હોય એમ (૩)
૧૩. દરરોજ (૫)
૧૪. વરસાદની ફરફર (૪)
૧૫. રેશમી વસ્ત્ર (૪)
૧૬. કૂવાકાંઠો (૪)
૨૦. નઠોર, જડ, બેફિકરું (૪)
૨૨અ. એક મરાઠી વાનગી (૩)
૨૩. કામ કરવાની જગા, ઑફિસ (૪)
૨૫. લાગણી, આસ્થા, ચિંતન (૩)
૨૬. દેગ, પહોળા મોંનું વાસણ (૨)
૨૭. સરવાળો (૨)
૨૯. મોકો (૨)
૩૦અ. પાણી, જમીન (૧)

## ચતુર આપો જવાબ — ઉખાણું ઉકેલો

લોકવાર્તાના કથાનકને પોતાની એક ગરિમા હોય છે. સમાજમાં તેનું માનવંતુ સ્થાન છે. એના પોતાના નિશ્ચિત મૂલ્યો હોય છે. આ રજૂઆતમાં ગરિમાનો અર્થ જણાવો.

અ) ગરમી બ) લાવણ્ય ક) ખાસિયત ડ) ગૌરવ

## ગુજરાત મોરી મોરી રે

કોઈ દર્દી ક્ષયથી પીડાય છે એવું નિદાન જો સ્પેશિયાલિસ્ટ ડોક્ટર દ્વારા કરવામાં આવે તો એ મુખ્યત્વે શરીરના કયા ભાગમાં તકલીફ ધરાવે છે એ કહી શકશો?

અ) આંખ બ) ઘૂંટણ ક) ફેફસાં ડ) હોજરી

## માતૃભાષાની મહેક

વૈદક અનુસાર સ્વેદ એટલે શરીરમાંથી પરસેવો કાઢવા માટે શરીરને ગરમી આપવા કરવામાં આવતો ભીનો કે સૂકો શેક. પસીનો લાવવાની દરેક ક્રિયાને સ્વેદ કહી શકાય. જેમકે, ગરમી, શેક, તડકે બેસવું, કસરત વગેરે સ્વેદનો રૂઢ અર્થ શેક કરવો એમ થાય છે. તેના મુખ્ય ચાર પ્રકાર ગણાય છેઃ ૧. તાપ સ્વેદ, ૨. ઉપનાહ સ્વેદ, ૩. દ્રવ સ્વેદ અને ૪. બાષ્પ સ્વેદ.

## ઈર્શાદ

તબીબોને કહી દો કે માથું ન મારે, દરદ સાથે સીધો પરિચય છે મારો,
હકીકતમાં હું એવો રોગી છું જેને, બહુ સારી પેઠે દવા ઓળખે છે.

-- શૂન્ય પાલનપુરી

## સુડોકુ-૪૯૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૨ | | |
| | ૭ | | | | ૨ | | | ૪ |
| | | | ૧ | | ૬ | | | ૫ |
| ૭ | | ૧ | | ૬ | | | ૫ | |
| | | ૯ | | | | ૬ | | |
| | ૬ | | | ૫ | | ૯ | | ૭ |
| ૬ | | | ૫ | | ૩ | | | |
| ૪ | | | ૬ | | | | ૨ | |
| | | ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૭ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૪૯૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૬ | ૩ | ૨ | ૯ | ૮ | ૪ | ૭ |
| ૪ | ૨ | ૭ | ૫ | ૮ | ૧ | ૩ | ૯ | ૬ |
| ૯ | ૩ | ૮ | ૭ | ૪ | ૬ | ૧ | ૨ | ૫ |
| ૮ | ૫ | ૨ | ૬ | ૩ | ૭ | ૪ | ૧ | ૯ |
| ૩ | ૬ | ૪ | ૧ | ૯ | ૨ | ૫ | ૭ | ૮ |
| ૭ | ૯ | ૧ | ૮ | ૫ | ૪ | ૨ | ૬ | ૩ |
| ૨ | ૮ | ૯ | ૪ | ૬ | ૫ | ૭ | ૩ | ૧ |
| ૬ | ૭ | ૩ | ૨ | ૧ | ૮ | ૯ | ૫ | ૪ |
| ૧ | ૪ | ૫ | ૯ | ૭ | ૩ | ૬ | ૮ | ૨ |

## માઈન્ડ ગેમ

વારસામાં મળેલા ૬૪ લાખ રૂપિયાના ચોથા હિસ્સાની સખાવત કર્યા પછી બાકી રહેલી રકમના ૫૦ ટકા બિઝનેસમાં રોકવાથી એક વર્ષમાં ૧૫% નફો થયો તો વર્ષાન્તે કેટલી રકમ થઈ?

અ) ૪૮,૭૫,૦૦૦ રૂપિયા બ) ૪૯,૧૦,૫૦૦ રૂપિયા ક) ૫૦,૦૦,૦૦૦ રૂપિયા ડ) ૫૧,૬૦,૦૦૦ રૂપિયા

## ગયા મંગળવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| ચક્કર | GIDDINESS |
| બળતરા | INFLAMMATION |
| ઊલટી | VOMIT |
| સોજો | SWELLING |
| પીડા | PAIN |

**માઈન્ડ ગેમ**
૫,૯૪,૭૨૦ રૂપિયા

**ઓળખાણ પડી?**
ગ્લેન મેક્સવેલ

**ગુજરાત મોરી મોરી રે**
યકૃત

**ચતુર આપો જવાબ**
ઉખાણું ઉકેલો
વીજળી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

૧) મૂળરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) સુભાષ મોમાયા (૪) શ્રદ્ધા આશર (૫) ખુશરૂ કાપડિયા (૬) ડૉ. પ્રકાશ કટકિયા (૭) ભારતી કટકિયા (૮) ભારતી બુચ (૯) નિતીન જે. બજરીયા (૧૦) હર્ષા મહેતા (૧૧) નિખીલ બંગાળી (૧૨) અમીષી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજીતા ખોના (૧૫) મીનળ કાપડીયા (૧૬) પ્રવીણ વોરા (૧૭) વિભા મહેશ્વરી (૧૮) જ્યોતી ખાંડવાલા (૧૯) મહેશ સંઘવી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) નંદકિશોર સંજાણવાલા (૨૨) ભાવના કર્વે (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) મહેન્દ્ર લોઢાવિયા (૨૬) રજનીકાંત પટવા (૨૭) સુનીતા પટવા (૨૮) સુરેખા દેસાઈ (૨૯) અરવિંદ કામદાર (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) કલ્પના આશર (૩૩) નીતા દેસાઈ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હીનાબેન દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) દિલીપ પરીખ (૩૯) જગદીશ ઠક્કર (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) વિલાસ સી. અંબાણી (૪૪) અબદુલ્લા મુનીમ (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) શીરીન ઔરંગાબાદવાલા

## કવર સ્ટોરી (સાતમાં પાનાનું ચાલુ)

ત્યારે શ્વાસની તકલીફના જોખમને ઘટાડવા માટે જોરદાર શારીરિક પ્રવૃત્તિ ઘટાડવાનું વિચારો.

માનસિક સ્વાસ્થ્યઃ માનસિક સ્વાસ્થ્યના મહત્ત્વને ઓછું આંકશો નહીં. તણાવ અને અસ્વસ્થતા શ્વાસોચ્છવાસનાં લક્ષણોમાં વધારો કરી શકે છે. તણાવને અસરકારક રીતે સંચાલિત કરવા માટે આરામની તકનીકો, માઇન્ડફુલનેસ અને યોગમાં વ્યસ્ત રહો. મુસાફરીની યોજના બનાવોઃ જો શક્ય હોય તો, પ્રદૂષકોના સંપર્કમાં ઘટાડો કરવા માટે તહેવારોની મોસમ દરમિયાન સારી હવાની ગુણવત્તાવાળા વિસ્તારોમાં મુસાફરી કરવાનું વિચારો.

ખાસ કરીને મોટાં શહેરોમાં દિવાળીની મોસમ દરમિયાન હવાના પ્રદૂષણને કારણે આરોગ્યનાં જોખમો નોંધપાત્ર છે. આ જોખમોથી વાકેફ રહેવાથી અને શ્વસન સ્વાસ્થ્યને બચાવવા માટે સક્રિય પગલાં લેવાથી, તમે શ્વસન સંબંધી રોગો અને વિકૃતિઓની શક્યતા ઘટાડી શકો છો. ફટાકડાઓથી થતા વાયુ પ્રદૂષણને સામૂહિક રીતે ઘટાડવા અને બધા માટે સલામત અને સ્વસ્થ વાતાવરણ સુનિશ્ચિત કરવા જવાબદાર અને પર્યાવરણને અનુકૂળ દિવાળીની ઉજવણીને પ્રોત્સાહન આપવું મહત્વપૂર્ણ છે. તમારું સ્વાસ્થ્ય અને સુખાકારી હંમેશાં ટોચની પ્રાથમિકતા હોવી જોઈએ, ખાસ કરીને આ તહેવારોની મોસમમાં.

દિલ્હી - મુંબઈની હવાની ગુણવત્તાની સમસ્યા નવી નથી, પરંતુ દિવાળી દરમિયાન તેમાં નોંધપાત્ર વધારો થાય છે. ફટાકડા, તહેવારોનો અભિન્ન ભાગ હોવા છતાં, હવામાં સલ્ફર ડાયોક્સાઇડ, નાઇટ્રોજન ઓક્સાઇડ અને રજકણો જેવા હાનિકારક પ્રદૂષકો છોડે છે. જ્યારે આ પ્રદૂષકો પહેલેથી જ ઉચ્ચ સ્તરનાં વાહનોના ઉત્સર્જન અને ઔદ્યોગિક પ્રદૂષકો સાથે જોડાય છે, ત્યારે તે એક ઝેરી મિશ્રણ બનાવે છે જે જાહેર આરોગ્ય માટે ગંભીર ખતરો બનાવે છે.

**શ્વસન સ્વાસ્થ્ય પર અસરોઃ** આ પ્રદૂષિત હવા શ્વાસ લેવાના પરિણામો ગંભીર હોઈ શકે છે, ખાસ કરીને એવા લોકો માટે કે જેઓ પહેલાથી જ અસ્થમા, બ્રોન્કાઇટિસ અને ક્રોનિક અવરોધક પલ્મોનરી ડિસીઝ (COPD) જેવી શ્વસન સમસ્યાઓથી પીડાય છે. સ્વસ્થ લોકો પણ તેની આડ અસરોથી મુક્ત નથી. પ્રદૂષિત હવાના ટૂંકા ગાળાના સંપર્કમાં ખાંસી, ઘરઘરાટી અને ગળામાં બળતરા જેવા લક્ષણો થઈ શકે છે. લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી શ્વસન સંબંધી ક્રોનિક રોગો થઈ શકે છે અને હૃદયની સ્થિતિ બગડી શકે છે.

**શ્વસન તંત્રને સુરક્ષિત રાખવાના પગલાંઃ** આઉટડોર પ્રવૃત્તિઓ મર્યાદિત કરોઃ દિવાળી દરમિયાન અને પછીના દિવસોમાં, આઉટડોર પ્રવૃત્તિઓ ઘટાડવાનું વિચારો, ખાસ કરીને સાંજે જ્યારે પ્રદૂષણનું સ્તર સૌથી વધુ હોય.

**એર પ્યુરિફાયરનો ઉપયોગ કરોઃ** તમારા ઘર માટે HEPA ફિલ્ટર સાથે ઉચ્ચ-ગુણવત્તાવાળા એર પ્યુરિફાયરમાં રોકાણ કરો. આ ઘરની અંદરના હવાના પ્રદૂષણને ઘણી હદ સુધી ઘટાડી શકે છે અને તમારા અને તમારા પરિવાર માટે સલામત વાતાવરણ પૂરું પાડી શકે છે.

**બારીઓ અને દરવાજા બંધ કરોઃ** બાહ્ય પ્રદૂષકોના પ્રવેશને રોકવા માટે બારીઓ અને દરવાજા બંધ રાખો. ગાબડાં અને તિરાડોને સીલ કરવાથી ઘરની અંદરનું સ્વચ્છ વાતાવરણ જાળવવામાં મદદ મળી શકે છે.

**માસ્કઃ** જો તમારે બહાર જવાનું હોય, તો N95 અથવા N99 રેસ્પિરેટર પહેરો. આ માસ્ક સૂક્ષ્મ કણોને ફિલ્ટર કરી શકે છે અને તમારા ફેફસાંને સુરક્ષિત કરી શકે છે.

**હાઇડ્રેટેડ રહોઃ** પુષ્કળ પાણી પીવું તમારા શરીરને ડિટોક્સિફાય કરવામાં મદદ કરી શકે છે અને શ્વસન સમસ્યાઓના જોખમને ઘટાડી શકે છે.

**ઇન્ડોર છોડઃ** હવા શુદ્ધ કરતા ઇન્ડોર છોડ, જેમ કે સ્નેક પ્લાન્ટ્સ અને પીસ લિલીઝ રાખવાનો વિચાર કરો, જે ઇન્ડોર હવાની ગુણવત્તા સુધારવામાં મદદ કરી શકે છે.

**વેન્ટિલેશનઃ** એકવાર પ્રદૂષણ ઓછું થઈ જાય, તાજી હવાને ફરવા માટે અને પ્રદૂષિત ઇન્ડોર હવાને બદલવા માટે યોગ્ય વેન્ટિલેશનની ખાતરી કરો. હવાની ગુણવત્તા પર નજર રાખોઃ તમારા વિસ્તારમાં દૈનિક હવા ગુણવત્તા સૂચકાંક (AQI) વિશે માહિતગાર રહો. ઘણી સ્માર્ટફોન એપ્લિકેશન્સ અને વેબસાઇટ્સ રીઅલ-ટાઇમ ડેટા પ્રદાન કરે છે જે તમને જાણકાર નિર્ણયો લેવામાં મદદ કરી શકે છે.

**ફટાકડા ટાળોઃ** દિવાળી દરમિયાન વાયુ પ્રદૂષણ ઘટાડવાનો સૌથી અસરકારક રસ્તો ફટાકડાનો ઉપયોગ સંપૂર્ણપણે ટાળવાનો અથવા પર્યાવરણને અનુકૂળ, ઓછા ઉત્સર્જનવાળા વિકલ્પો પસંદ કરવાનો છે.

જવાબદારીપૂર્વક ઉજવણી કરોઃ સ્વચ્છ અને લીલા ઉજવણીના મહત્વ પર ભાર મૂકીને જવાબદારીપૂર્વક ઉજવણી કરવા તમારા પરિવાર અને મિત્રોને પ્રોત્સાહિત કરો. સાંસ્કૃતિક અને સામુદાયિક કાર્યક્રમો પસંદ કરો જેમાં ફટાકડાનો સમાવેશ થતો નથી.

જેમ જેમ રોશનીનો તહેવાર નજીક આવી રહ્યો છે તેમ તેમ શહેરોમાં દિવાળી દરમિયાન વાયુ પ્રદૂષણને કારણે આપણા શ્વસન સ્વાસ્થ્ય માટે સંભવિત જોખમો વિશે જાગૃત રહેવું મહત્ત્વપૂર્ણ છે. તમારી જાતને અને તમારા પ્રિયજનોને બચાવવા માટે પગલાં લઈને, તમે પ્રદૂષણ સાથે સંકળાયેલાં સ્વાસ્થ્ય જોખમોને ઘટાડીને તહેવારોનો આનંદ માણી શકો છો. જવાબદારીપૂર્વક ઉજવણી કરવા માટે વ્યક્તિઓનો સામૂહિક પ્રયાસ બધા માટે સ્વચ્છ અને સ્વસ્થ દિવાળીમાં યોગદાન આપી શકે છે. યાદ રાખો, આ તહેવારોની સિઝનમાં તમારા ફેફસાંનું રક્ષણ કરવું એ ટોચની પ્રાથમિકતા હોવી જોઈએ. ■

## પંચગવ્યનું પંચાંગ (સાતમા પાનાનું ચાલુ)

એટલે કે સુપાચ્ય છે. મનુષ્યનું શરીર પંચતત્વોનું બનેલું છે તે જ પ્રમાણે ગૌમાતાનું શરીર પણ પંચ તત્ત્વનું બનેલું છે. મનુષ્યના શરીરમાં પણ પાંચઇન્દ્રિય છે . તે જ પ્રમાણે ગૌમાતાના શરીરમાં પણ એ જ પ્રકારની પંચેન્દ્રીઓ આવેલી છે. ગૌમાતાની શરીર રચના અને મનુષ્યની શરીર રચનામાં ઘણું બધું સામ્ય હોવાથી મનુષ્યનું શરીર ગૌમૂત્ર (પંચગવ્ય) ને સહેલાઈથી પચાવી શકે છે. ગૌમૂત્ર તદ્દન કુદરતી નેચરલ પદાર્થ છે તે માનવ જાતને ભગવાને આપેલું આરોગ્યનું અમૂલ્ય વરદાન છે. ગૌમુત્ર પાન કરવાથી શરીરમાં ખૂટતા બધા જ તત્ત્વો એટલે કે માનવ જીવનને જરૂરી તમામ પ્રકારના વિટામિન અને ક્ષારો, જીવન પ્રજીવકો, ગૌમૂત્રમાંથી મળી જાય છે. જેથી મનુષ્ય રોગમુક્ત તો થાય જ છે. સાથે તેનાથી શરીરનું પણ રક્ષણ પોષણ અને વિકાસ પણ થાય છે. તે મનુષ્યના તન, મન, હૃદય અને આત્માને ચેતન્યથી ભરી દે છે. તેના જીવનમાં ઉત્સાહઉમંગ અને આનંદ નિર્માણ કરે છે.

ગૌમૂત્રમાં બહુ જ અલ્પ માત્રામાં આવેલ મેન્થોલ ગ્લાયોનેક્સલ નામનો પદાર્થ દરેક સ્ટેજના કેન્સરના દર્દીઓને ખૂબ જ લાભ કરતા છે. ગૌ મૂત્ર પિવાથી તથા લાંબો સમય ચરી પાડવાથી કેન્સર મટવાની શક્યતાઓ વધી જાય છે.

અમારાં છેલ્લાં પ્રયોગમાં ગળાનું કેન્સર થયેલા દર્દીને ફક્ત ગૌ. સ. રસ થી સતત ત્રણ મહિના ઉપચાર કરતા ચમત્કારીક પરિણામ મળ્યાં છે. વધુ વિગત માટે કેન્સરનાં દર્દીઓ ૯૦૦૪૮૯૧૫૫૧ ઉપર પોતાનો રિપોર્ટ વ્હોટ્સએપ કરીને મફત માર્ગદર્શન લઈ શકે છે. ગૌમુત્ર ખોરાકમાં રહેલા પદાર્થોને પચવામાં તથા તેમાંથી લોહી બનવાની ક્રિયામાં સક્રિય ફાળો આપી સહયોગ આપે છે. તેનાથી પાચન શક્તિ વધે છે. હોજરીની દીવાલો ઉપર જામેલા થરો, પડોને દૂર કરી ચોખ્ખી કરે છે. અને સ્નાયુઓને સક્રિય કરી પાચન ક્રિયાને સતેજ જ કરે છે. ઉપરાંત અનેક હાનિકારક જીવાણુઓનો નાશ કરે છે. પાચનતંત્રના રોગોને દૂર કરે છે. ગૌમુત્ર શરીરમાં શ્વેતકણોનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરે છે. શ્વેતકણો રોગોના જીવાણુઓ સામે લડવાનું કામ કરે છે. ગૌમૂત્ર શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ વધારે છે. માટે ગમે તેવા રોગચાળા વખતે પણ શરીરનું રક્ષણ કરી રોગમુક્ત રાખે છે. ગૌમૂત્ર વેક્સિનેશનનું કામ કરે છે. જે છેલ્લા બે વર્ષમાં કોરોના કાળ દરમિયાન ભારત દેશ ની એક પણ ગૌશાળામાં એક પણ કોરોનાનાં કેસ થયાં નથી..

ગૌમુત્રમાં ઘણા એવા તત્ત્વો છે તેને હજી સુધી આધુનિક વિજ્ઞાન સાયન્સે શોધ્યા જ નથી. એવા અજ્ઞાત તત્ત્વો જેનું નામકરણ થયું નથી. પણ આ શક્તિશાળી ગૌમુત્રના તત્ત્વો શરીરની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરી શરીરને નિરામય રાખે છે. તેમાં કોઈ સંશય નથી.

ગૌમૂત્રમાં યુરિયા નામનો પદાર્થ શરીર માટે અત્યંત ઉપયોગી પદાર્થ છે. મૂત્રપિંડોની કાર્યક્ષમતા વધારે છે. તેના કારણે કિડનીને લાગતા રોગો દૂર થાય છે. કિડનીને ફેલ થવાનો જ ભય દૂર થાય છે. કિડની સક્રિયતા તેમજ કેપેસિટી વધે છે.

ગૌમુત્રમાં રહેલો એરિથ્રોપોઈટીન નામનો પદાર્થ હાડકા નાં મજ્જાતંતુઓને સક્રિય કરી નવાં લાલ રક્તકણોનું નિર્માણ કરે છે. તેના કારણે લાલ રક્તકણોની ઊણપને કારણે થતા રોગો ઉપર નિયંત્રણ આવે છે.

=ક્ષ્ગૌમુત્રમાં રહેલો પ્રોસ્ટોગ્લાઇડીન નામનો પદાર્થ હર્મોન્સ સ્નાયુઓની સ્થિતિ સ્થાપકતા એટલે કે વિસ્તરણ અને સંકોચનની પ્રક્રિયા માટે અત્યંત જરૂરી છે. ગર્ભાશયના સંકોચન અને વિસ્તરણ માટે તે ઉપયોગી છે. તેના કારણે પ્રસૂતિ નોર્મલ થાય છે. એના અભાવે સ્નાયુઓ સ્થિત એટલે કે જડ થઈ જાય છે. એના કારણે હાડકાના સાંધાઓના હલનચલનમાં મુશ્કેલીઓ ઊભી થાય છે. અથવા બેસવામાં-વજન ઊંચકવામાં-વ્યાયામ કરવામાં તકલીફ થાય છે. શરીરમાં જડત્વ નિર્માણ થાય છે. ગૌમુત્રમાં આવેલ ઓર્ડિનાઈલોટ નામનો હાર્મોન્સ મગજની આજ્ઞા પ્રમાણે શરીરના અવયવોને અનુસરવાની પાલન કરવાની ક્ષમતા આપે છે. તેથી શરીરની એક્ટિવનેસ ચપળતા નિર્માણ થાય છે. શરીરમાં પૂરતી સ્ફૂર્તિ, તરવરાટ, થનગનાટ, ઉત્સાહ અને ઉમંગ નિર્માણ થાય છે. ગૌમુત્ર જાતીય હારમોન્સને જાગૃત એટલે કે ઉત્તેજિત કરે છે. એક્ટિવ કરે છે તે માણસની નિર્બળતાઓ દૂર કરી ચેતના નિર્માણ કરે છે. તેના કારણે સંતાન પ્રાપ્તિના યોગ નિર્માણ થાય છે.

ગૌમુત્રમાં શરીર વૃદ્ધિ કરનારા વિકાસ એટલે કે ગ્રોથ હાર્મોન આવેલા જ હોય છે.તેના કારણે માણસોનો શારીરિક વિકાસ એટલે કે વૃદ્ધિ થાય છે. તેને લીધે માણસની ઊંચાઈ અને વજન વધે છે જે આજનાં આધુનિક ભેળસેળીયા જીવનશૈલીમાં પંચગવ્યનાં અભાવે ઘટે છે.(આપણા વડવાઓ સાથે આપણી સરખામણી કરી શકો)

ગૌમૂત્રમાં આવેલું યુરોંનકાઈનેઝર રક્તવાહિનીઓની અંદર પેદા થયેલ લોહીનાં ગઠ્ઠા જામવાની પ્રક્રિયામાં વિભાજન કરીને છૂટા પાડે છે. તેને ઓગાળીને પુનઃ લોહીના સ્વરૂપમાં રૂપાંતર કરે છે. માણસની ધમનીઓ નળીઓમાં લોહીના ગઠ્ઠાઓનો અવરોધ ઊભો કરે છે. પરિણામે રૂધિરાભિસરણની ક્રિયામાં અવરોધ ઊભો થાય છે. લોહી હૃદય સુધી પહોંચતું નથી આવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે હાર્ટ એટેક આવે છે. ગૌમુત્રમાં લોહીને પાતળું પ્રવાહી સ્વરૂપમાં રાખવાનો જબરજસ્ત ગુણ છે. તે સારક છે; એટલે કે લોહીને જમવા દેતું નથી ગઠ્ઠાઓને ઓગાળે છે. લોહીના પ્રવાહી સ્વરૂપને સતત જાળવી રાખે છે. લોહીનું ભ્રમણ નિયમિત અને સરળ બનાવે છે. હૃદયરોગના હુમલાને ટાળે છે.

ગૌમુત્રમાં એન્ઝાઈમ્સ હોય છે. શરીર માટે આ અત્યંત ઉપયોગી પદાર્થ છે. તે શરીરમાં ચાલતી બધી ક્રિયાઓનું નિયમન કરે છે. કંટ્રોલ કરે છે. તેના ઉપર કાબૂ ધરાવે છે. ગૌમુત્રનું સેવન કરનારાઓની પ્રાણશક્તિ મજબૂત થાય છે. તેના કારણે તેવી વ્યક્તિઓ વાતાવરણમાંથી ઓક્સિજનને આત્મસાત્ કરવાનું કાર્ય ખૂબ જ સરળતાથી કરે છે.

કાચું ગૌમુત્રનું પાન કરનારાઓના લોહીની વિકાસ દૂર થાય છે, કારણ કે ગૌમુત્ર લોહીમાં લાલકણોનું ઉત્પાદન વધારે છે. તેનાથી શરીરની લાલાશ વધે છે મોં ઉપર તેજ એટલે કે ક્રાંતિ વધે છે ચમક આવે છે.

કાચું ગૌમુત્ર એન્ટિબાયોટિક પણ છે. હાલના સંજોગોમાં એલોપેથી ડોક્ટરો ઘણા રોગોમાં એન્ટિબાયોટિક ઇન્જેક્શનનો આપે છે. કાચું ગૌમૂત્ર લેનારાઓને તેની જરૂર પડતી નથી. કારણ કે કાચું ગૌમૂત્ર સ્વયમ એન્ટિબાયોટિક છે. તે રોગ સામે લડવાની અદભુત શક્તિ આપે છે. કાચું ગૌમુત્ર શક્તિવર્ધક ટોનિક છે તે મનુષ્યના શરીરની નબળાઈઓ-અશક્તિ દૂર કરી શકતી સંચાર કરે છે. એલોપેથી ડૉક્ટરો નબળી વ્યક્તિઓને વિટામિનની ગોળીઓ કે ઇન્જેક્શનનો આપે છે. અકુદરતી રીતે તેના શરીરમાં દાખલ કરે છે. આવા વિટામિનો શરીર પચાવી શકતું નથી. કાચા ગૌમુત્રમાં કુદરતી વિટામિનો ક્ષારો અને દ્રવ્યો આવેલા છે, જે શરીરને ટોનિક જીવનશક્તિ પૂરી પાડે છે.

કાચું ગૌમુત્ર ઘણા અસાધ્ય રોગો જડમૂળમાંથી દૂર કરી તેને કાયમ માટે દૂર કરે છે. દા.ત. હૃદયરોગ, કેન્સર, એઇડ્સ, અસ્થમા, ચામડીના રોગો, પેટના રોગો, શ્વસન તંત્રના રોગો મટાડે છે, પણ કાચા ગૌમૂત્રના કયા તત્વોને કારણે કયા રોગો મટે છે, તે હજી સુધી ચોક્કસ રીતે શોધાયું નથી; હજી સંશોધનોને ઘણો અવકાશ છે. કાચાગૌમુત્રમાં ઘણા બધા રહસ્યો છુપાયેલા છે. જે આધુનિક વિજ્ઞાનને ઉજાગર કરવાના છે. કાચા ગૌમુત્રને હજી આધુનિક મેડિકલ સાયન્સના આધારનું સર્ટિફિકેટ એટલે કે પ્રમાણપત્રની ખૂબ જ જરૂર છે. હજારો વ્યક્તિઓના અસાધ્ય રોગો મટ્યા છે. તે ખરેખર ચમત્કાર જ ગણાય, પણ તેનું વૈજ્ઞાનિક પથ્થકરણ કરીને ડોક્યુમેન્ટેશન કરવાની જરૂર છે. જેથી વધુને વધું લોકો ગૌ. સ. રસનું પાન કરશે. અને ત્યારે કાચા ગૌમૂત્રની માગ વધતા ગૌ પાલકોને ગૌમૂત્રનું સારું મૂલ્ય મળશે. અને આમ થતાં કોઈ ગૌપાલક પોતાની દૂધ ન આપતી ગૌમાતા અને નંદીને ઘરબહાર નહીં કાઢે. કસાઈ ને નહીં વેચે. અને આપણી ગૌમાતા ઉકરડામાં નહીં પેટ ભરે.

કાચા ગૌમુત્રનું સેવન કરવાથી ઘણા રોગીઓનું કેન્સર મટ્યા ના ઘણા કેસો છે. ગૌમૂત્રનું ક્યું તત્વ કેન્સર મટાડે છે તે ચોક્કસપણે કહેવું મુશ્કેલ છે. હજી વૈજ્ઞાનિકોએ તે શોધવાનું બાકી છે. કેટલાક કેસોમાં એવું જોવા મળ્યું છે કે ગૌમુત્રમાં રહેલું મેથીલગ્લાયોક્ષલ નામનું તત્વ કેન્સર મટાડવામાં મદદરૂપ છે.

કાચું ગૌમુત્ર જંતુઘ્ન એટલે કે જંતુઓનો નાશ કરનારું છે તે રોગોના કીટાણુઓનો નાશ કરે છે. હોજરીમાં રહેલા જંતુઓનો નાશ કરે છે. ઉપરાંત હવા દ્વારા કે પાણી દ્વારા શરીરમાં દાખલ થયેલા વિવિધ હાનિકારક ખાદ્ય રસાયણો અને રોગોના જંતુઓનો નાશ કરી શરીરને જંતુમુક્ત કરી નિરોગી બનાવે છે.

વધું આવતા અઠવાડિયે... ■

## ફિટ સોલ (સાતમા પાનાનું ચાલુ)

મૌલિક ગુણ છે. તે આત્માની શુદ્ધતાનું પ્રમાણ છે!

### આત્માનંદ માટે કાઉસ્સગમ્!

કાઉસ્સગમ્ એટલે શરીર, વાણી અને મનની અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ. એ સર્વોત્તમ તપ છે, ઉત્તમાઉત્તમ સાધના છે. વિશેષપણે તે અજ્ઞાનતા અને મિથ્યાજ્ઞાનતાનો ત્યાગ છે! કાઉસ્સગમ્ કૈવલ્ય પ્રાપ્તિ માટે અનિવાર્ય છે.

કાઉસ્સગમ્‌ની સાધના પણ અનોખી છે. તે પ્રબુદ્ધતા (Higher Intelligence) અને પ્રજાગતા (Higher Consciousness) જેવી આત્મ શક્તિઓને સક્રિય કરે છે. જે પણ વ્યક્તિમાં આ બન્ને ગુણ વિકિસત થાય છે તે ક્યારે દુઃખી થતો નથી. કાઉસ્સગમ્ સાધનાનો પ્રયોગ પણ વૈજ્ઞાનિક છે. સાધકને ચોક્કસ ક્રિયાઓ દ્વારા અંતરમુખી કેમ થવું એ શીખવાડવામાં આવે છે, અને પછી તેને આત્મ-પ્રગતિ માટે પ્રેરીત કરવામાં આવે છે.

કાઉસ્સગમ્‌ની સાધના કરતા કરતા સાધક ચિત્ત જાગૃતિને પામી શકે છે. એ અનુભવ પણ આનંદકારક હોય છે. એ દશામાં ચિત્તની અશુદ્ધ વૃત્તિઓ પણ શાંત થઇ જાય છે અને આત્મિક ગુણ પર મનન ચિંતન કરી શકાય છે અને આત્મ પરિવર્તન સાધી શકાય છે.

આત્માનંદની પ્રાપ્તિ માટે પ્રથમ આવશ્યક છે- ‘આકાંક્ષાઓથી મુક્તિ’. કાઉસ્સગમ્‌ની શાંત દશામાં આપણી વિવિધ આકાંક્ષાઓ પ્રત્યે સાવધ થઇ શકાય છે. આપણી આકાંક્ષાઓ એટલે ઇચ્છાઓ, વાસનાઓ, અપેક્ષાઓ, લાલસા અને વિભાવનાઓનો સમૂહ! જ્યારે મન એકાગ્ર હોય છે, ચિત્ત નિર્મલ હોય છે ત્યારે આપણાં જ દૂષણોનુ દપર્ણ બની જાય છે. સાથેસાથે આ દૂષણોથી નિર્માણ થતી વેદનાઓથી મુક્ત થવાની તીવ્ર ભાવના પણ પ્રકટ થાય છે.

જે તમે અતિ તીવ્રતાથી ભાવના કરો એ તમે પામી શકો છો, એવો કુદરતનો નિયમ છે. જ્યારે આકાંક્ષાઓના વિવિધ ઘટકોને શાંત કરતા જઇએ, તો આત્મનંદની અનુભૂતિ થયા વિના રહેશે નહીં. તો ચાલો, કાઉસ્સગમ્‌ની સાધના દ્વારા સુખ-દુઃખના કેદખાનાથી મુક્ત થઇને આત્માનંદનો લ્હાવો લઇએ... જીવન સાર્થક કરીએ. ■




feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

અભિમન્યુ મોદી

# શરદ ઋતુ તબિયત ઉપર ભારે અને દિવાળી ફેફસા ઉપર ત્રાસ ગુજારે!

દિલ્હી સિર્ફ સુર્ખીયો મેં બદનામ હૈ, અસલ મેં પોલ્યુશન સબ શહેર મેં હૈ. પર્યાવરણ ઉપર કોઈ બોલીવુડ સ્ટાઈલ ફિલ્મ બનાવવી હોય તો આવો ડાયલોગ એમાં લઇ શકાય. દિલ્હીમાં અત્યારે હવાનું પ્રદુષણ ચિંતાજનક સ્તરે વધી રહ્યું છે. પણ દિવાળી ઉપર દરેક ગામની હવાની ગુણવત્તા બગડી જાય છે. કારણ? વધતા ટ્રાફિકને કારણે વધતું પ્રદૂષણ અને ફટાકડાનો ધુમાડો! આમ પણ શરદઋતુ શરૂ થઇ ગઈ છે એટલે તમારી આસપાસના અડધોઅડધ લોકો શરદી-ઉધરસ-વાઈરલ ઇન્ફેક્શનના શિકાર હશે. એમાં પણ દિવાળીના ફટાકડા હવાને બગાડે એટલે લોકોના શ્વસનતંત્ર વધુ ખરાબ થાય.

દિવાળી દરમિયાન હવાની ગુણવત્તામાં તીવ્ર બગાડ શ્વસન સ્વાસ્થ્ય માટે ગંભીર ખતરો ઉભો કરે છે, જેનાથી વિવિધ શ્વસન રોગો અને વિકૃતિઓનો વ્યાપ વધી રહ્યો છે. કેટલીક સૌથી સામાન્ય રીતે અસરગ્રસ્ત પરિસ્થિતિઓમાં નીચેનાનો સમાવેશ થાય છે:

અસ્થમા: અસ્થમા ધરાવતા લોકો ખાસ કરીને દિવાળી દરમિયાન વધુ ખરાબ થતાં લક્ષણો માટે સંવેદનશીલ હોય છે. એરબોર્ન પ્રદૂષકો અસ્થમાના હુમલાને ઉત્તેજિત કરી શકે છે, જેના પરિણામે શ્વાસ લેવામાં તકલીફ થાય છે અને છાતીમાં કફ ભરાઈ જાય છે.

શ્વાસનળીનો સોજો: ઉચ્ચ સ્તરના વાયુ પ્રદૂષણના સંપર્કમાં આવવાથી વાયુમાર્ગમાં બળતરા થાય છે, જે તીવ્ર શ્વાસનળીનો સોજો તરફ દોરી જાય છે. લક્ષણોમાં સતત ઉધરસ, છાતીમાં અસ્વસ્થતા અને વધેલી લાળ શામેલ હોઈ શકે છે.

COPD (ક્રોનિક પલ્મોનરી ડિસીઝ): COPD ધરાવતા લોકો, જેમાં ક્રોનિક બ્રોન્કાઇટિસ અને એમ્ફિસીમા જેવી પરિસ્થિતિઓનો સમાવેશ થાય છે, તેઓ ગંભીર લક્ષણોનો અનુભવ કરી શકે છે. પ્રદૂષિત હવાના સતત સંપર્કમાં રહેવાથી ફેફસાંની કામગીરી બગડી શકે છે અને શ્વાસ લેવામાં તકલીફની સમસ્યા વધી શકે છે.

ન્યુમોનિયા: ન્યુમોનિયા એ ફેફસાંની દાહક સ્થિતિ છે અને પ્રદૂષકોના



સંપર્કમાં આવવાથી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે, જે વ્યક્તિઓને શ્વસન ચેપ માટે વધુ સંવેદનશીલ બનાવે છે.

શ્વસન ચેપ: હવામાં ફેલાયેલા કણોના સ્તરમાં વધારો થવાથી શ્વાસનળીનો સોજો, ન્યુમોનિયા અને સામાન્ય શરદી જેવા શ્વસન ચેપના ઊંચા દરો થઈ શકે છે.

ઉપાયો અને સાવચેતીઓ:

દવાઓ:શ્વસન સમસ્યાઓ ધરાવતા લોકોએ ખાતરી કરવી જોઈએ કે તેમની પાસે સૂચિત દવાઓનો પૂરતો પુરવઠો છે. લક્ષણો વધુ ખરાબ થવાના કિસ્સામાં, તાત્કાલિક તબીબી સહાય મેળવો.

ડોક્ટરની સલાહ લો: જો તમને શ્વસન સંબંધી લક્ષણો અથવા અસ્વસ્થતા સતત અનુભવાતી હોય, તો આરોગ્ય સંભાળ વ્યવસાયીનો સંપર્ક કરો. આ પરિસ્થિતિઓના સંચાલન માટે સમયસર નિદાન અને સારવાર મહત્ત્વપૂર્ણ છે.

હ્યુમિડિફાયરનો ઉપયોગ કરો: હ્યુમિડિફાયર તમારા ઘરમાં ભેજનું સ્તર જાળવવામાં મદદ કરી શકે છે, ગળા અને વાયુમાર્ગમાં બળતરા થવાનું જોખમ ઘટાડે છે.

હાઇડ્રેટેડ રહો: યોગ્ય હાઇડ્રેશન શ્વસન માર્ગમાં મ્યુકોસ મેમ્બ્રેનને ભેજવાળી રાખે છે, જે બળતરાને રોકવા અને લક્ષણો ઘટાડવામાં મદદ કરી શકે છે.

શ્વસન સંબંધિત કસરતો: ઊંડા શ્વાસ લેવાની કસરતો શ્વાસ ફેફસાના કાર્યમાં સુધારો કરી શકે છે અને વાયુમાર્ગમાંથી લાળ સાફ કરવામાં મદદ કરી શકે છે.

તમારા ઘરને એલર્જન-પ્રૂફ કરો: નિયમિતપણે સફાઈ કરીને અને ધૂળ-મુક્ત વાતાવરણ જાળવીને ઇન્ડોર એલર્જનના સંપર્કમાં ઘટાડો કરો. એલર્જન-પ્રૂફ પથારી અને કવરમાં રોકાણ કરો.

રસીકરણ: ખાતરી કરો કે તમે ફ્લૂ શોટ અને ન્યુમોનિયાની રસી સહિત રસીકરણ પર અદ્યતન છો, કારણ કે શ્વસન ચેપ પ્રદૂષિત પરિસ્થિતિઓમાં વધુ ગંભીર હોઈ શકે છે.

તંદુરસ્ત આહારનું પાલન કરો: ફળો, શાકભાજી અને એન્ટીઑક્સિડન્ટોથી સમૃદ્ધ સંતુલિત આહાર તમારી રોગપ્રતિકારક શક્તિને વધારવામાં અને તમારા શ્વસન સ્વાસ્થ્યને સુરક્ષિત કરવામાં મદદ કરી શકે છે.

શારીરિક પ્રવૃત્તિ મર્યાદિત કરો: જે દિવસોમાં હવાની ગુણવત્તા સાથે ગંભીર રીતે ચેડા કરવામાં આવે છે, (જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com


ફિટ સોલ

ડૉ. મયંક શાહ

# પ્રાચીન જ્ઞાન, આધુનિક વિજ્ઞાન ‘કાઉસ્સગમ્’ દ્વારા આત્માનંદની કેળવણી!

સુખ બધાને જોઇએ છે તમને કોઇ એવો માણસ નહીં મળે જે સુખની પાછળ દોડતો નહીં હોય અને એવી જ રીતે, દુ:ખ કોઇને નથી જોઇતું દુ:ખથી બધા જ દૂર ભાગે છે. આ સુખ-દુ:ખના ભાગંભાગ જ સંસારની વાસ્તવિકતા છે. પણ આશ્ચર્યજનક વાત તો એ છે કે કોઇને સુખ-દુ:ખ ખરેખર શું છે, એની જ ખબર હોતી નથી.

આધુનિક મનોવિજ્ઞાનિક પણ કહે છે કે સુખ-દુ:ખ એ માત્ર તમારો અભિપ્રાય છે, તમારા ‘માનસ’ દ્વારા ઉપજાવેલો ભ્રમ છે, ખરેખર, સુખ-દુ:ખ તો અસ્તિત્વ જ નથી. તમારા જ્ઞાનને મર્યાદા અને દૃષ્ટિકોણની પરિપક્વતા એ બન્ને સુખ-દુ:ખને આકાર આપે છે. આ વાતને સમર્થન આપનાર આ બોધ વાક્ય પર ધ્યાન આપવાની જરૂર છે.



"I Cried when I had no shoes, Until I saw sameone who had no legs,,,"

અર્થાત: ‘‘મારી પાસે પગરખાં નહોતાં માટે હું રડતો હતો, અને મેં એવી વ્યક્તિને જોયો જેની પાસે પગ જ નહોતા.’’

ઉપરોક્ત વાત સમજવા જેવી છે. જેની પાસે પગરખાં નથી અને ખુલ્લા પગે ચાલવાથી પગમાં કાંટા વાગે છે, ત્યારે તેને દુ:ખ થાય છે કે મારી પાસે પગરખાં નથી, અને જ્યારે આ વ્યક્તિ અન્ય કોઇ પગ વગરની વ્યક્તિને જુએ છે ત્યારે એને એના પગની કિંમત સમજાય છે. પછી દુ:ખ શાને રહે? સંસારમાં રહેનાર મનુષ્યોએ સુખ-દુ:ખની પરિભાષા જ બદલી નાખી છે. ઇન્દ્રિયોના વિષયોમાં મદ મસ્તિ અને ઇચ્છા પૂર્તિમાં જ સુખ છે એ વલણ અપનાવી દીધું છે. આ વાત આપણા મન-ચિત્તમાં એવી ગોઠવાઇ ગઇ છે કે આના સિવાય બીજું કાંઇ સુઝતું નથી.

## આનંદની ફિલસૂફી:

સાધારણપણે મનુષ્ય ત્રણ પ્રકારના અનુભવો કરી શકે છે. એક અનુભવ સુખનો છે. આ અનુભવ ‘રાગ’ ઉપજાવે છે. બીજો અનુભવ દુ:ખનો હોય છે. આ અનુભવ દ્વેષ ઉપજાવે છે. આ બન્નેના બાહ્ય કારણ હોય છે. એ આપણા શરીર અને વ્યવહારીક સંસાર સાથે જોડાયલી ઘટનાઓ છે. આપણું મન આવી સુખ-દુ:ખને સંવેદનાઓમાં રચ્યું-પચ્યું રહે છે. આ બન્ને અનુભવો ઉપરાંત એક ત્રીજો વિરલ અનુભવ હોઇ શકે છે- ‘આનંદ’નો અનુભવ!

આનંદ એ ‘આતમ’ની ઘટના છે. તે આપણા સૂક્ષ્મ ચિત્ત પ્રદેશોમાં અભિવ્યક્ત થાય છે. ચિત્ત પ્રદેશ એટલે જ્યાં ચૈતન્ય જાગરૂક હોય, સભાનપણે અને નિશ્ચયપણે કાર્યરત હોય! જ્યાં ગતાનુગતિક અને યંત્રવત જીવન નહીં પણ વિવેક બુદ્ધિ દ્વારા અર્થપૂર્ણ જીવન જીવવાની મહત્ત્વકાંક્ષા હોય! આવી જાગરૂક ચિત્ત દશામાં સુખ-દુ:ખની પરિભાષા બદલાઇ જાય છે. અહીં સુખ અને દુ:ખ બન્ને પીડાદાયક ભાસે છે. બન્ને અશાંતિના સ્તોત્ર છે એ સમજાય છે. જ્યાં સુખ-દુ:ખની માન્યતા બદલાઇ જાય છે; સુખ અને દુ:ખ અદ્રશ્ય થઇ જાય છે, ત્યારે જ આનંદ પ્રકટ થાય છે!

આનંદ ‘અકારણ’ હોય છે. એને બાહ્ય ઘટનાઓ સ્પર્શી શક્તી નથી. આનંદ ‘સ્થિર’ પણ હોય છે. એક વખત પ્રકટ થઇ જાય પછી એ અસ્ત થતી નથી. આનંદનો સીધો સંબંધ તમારી આત્મા સાથે છે, તમારા ચૈતન્ય સાથે છે. તે (જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

પંચગવ્યનું પંચાંગ

પ્રફુલ કાટેલિયા

# ફ્લેવર્ડ ગૌમૂત્ર (ગૌમંગલ સંજીવની રસ)

(ગતાંકથી ચાલુ)

=ક્ષગૌમુત્રનું વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરતા આ પ્રમાણેના દ્રવ્યો, તત્ત્વો, પદાર્થો એટલે કે ઘટકો મળી આવ્યા છે.

નાઇટ્રોજન, એમોનિયા, સુવર્ણ ક્ષાર ૮.૫૦mg/ltr, તાંબુ, સિલ્વર ૪.૫૭mg/ltr,

મેંગેનીઝ ૩.૨૧mg/ltr, આયોડિન, સલ્ફર, એમોનિયા ગેસ,

યુરિયા,

ફુલ્વિક (fulvic) એસિડ ૧૬૫ mg / ltr,

યુરિક એસિડ, આલ્કલીક એસિડ, હિપુરિક એસિડ, લેકટોજ એન્ઝાઇમ, ક્રિયેટિન, સીસું, આયર્ન ૪.૨૮ mg/ltr,

ઝીંક ૪.૬૬ mg/ltr,

લોહતત્ત્વ ,હાર્મોન ,

આરમ ઓક્સાઇડ, કેલ્શિયમ ૧૮૦mg/ltr, ફોસ્ફેટ ,

પ્રોપોલીન ઓક્સાઇડ,

ઈથીલીન ઓક્સાઇડ,

ગ્લોનોટોઝ, ગ્લાઇકો ડાયસ અને અનેક પ્રકારના પ્રજીવકો હાર્મોન, ઇલેક્ટ્રોન, પ્રોટોન, ગ્લુકોઝ, એલકેલાઇડ, એસીટેટ, પોટેશિયમ બાય ટ્રાઈટેટ તેમજ અનેક પ્રકારનાં મિનરલ્સ; ખનિજ તત્ત્વો આ ઉપરાંત વિટામિન A એ, B1= 295 ug, વિટામિન B12= 6.64 ug, વિટામિન સી,ડી અને ઈ વત્તા ઓછા પ્રમાણમાં જણાયું છે. તેમજ દૂધ આપતી ગાયોના મૂત્રમાં લેકટોઝ વિશેષ પ્રમાણમાં હોય છે. તેમાં રહેલ ફ્લેવોનોઈડ અને કેરોટીન હૃદયને મજબૂત કરી રક્ષણ આપે છે. તેમ જ પી ૩ નામનું તત્વ લોહીને જામી જતું અટકાવે છે. અને પ્રવાહી સ્વરૂપ જાળવી રાખે છે.

પ્રકૃતિનાં સર્વોત્તમ એન્ટિક્સિડેન્ટ અને ઈમ્યુનિટી બુસ્ટર ગૌઝરણથી નિર્મિત ગૌમંગલ સંજીવની રસ એક સુમધુર,સુગંધિત પીણું બનાવ્યું છે, જેમાં જંગલમાં ચરતી ગૌમાતા બાવન પ્રકારની વનસ્પતિનું સેવન કરીને તેનાં ગુણધર્મો નો સાર માનવ જગતને ધન્વંતરિ સ્વરૂપે આપે છે..

આ ઉપરાંત મેથોલ ગ્લાયોનેક્ષોલ, એરીપ્રોપોઇતિંન, પ્રોસ્ટોગ્લાયડીન, ઓર્ડિનાઈલોટ, જાતીય હરમોન્સ, યુરોનકાઈનેઝ જેવાં કેટલાંય પ્રકારના એન્ઝાઈમ્સ તેમ જ સ્ટીરોઇડ નો ઉત્તમ સ્રોત છે.

એનાલિટિકલ લેબોરેટરી દ્વારા સિદ્ધ થયું છે કે એક લીટર સંજીવની રસમાં લગભગ ૮.૫૦મીલી ગ્રામ સોનું અને ૪.૫૭મીલી ગ્રામ ચાંદી પ્રદાન કરે છે, જે શરીરનાં નિર્માણ, મસ્તીષ્કનાં પોષણ અને સ્મરણશક્તિ વધારવામાં મદદ કરે છે.




ક્ષસંજીવની રસ એક ઉત્તમ પ્રીબાયોટિક અને પ્રોબાયોટિક હોવાથી વિટામિન બી ૧૨ વર્ધક છે. ૩૦ મિ.લી સંજીવની રસ આખા એક દિવસની વિટામિન બી ૧૨ની જરૂરિયાત સહજતાથી પૂરી કરે છે.

ગૌમંગલ સંજીવનીરસ શરીરમાં જમા થયેલ વિષાક્ત પદાર્થોને બહાર કાઢી પ્રતિરક્ષા પ્રણાલીને સશક્ત બનાવવામાં મદદ કરે છે. અને હાનિકારક કોલેસ્ટ્રોલ અને યુરિક એસિડને નિયંત્રિત કરે છે.

ગૌ.સ.રસમાં રહેલ શીલાજીત, હ્યુમિક એસિડ અને ફોલવિક એસિડનું ઉત્તમ સ્રોત છે. જે વિષનાશક, એન્ટિઓક્સિડન્ટ અને સ્ફૂર્તિદાયક માટે જાણીતા છે.

૩૦ મીલી. ગૌ. સ. રસમાં લગભગ ૫૦૦ મીલીની એક કેપ્સુલ બરાબર શીલજીત આપે છે. શીલજીત હાડકા અને સાંધાઓને મજબૂત બનાવે છે. સાથે વીર્ય,બળ અને આયુવર્ધક રસાયણ છે.

અતિ આધુનિક મેડિકલ સાયન્સએ ન શોધેલાં એવાં અનેક પ્રકારના ખનીજ તત્વો ગૌમુત્રમાં રહેલાં છે; ગૌમૂત્રમાં રહેલાં અનેક પ્રકારના સમુદ્ર જેવાં રહસ્યો આધુનિક વિજ્ઞાને હજી શોધવાનાં બાકી છે..

ગૌમુત્રમાં રહેલા આ બધા જ તત્ત્વો તેમ જ પદાર્થો પ્રવાહી સ્વરૂપમાં તેમ જ અતિ સૂક્ષ્મ સ્વરૂપમાં હોવાથી શરીરમાં તદ્દન આસાનીથી પચી જાય છે. એટલે કે સુપાચ્ય છે. મનુષ્યનું શરીર પંચતત્વોનું બનેલું છે તે જ પ્રમાણે ગૌમાતાનું શરીર પણ પંચ તત્ત્વનું બનેલું છે. (જુઓ પાનું ૬) ▶▶

feedback@bombaysamachar.com

વિશેષ

મુકેશ પંડયા

વાયુ પ્રદૂષણ

# આ પાંચ તત્ત્વોનો વપરાશ વધારો, તમારી દિવાળી સુધારો

શિયાળાની શરૂઆત થઇ ચૂકી છે તેની સાથે દિલ્હી અને મુંબઇ જેવાં શહેરોમાં પ્રદૂષણ પણ વધવા લાગ્યું છે. શિયાળામાં હવાની ગીચતા (ડેન્સિટી) વધતી જવાથી ધુમાડાની તેમ જ બાંધકામ દરમ્યાન ઊડતી રજકણો હવામાં જ સપડાયેલી રહે છે. આવી હવા શ્વાસ વાટે શરીરની અંદર જાય છે ત્યારે અનેક બીમારી ઉદ્ભવે છે. ખાસ કરીને ખાંસી, શરદી-સળેખમ, અસ્થમા અને શ્વસન સંબંધિત રોગોનું પ્રમાણ વધે છે. આ રોગો ઘર કરી જાય પછી તેને લગતી અનેક ગંભીર બીમારીઓ પણ શરીરમાં વધતી જાય છે. આવી બીમારીઓ સામે રક્ષણ મેળવવા આજથી જ તકેદારી રાખવાનું શરૂ કરી દેશો તો ફાયદામાં રહેશો અને દિવાળી સુધરશે. ચાલો આપણે નિમ્નલિખિત સૂચનો મમળાવીએ અને અપનાવીએ.

**વારંવાર બીમાર પડતા હોય તેમણે માસ્ક પહેરીને બહાર નીકળવું**



કોરોના કાળ સમાપ્ત થયા પછી આપણે ભારતીયોએ માસ્ક પહેરવાનું છોડી દીધું છે ,પરંતુ જાપાનમાં તો વિવિધ ચેપથી બચવા ઘણા લોકો આજે પણ ઘરની બહાર નીકળે ત્યારે માસ્ક પહેરીને જ નીકળે છે. જેને શરદી થઇ હોય એવા લોકો તો ખાસ માસ્ક પહેરીને નીકળે છે જેથી તેમનો ચેપ બીજાને ન લાગે.

**ગરમ પાણી પીવાનું ચલણ રાખો**




શિયાળાની ઋતુમાં હાલતા ચાલતા શરદી થઇ જવી સામાન્ય બાબત છે. આવા સંજોગોમાં ફ્રિજ કે માટલાના ઠંડા પાણી પીવાનું ટાળી નવશેકું ગરમ પાણી પીવાની આદત કેળવવી જોઇએ જે માત્ર શરદી સળેખમ જ નહીં પણ કબજિયાત જેવા અનેક રોગોમાં પણ લાભકારક છે.

આટલી સામાન્ય તકેદારી પછી પણ ક્યારેક પ્રદૂષિત હવાને કારણે આપણા શરીરમાં બીમારી દાખલ થાય તો તેની સામે કુદરતી રીતે લડવા આપણે આપણા ડાયેટમાં નીચેની પાંચ વસ્તુઓનો વપરાશ કરવો જોઇએ જે વાયુપ્રદૂષણ સામે આપણા શરીરનું રક્ષણ કરે છે.



**આદું :** કોઇ વ્યક્તિ સતત કોઇ ધ્યેય પાછળ કાર્યરત હોય તો આપણે એવો વાક્યપ્રયોગ કરીએ છીએ કે આ વ્યક્તિ તો ફલાણા કામ પાછળ આદું ખાઇને પડી છે. આદું ખરેખર જ આપણી અનેક બીમારીઓ તો દૂર કરે છે સાથે શક્તિ પણ પ્રદાન કરે છે જેને કારણે આપી કાર્યક્ષમતામાં વધારો થાય છે. કોની માતાએ સવાશેર સૂંઠ ખાધી છે એ વાક્યપ્રયોગ પણ શક્તિ વાર્ધક્યના રૂપમાં પ્રયોજાય છે.

આદું તો શરીરમાં અનેક રીતે ફાયદો કરે છે, પરંતુ વાયુ પ્રદૂષણ સામે લડવાની વાત કરીએ તો તેનામાં રહેલા કુદરતી એટોપ્ટોજનને કારણે શરીરની વાયુપ્રદૂષણ સંબંધિત અનેક બીમારીઓ સામે લડવાની શક્તિ વધી જાય છે. આ ઉપરાંત તે માનસિક તાણ ઓછી કરવામાં પણ મદદરૂપ સાબિત થાય છે.



**ઑલિવ ઓઇલ :** આરોગ્યને જાળવતા જે શ્રેષ્ઠ ખાવાના તેલ છે તેમાં તલ અને સરસવના તેલની જેમ ઑલિવ ઓઇલનો પણ સમાવેશ કરી શકાય. આ તેલના અનેક ઉપયોગ છેપણ વાયુ પ્રદૂષણ સામે લડવા ફેફસાની કાર્યક્ષમતા વધારવાની જરૂર છે જે ઑલિવ ઓઇલના ઉપયોગથી વધી શકે છે. આ તેલમાં જે આલ્ફા ટોકોફેરોલ નામનું તત્ત્વ છે એ ફેફસાને મજબૂત કરવાનું કામ કરે છે જે વાયુપ્રદૂષણના કારણે થતી વિવિધ બીમારીઓ સામે ઢાલ બનીને શરીરનું રક્ષણ કરે છે.



**ટામેટાં :** થોડા સમય પહેલાં ટામેટાંના ભાવને લઇને ઘણો ઊહાપોહ થયો હતો પણ હવે તો ભાવ ઘટીને સ્થિર થયા છે તો તેનો આ ઋતુમાં સદુપયોગ કરી લેવો જોઇએ. તાજા ટામેટામાં જે લાયકોપેન નામનું તત્ત્વ છે એ શક્તિશાળી એન્ટિઓક્સિડન્ટ છે જે શરીરને શિયાળામાં થતી અનેક શ્વાસ સંબંધિત બીમારીઓથી બચાવે છે. ટામેટામાં રહેલું વિટામિન સી શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ વધારે છે. આ ઋતુમાં રોજ ટામેટાનું સલાડ ખાવાની આદત કેળવવાથી ઘણી શારીરિક ઉપાધિઓથી બચી શકશો.

**અળસીના બીજ :**સાધારણ રીતે આપણે મુખવાસ તરીકે વરિયાળી કે ધાણાનો ઉપયોગ કરીએ છીએ પરંતુ આ ઋતુમાં ફ્લેક્સ સીડ અર્થાત્ અળસીના બીજનો ઉપયોગ મુખવાસ તરીકે કરશો તો ઘણા ફાયદામાં રહેશો. આ બીજમાં વિપુલ પ્રમાણમાં ફાયટો એસ્ટ્રોજન અને ઑમેગા-૩ ફેટ્ટી એસિડ નામનાં તત્ત્વો રહેલાં છે જે અસ્થમા અને અન્ય એલર્જિક બીમારી સામે સારી લડત આપે છે.

**હળદર :**હળદર એ તો ભારત જેવા દેશને મળેલું એક શ્રેષ્ઠ વરદાન છે એમ કહીએ તો એ અતિશયોક્તિ નહીં ગણાય. એન્ટિ બૅક્ટેરિયલ અને એન્ટિ વાઇરલ હળદર આપણને અનેક પ્રકારની બીમારીથી બચાવે છે સાથે ફેફસાનું અનેક વિષપદાર્થોથી રક્ષણ કરે છે. પ્રદૂષિત હવા શ્વાસ વાટે અંદર જાય ત્યારે નાક, ગળા અને ફેફસાને વધુ નુકસાન થવાની શક્યતા હોય છે. દાદીમાના સમયથી ચાલતો હળદરનો ઉપયોગ આપણને વિવિધ ઋતુની વિવિધ બીમારી સામે બચાવે છે એટલે તેનો ઉપયોગ હવનના સમિધ તરીકે પણ થાય છે જેનો ઉદ્દેશ વાયુનું શુદ્ધીકરણ હોય છે. શરીરમાં ક્યાંક વાગે અને લોહી નીકળવા લાગે ત્યારે પણ હળદરનો પાઉડર દાબી દવાથી તાત્કાલિક લોહી વહેવાનું બંધ થાય છે. આ ઋતુમાં હવે છૂટથી લીલી હળદર પણ મળવા લાગશે જેનો ઉપયોગ આપણે કરી લેવો જોઇએ. ■

shrilekha.yajnik@bombaysamachar.com

## સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# ડાયાબિટીસ તથા કબજિયાતની તકલીફનો રામબાણ ઉપાય છે ‘જામફળ’

શિયાળાની શરૂઆત થાય તેની સાથે જામફળની આવક શરૂ થાય. ફળ વેચતાં ફેરિયાની પાસે બે પ્રકારના જામફળ ઊડીને આંખે વળગે તે રીતે સજાવેલાં જોવા મળે. કોઈની પાસે નાના જામફળ હોય જેનો રંગ ઉપરથી લીલો પરંતુ અંદરથી કાપીને જુઓ તો લાલ કે આછો ગુલાબી જોવા મળે. બીજા લીલા કે આછા પીળા રંગના પાકેલાં જામફળ કાપીને ખાવ તો મીઠાશથી ભરપૂર જોવા મળે. ‘જામફળ’ ફળ જ એવું છે કે જો તેને કાપીને સંચળ-લાલ મરચું ભભરાવીને ખાવા બેસો તો એકની જગ્યાએ બે-ત્રણ તો આરામથી ખવાઈ જાય. જામફળ વિષે એવું કહેવાય છે કે અનેક રોગથી બચવામાં ઉપયોગી ફળ છે. તેનું મુખ્ય કારણ તેમાં પ્રોટીન, વિટામિન તથા ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. જે તંદુરસ્ત શરીર માટે આવશ્યક ગણાય છે. ડાયાબિટીસ તથા કબજિયાતની તકલીફનો રામબાણ ઉપાય ગણાય છે ‘જામફળ.’ વળી ચમકદાર ત્વચા તથા વાળનો જથ્થો વધારવામાં ગુણકારી ગણાય છે. ‘ગરીબોનું સફરજન’ તરીકે જામફળ પોતાની આગવી ઓળખ ધરાવે છે.

જામફળની ખેતી પરંપરાગત રીતે કરીએ તો ખેડૂત કમાણી કરી જ લેતાં હોય છે. હાલમાં તો જામફળની ખેતીમાં વિવિધતા જોવા મળે છે. જેમાં જમ્બો જામફળ, કાળા જામફળ તથા જાપાની જામફળની ખેતી ભારતમાં મોટા પ્રમાણમાં થવા લાગી છે. જાપાની જામફળની ખેતી મધ્ય પ્રદેશના ધારમાં થતી જોવા મળે છે. જાપાની જામફળનો અંદરથી રંગ તરબૂચ જેવો લાલ હોય છે. જેમાં બીની સંખ્યા નહીવત્ હોય છે. ધારમાં ખેતી કરતાં ખેડૂતનું કહેવું છે કે ૧ વર્ષ પહેલાં ૨૦ એકર જમીનમાં જાપાની જામફળનાં છોડ લગાવ્યાં હતાં. એક વર્ષ બાદ તેમને ૨૦ લાખની આવક મળી હતી. વળી જાપાની જામફળની ખાસ વાત એ છે કે તેના છોડની ઊંચાઈ દોઢથી બે ફૂટની જોવા મળે છે. બે વર્ષમાં છોડની ઊંચાઈ વધીને ૬થી ૭ ફૂટ જેટલી થાય છે. બે વર્ષ બાદ છોડ જામફળથી ભરાઈ જતાં હોય છે. ફ્રૂટની પલ્પ ઈન્ડસ્ટ્રીમાં જાપાની જામફળની બહુ જ મોટી ઘરાકી જોવા મળે છે. તેનો કિલોનો ભાવ ૧૦૦થી ૧૫૦ રૂપિયાની આસપાસ જોવા મળે છે. જ્યારે દેશી જામફળનો ભાવ ૫૦-૬૦ રૂપિયે કિલોનો જોવા મળે છે.

જામફળની ખેતીમાં ઉત્તર પ્રદેશ ૨૧.૭૮ ટકા સાથે પ્રથમ ક્રમાંક ધરાવે છે. ત્યારબાદ મધ્ય પ્રદેશ ૧૭.૨૦ ટકા ઉત્પાદન સાથે બીજા ક્રમાંકે આવે છે. ૯.૬૨ ટકા ઉત્પાદન સાથે બિહાર ત્રીજા ક્રમાંકે આવે છે. ૭.૪૨ ટકા ઉત્પાદન સાથે આંધ્રપ્રદેશ ચોથા ક્રમાંકે આવે છે. પાંચમા ક્રમાંકે ૬ ટકા ઉત્પાદન સાથે હરિયાણા આવે છે. છઠ્ઠા ક્રમાંકે ૪.૫૧ ટકા ઉત્પાદન સાથે બંગાળ તથા આઠમાં ક્રમાંકે ૪.૧૪ ટકા ઉત્પાદન સાથે છત્તીસગઢ આવે છે. ૩.૮૮ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. જામફળની ખરીદી કરતી વખતે તે વધુ પડતાં પાકેલાં ન હોય તેની ચકાસણી કરી લેવી. આજકાલ જામફળમાં પણ ઈયળ જોવા મળે છે. તેથી તેને કાપીને ચકાસ્યા બાદ ખાવું. રાત્રિના જામફળનું સેવન કરવું ટાળવું. વહેલી સવારે, બપોરના કે સાંજના સમયે સંચળ-લાલ મરચું ભભરાવીને ખાવાથી કબજિયાતની તકલીફથી બચી શકાય છે. એકલાં જામફળનું શાક, મેથીની ભાજી તથા જામફળનું શાક, ઊંધિયામાં જામફળ ભેળવીને ખાવામાં આવે છે. જામફળનું રાઈતું, જામફળનું શરબત સ્વાદિષ્ટ લાગે છે. જામફળનો જામ, જામફળનો મુરબ્બો, જામફળની ચટણી, જામફળનો આઈસક્રીમ બનાવી શકાય છે.

## જામફળના સ્વોાસ્થ્યવર્ધક લાભ જાણી લઈએ

### કબજિયાતમાં લાભદાયક

જામફળમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. જેથી કબજિયાતની તકલીફ ધરાવતી વ્યક્તિ જો જામફળનો આહારમાં સમાવેશ કરે તો તેને પાચન સંબંધિત તકલીફમાંથી છુટકારો મળે છે.

### રોગપ્રતિરોધકશક્તિ મજબૂત કરે છે

જામફળમાં વિટામિન- સીના ગુણો સમાયેલાં જોવા મળે છે. જે શરીરને વિવિધ રોગથી લડવામાં મદદ કરે છે. નારંગી કરતાં પણ જામફળમાં વધુ માત્રામાં વિટામિન-સીનું પ્રમાણ સમાયેલું જોવા મળે છે. જેના સેવનથી ખાંસી-તાવ જેવી નાની મોટી બીમારીથી બચી શકાય છે.

### દાંતને મજબૂત બનાવવામાં ગુણકારી

દાંત તથા પેઢાંને મજબૂત બનાવવા હોય તો જામફળનું સેવન ગુણકારી ગણાય છે. મોંમા છાલા કે ચાંદા પડી ગયા હોય તેઓ જામફળના પાન ચાવી જાય તો રાહત મળે છે.



### લોહીના ઊંચા દબાણની તકલીફમાં લાભદાયક

જામફળમાં પોટેશિમ તથા ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. જેનો ઉપયોગ લોહીનું ઊંચું દબાણ હોય તેવી વ્યક્તિને કાબૂમાં લેવામાં સહાય કરે છે. હાઈ બ્લડ પ્રેશર હોય તેમણે જામફળનું સેવન એકલું જ કરવું. તેની ઉપર મસાલો ભભરાવવાનો ટાળવો.

### માસિકધર્મમાં થતાં દર્દમાં લાભદાયક

માસિકધર્મ કે પિરિયડ્સ વખતે પેટમાં દુખાવો, માથાનો દુખાવો, સ્વભાવ ચિડીયો બની જવો જેવી વિવિધ તકલીફ મહિલામાં જોવા મળે છે. એક અધ્યયન દ્વારા જાણવા મળ્યું હતું કે જામફળના સેવન બાદ પિરિયડ્સની તકલીફમાં રાહત થતી જોવા મળી હતી. પ્રત્યેક વ્યક્તિની જીવનશૈલી અલગ-અલગ જોવા મળે છે. તેથી દુખાવા માટે નિષ્ણાત તજજ્ઞની સલાહ લેવી વધુ યોગ્ય ગણાય.

### થાઈરોઈડની તકલીફમાં ગુણકારી

જામફળમાં કૉપરનું પ્રમાણ સારા પ્રમાણમાં સમાયેલું હોય છે. જે થાઈરોઈડને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. થાઈરોઈડની સમસ્યા ધરાવતી વ્યક્તિને નિષ્ણાત આયુર્વેદાચાર્ય પણ જામફળનું સેવન કરવાની સલાહ આપતાં હોય છે.

### યાદશક્તિ વધારવામાં લાભદાયક

જામફળમાં વિટામિન બી-૩, વિટામિન બી-૬નું પ્રમાણ સમાયેલું જોવા મળે છે. જે વ્યક્તિની યાદશક્તિને વધારવામાં ટૂંકમાં કહીએ તો મગજના વિકાસમાં મદદ કરે છે. નિયમિત જામફળનું સેવન કરતી વ્યક્તિની યાદશક્તિ સતેજ બની શકે છે. મગજ સ્વસ્થ બને છે.

### વજન ઘટાડવામાં મદદરૂપ

જામફળમાં પ્રોટીન, ડાયેટરી ફાઈબર, ઝિંક, પોટેશિયમ કૅલ્શિયમ જેવા પોષક ગુણો સમાયેલાં જોવા મળે છે. જામફળના સેવન બાદ પેટ લાંબા સમય સુધી ભરાયેલું રહે છે. વારંવાર ભૂખ લાગી જવાની સમસ્યાથી બચી શકાય છે. જે લાંબે ગાળે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

### લાલ જામફળનું શરબત

**સામગ્રી :** ૪ નંગ પાકા લાલ જામફળનો માવો, ૧ કપ દળેલી ખાંડ,૧ ગ્લાસ પાણી, સ્વાદાનુસાર ચાટ મસાલો, સ્વાદાનુસાર સંચળ પાઉડર, ૩-૪ બરફના ટુકડાં.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ પાકા લાલ જામફળને વહેતાં પાણીમાં સાફ કરી લેવાં. ત્યારબાદ એક સરખાં ટુકડાં કરી લેવાં. તેને મિક્સરમાં જરૂર મુજબ પાણી ઉમેરી વાટી લેવું. હવે તેમાં દળેલી ખાંડ, બરફનાં ટુકડાં, ચાટ મસાલો, સંચળ પાઉડર વગેરે ભેળવીને મિક્સરમાં એકરસ કરી લેવું. હવે ગ્લાસમાં કાઢીને સર્વ કરવું. તેનો સ્વાદ વધારવા તેમાં ફૂદીનાના પાન, તકમરિયા કે લીંબુનો રસ ભેળવી શકાય છે. લાલ જામફળનું શરબત તાજું પીવાની મજા કાંઈક અલગ જ હોય છે.

### આંખોની તંદુરસ્તી માટે લાભકારક

સતત વિવિધ પ્રકારના સ્ક્રિનની સામે જોતાં રહેવાથી આંખો ઉપર દબાણ વધતું જાય છે. તો વળી પોષ્ટિક આહારની ઊણપ પણ આંખોની તંદુરસ્તીને નુકસાન પહોંચાડે છે. આંખોની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જામફળનો આહારમાં સમાવેશ મોસમ પ્રમાણે કરવો હિતાવહ ગણાય છે. તેનું મુખ્ય કારણ છે જામફળમાં વિટામિન એ, વિટામિન સી, ફૉલેટની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. વળી ઝિંક તથા કૉપર જેવાં તત્ત્વો સમાયેલાં છે. જે આંખોની તંદુરસ્તી માટે લાભદાયક ગણાય છે. વળી વય વધવાની સાથે થતી આંખોની તકલીફમાં જામફળનું સેવન ગુણકારી ગણાય છે. ■



feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# વિટામિન-બીની અગત્યતા




શરીરને સ્વસ્થ રાખવા માટે પોષક તત્ત્વોની મૂળભૂત ભૂમિકા હોય છે. આ જરૂરી તત્ત્વોનું નામ જ ‘વિટામિન’ છે તત્ત્વોનો સમૂહ જે શરીરની કોશિકાઓના કાર્ય, વૃદ્ધિ અને વિકાસ માટે જરૂરી છે. શરીરનું કાર્ય સુગમ રીતે ચલાવવાવાળા તેર પ્રકારના વિટામિન છે. ઉચ્ચ ગુણવત્તાના ખાદ્ય-પદાર્થ દ્વારા શરીરને જરૂરી વિટામિન મળી રહે છે પ્રાકૃતિક ભોજન દ્વારા જ વિટામિનનું સંતુલન જાળવાઈ રહે છે. આ પ્રાકૃતિક ખાદ્ય-પદાર્થો શરીરમાં જતા વિટામિન બનાવામાં અવરોધ થાય છે અને જળવાયેલા વિટામિનમાં ઘસારો કે ઓછા થઈ જાય છે અને અલગ અલગ બીમારીઓ પેદા થાય છે. વિટામિનની કમીના કારણે કુપોષણનું કારણ પણ બની શકે. વધારે પડતા બહારના રસાયણ યુક્ત ખાદ્ય-પદાર્થને કારણે શરીરમાં પોષકતત્ત્વો કે વિટામિનસનું અવશોષિત અટકી જાય છે ને વિટામિનની કમીનું કારણ બને છે. વિટામિનની કમીનું કારણ જ જીવનશૈલીનું અસ્તવ્યસ્ત થવું. પછી ભલે લોકો બહાના કરે કે પર્યાવરણ ખરાબ છે જીવનશૈલીમાં સુધાર અને પ્રાકૃતિક ભોજન જ બીમારી કે વિટામિનની કમી તે દૂર કરે છે.

શરૂઆતમાં વિટામિનની કમીનો ખ્યાલ આવતો નથી પણ સમય જતાં શારીરિક અને માનસિક બંને રૂપે લક્ષણ જણાય છે.

વિટામિન બી-૧ (થાયમીન)- તેમજ હજુ એક નામ ઈન્યુરિન હાયડ્રોક્લોરાઈડ આની રોજની જરૂરિયાત ૧.૫ મી.ગ્રામ છે આની કમીથી અનેક વિકાર નિર્માણ થાય છે.

૧) ભૂખ ન લાગવી તેથી નબળાઈ, અપચો અને થાક. ૨) હૃદયના સ્નાયુઓ પર માઠી અસર જેથી હૃદય પહોળું થવા માંડે. ટેકીકાર્ડિયા-હૃદયના ધબકારનો તાલ બદ્ધતામાં ફેરફાર થાય. ૩) માથાનો દુઃખાવો, અનિદ્રા. ૪) પેરાલિસિસ (લકવો), મૂત્રપિંડ પર માઠી અસર. ૫) સ્નાયુતંત્રમાં ખામી.

આ વિટામિન ઉષ્ણતામાનના કારણે નષ્ટ થાય તેથી વિવિધ અંગોમાં સોજા આવે. ખાદ્ય-પદાર્થમાં ડામરના વપરાશથી બનતી વસ્તુઓ), ફોર્માડીહાઈડ જે સાકર, ટૂથપેસ્ટ, નેઈલ પોલીશ, લિપસ્ટિકના વપરાશને કારણે થાય છે. આની કમી દૂર કરવા યીસ્ટનો ઉપયોગ કરવો. ઘઉંના જુવારા, નાસપતી, વટાણા, મગફળી, કાજુમાં સારા પ્રમાણમાં મળી રહે છે. પેટ ઉપર ઠંડા પાણીનો નેપકીન રાખવો જેથી ઉષ્ણાતામાનનું નિયમન રહે સોડાવાળું ફરસાણ ન વાપરવું.

વિટામિન બી-૨ (રાયબોફલેવીન, વિટામિન-જી)આની જરૂરિયાત ૧.૮ મી.ગ્રામ જેટલી છે.

આની ઊણપથી

૧) ચામડી લાલ-શુષ્ક બની જાય, ચામડીના રોગો.

૨) પાચન વિકાર, ઉબકા-ઊલટી, સ્નાયુનો દુઃખાવો.

૩) આંખની કીકી લાલ થાય, આંખમાં સોજા, બળતરા, ફોટોફોબિયા થાય.

૪) ઘા રુઝાવવામાં વાર લાગે.

૫) માથાની ચામડી ખરાબ થાય.

૬) એરિબો ફલેવો નિસીસ- હોઠાના છેડા ફાટી જાય, નાકની ત્વચા ફાટી જાય.

ગાજરના પાનની ચટણી, ગાજર, થુલાની ભાખરી, બદામ, લાલ ચોખા, ફણગાવેલા ધાન્યનો વપરાશ કરવો જોઈએ.

આ વિટામિન કમી વધુ એલોપેથીની દવાના સેવનથી થાય છે.

વિટામિન બી-૩ (નિકોટિનીક અમ્લ, નિકોટિમામાઈડ, નિએસીન)

આની જરૂરિયાત ૨૦ ગ્રામ જેટલી છે.

આની કમીથી

૧) પેલાગ્રા નામનો રોગ થાય જેમાં જીભ કાળી થવા લાગે, મોઢામાં સોજા આવે.

૨) પાચનતંત્રની તકલીફ, હોજરી દીવાલમાં સોજા આવે.

૩) વજનમાં ઘટાડો, ચીડચીડાપણું, સ્નાયુ દુર્બળ થાય.

૪) કોષો મૃત થાય.

મકાઈનું સૂપ, મગફળીનું દૂધ, ફણગાવેલા ઘઉંનું દૂધ, બટેટા, જુવાર, બાજરાની રોટલી લેવી, ફણગાવેલા વટાણા, થુલાની રોટલી લઈ શકાય.

વિટામિન બી-૫ (પેટાથેનિક અમ્લ)

રોજિંદી જરૂરિયાત ૧૯ ગ્રામ જેટલી છે.

આ ઊણપ નિર્માણ થતા ઘણી વ્યાધિઓ આવે છે.

૧) શરીરની વૃદ્ધિ અટકી જાય.

૨) વાળ સફેદ થવા લાગે.

૩) ફેટી લીવરની સમસ્યા.

૪) ત્વચાના રોગ.

આ વિટામિનની કમી વનસ્પતિ ઘીમાંથી બનતી વસ્તુઓ આઈસક્રીમ, બિસ્કીટ, બ્રેડ ખારી, કેક, સેન્ડવીચ સ્પ્રેડ, નાનખટાઈના કારણે થાય. શેમ્પૂ એન્ટિડેન્ડ્રફ શેમ્પૂને કારણે વાળનું વિટામિન ખરાબ થાય.

સફરજન, ફણસ, શલગમ, બ્રોકલી, કેળા, ગાજરના પાન સૂરજમુખી બી, કમળદાંડી ખજૂર, સ્ટ્રોબરી, સંતરા, પાલક, દ્રાક્ષ કેમિકલવાળા શેમ્પૂના વાપરવા. તેમજ સાબુ ન વાપરવા સાબુમાં પ્રોપીલીન-ગ્લાયકોલ ઓલ્ડિનેટને કારણે ચામડીમાં બળતરા થાય ને વિટામિન બી-૫ પર અસર પડે.

વિટામિન બી-૬ (પેરિડોકમ્ડલ, પેરીડોકમ્ડોમાઈન, પેરીડોકમ્ડાઈન)

રોજિંદી જરૂરિયાત ૨થી ૩ મિલીગ્રામ જેટલી આની ઊણપથી.

૧) વાઈ કે મિરગીના ઝટકા આવે.

૨) સ્નાયુઓમાં નબળાઈ, ચામડીના રોગો.

૩) આંતરડા વિવિધ તકલીફ.

૪) વૃદ્ધિ રુંધાય, ઊલટી-ઉબકા આવે.

૫) રોગ પ્રતિકાર શક્તિ હણાય.

૬) હેમો સાઈરોસીસ નામક રોગ જેથી યકૃતના કોષો નષ્ટ થાય. હાડકાંમાં તકલીફ.

જ્યારે ટીબીની બીમારીઓની દવા આઈસો-નિકોટિનીક જેવી દવાથી તેમજ વનસ્પતિ ઘી વાળી વસ્તુઓ આરોગવાથી આની ઊણપ થાય છે. સેનટરી નેપકીન્સ, સેનટરી ડાયપરથી આની ઊણપ થાય છે. મોડર્ન વસ્તુઓ ન વાપરવી સાદા કોટન કપડા વાપરવા.

કોબી, કેળા, ગાજર, મોલાસીસ, બીટ, પાલક, કોબીફલાવર, સંતરા, ટમેટા, મશરૂમ, સલગમ, બકરીનું દૂધ, ઊંટડીનું દૂધ, દૂધથી બનતી વાનગી.

વિટામિન બી-૯ (ફોલિક અમ્લ, ફોલેસીન, ટેરોલ, ગ્લુટામિક અમ્લ) ઘણા નામથી ઓળખાય છે. રોજિંદા જરૂરિયાત ૨૦૦ માયક્રોગ્રામ જેટલી છે.

૧) ભૂખ ન લાગવી, રોગ પ્રતિકાર શક્તિ ક્ષીણ થવી. એલોપેથીક દવાઓને કારણે થાય છે. સંધિવાતની મેથાટેક્ઝેટ અને મલેરિયાની દવા વાઈની ફેનિટોઈડ સોડિયમની દવાને કારણે થાય છે.

મૂળા, લીલાકાચા ટમેટા, નારિયેળનું દૂધ, તાંદળજો, અરવી, વટાણા, મીઠાના લીમડા પાનની ચટણી, થુલુ, ભીંડા, યીસ્ટ, બદામ, સંતરા, લીલા પાંદડાવાળી વનસ્પતિઓ લઈ શકાય.

વિટામિન-બી-૧૨ (સાયનોકોબાલેમાઈન, કેબાલેમાઈન) રોજની જરૂરિયાત ૬ મિલીગ્રામ આની ઊણપથી.

૧) જ્ઞાનતંતુ પરનું માયલીન શીથનું પડ ઊખડી જવું તેથી સખત બળતરા થાય.

૨) પ્રજનનમાં ખામી.

૩) યકૃત મંદ થવું, ચામડી ઉપસી જવી.

૪) ચયાપચયમાં ખામી.

૫) હાથ-પગમાં ઝણઝણાટી થવી.

ગાયના તાજા દૂધથી આ ઊણપ દૂર થાય.શક્કરટેટી-શક્કરટેટીના બી, ચિભડા, લસણ, લસણના પાન, કાકડી, મશરૂમ, સફરજન, કેળા, પ્લમ, પાઈનેપલ, સંતરા.

વિટામિન બી રોજબરોજનાં ખોરાકમાં જરૂરી છે. ■

feedback@bombaysamachar.com

## આરોગ્ય એક્સપ્રેસ

મનોજ જોશી ‘મન’

# ત્રિફળા ગૂગળ

## આયુર્વેદની એન્ટીબાયોટીક



સમયની સાથે ચાલતાં આયુર્વેદની ઔષધિઓનું જો આધુનિક તબીબી વિજ્ઞાનનાં હેડિંગ નીચે વર્ગીકરણ કરવામાં આવે તો એલોપથીનાં બ્રોડ સ્પેક્ટ્રમ એન્ટી-બાયોટિક વર્ગમાં આયુર્વેદના અનેક યોગોને મૂકી શકાય છે.

એકથી વધુ તંત્ર (સિસ્ટમ) પર અસર કરતાં અને જીવાણુ (બેક્ટેરિયા)નો નાશ કરતાં ઔષધને એલોપથીમાં બ્રોડ સ્પેક્ટ્રમ એન્ટીબાયોટિક કહે છે.

આવું જ એક અમોઘ ઔષધ ત્રિફળા ગૂગળ છે. ત્રિફળા ગૂગળ મૂત્રવહ સંસ્થાનનાં ચેપ (યુરિનરી ટ્રેક ઇન્ફેકશન), પાચનતંત્રનાં સંક્રમણ (ગેસ્ટ્રો ઇન્ટેસ્ટાઇનલ ઇન્ફેકશન) વગેરે ઘણી સિસ્ટમનાં વિવિધ ઇન્ફેકશન પર અસરકારક છે, પરંતુ તેનું સૌથી વધુ કાર્મુકત્વ ચામડીનાં ચેપમાં જોવામાં આવ્યું છે.

કોઈપણ જગ્યાએ પાક, વ્રણ, સડો(ગેંગરીન), સોજો (ઇન્ફલેમેશન),ફીસ્ચ્યુલા (નાડીવ્રણ), અસ્થિવ્રણ (ઓસ્ટીયોમાયલાઈટીસ), ભગંદર(એનલ ફીસ્ચ્યુલા) વગેરેમાં ત્રિફળાગૂગળ ખૂબ જ અસરકારક ઔષધ છે. સારંગધર સહિતામાં તેને ભગંદર, ગુલ્મ, સોજા અને હરસ-મસાનું મહત્ત્વનું ઔષધ માન્યું છે.

ચિકિત્સાનાં અનુભવે ત્રિફળગૂગળ સાઇનસ, પાયોરીયા,ગર્ભાશયનો સોજો કંઠમાળ (ગોઈટર), થાઇરોઈડ ગ્રંથિનો સોજો, આંજણી, કાકડા(ટોન્સીલાઈટીસ) બામલાઈ, લસીકાગ્રંથિનો સોજો (લીમ્ફેડીનાઈટીસ), ગુમડા(એબ્સેસ), એપેન્ડીસાયટીસ, આમવાત, ટીબી(ક્ષય) વગેરેમાં પણ ઉત્તમ પરિણામ આપે છે.

સંક્રમિત રસોળી (ઇન્ફેક્ટેડ સિસ્ટ), કેન્સર, સ્તનશોથ (માસ્ટાઈટીસ)માં પણ તેનો ઉપયોગ ખૂબ જ લાભકારક જણાયો છે

રત્નાકર ગ્રંથમાં કહ્યું છે કે, ત્રિફળાગૂગળ શરીરમાં ક્યાંય પણ પરુ થયું હોય, સેપ્ટિક થયેલ હોય, પાક થયો હોય, સ્ત્રાવ થતો હોય, વ્રણમાં દુર્ગંધિત સ્ત્રાવ થતો હોય, ભયંકર સોજા આવીને ખૂબ દુખાવો થતો હોય... વગેરે સ્થિતિઓમાં ખૂબ જ હિતાવહ છે

આમવાત, કટીવાત, જાનુવાત, રાંજણ(સાયટીકા), મણકા વચ્ચેની ગાદીનો સોજો (સ્પોંડીલાઇટીસ) વગેરે વાયુનાં રોગોમાં ત્રિફળાગૂગળ, મહારાસ્નાદી ક્વાથનાં અનુપાન સાથે આપવાથી વધુ સારાં પરિણામો જોવાં મળે છે.

ગૂગળમાંથી બનાવેલ કોઈપણ ઔષધ ભૂકો કરીને કે ચાવીને જ લેવું. જેથી તેની પચવાની અને શોષણની પ્રક્રિયા ઝડપી બને છે અને ત્વરિત પરિણામ પ્રાપ્ત થાય છે. ભુક્કાને ગરમ પાણીમાં કે મધમાં પણ લઈ શકાય છે. મધ સાથે મોટી માત્રામાં લેવાથી ત્રિફળાગૂગળ મેદને પણ ઘટાડે છે.

ત્રિફળા ગૂગળ સાવ સરળ, નિર્દોષ, સસ્તું અને સુપરિચિત ઔષધ હોવાથી સર્વત્ર મળે છે. ઘેર પણ બનાવી શકાય તેવું સ્વાવલંબી છે. સારી જાતની હરડેની છાલનું ચૂર્ણ, સારા આમળાનું ઠળિયો કાઢેલું ચૂર્ણ, બહેડાનું ચૂર્ણ અને ઉત્તમ ગુણવતાયુક્ત લીંડીપિપરનું ચૂર્ણ ૧૦-૧૦ ગ્રામ લેવું અને મેળવવું. સારો અસલી રસગૂગળ ૫૦ ગ્રામ લાવી તેને ચૂર્ણ કરી ચોખ્ખા ઘી સાથે ખાંડણીમાં ખૂબ કૂટવો. માખણ જેવો ઢીલો થતાં તેમાં ચૂર્ણ મેળવી સારી પેઠે ઘૂંટી તેની ચણા જેવડી ગોળી કરી લેવી. સારી રીતે બનાવેલાં ત્રિફળાગૂગળનાં ગુણો એક વર્ષ સુધી યથાવત જળવાઈ રહે છે. ત્રિફળા ગૂગળની સામાન્ય માત્રા બે થી ચાર ગોળી સવારે ને સાંજે છે. કોઈપણ ઔષધનો ઉપયોગ યોગ્ય વૈદ્યનાં માર્ગદર્શન નીચે જ કરવો.

આયુર્વેદનાં પટારામાં આવાં અનેક ચમત્કારિક ઔષધો ભરાયેલાં છે. જેને ખૂબ સહેલાઈથી આજનાં સમયને અનુરૂપ વાપરી શકાય છે. ■

# આપણા બે માણસોને ૨૪ કલાક કબ્રસ્તાન પર નજર રાખવા કહી દો





એટીએસના પરમવીર બત્રાની ઑફિસમાં એક યુવાન સરદારજી સડસડાટ આગળ વધતો ગયો હતો. એક કોન્સ્ટેબલે રોક્યો, તો યુવાને એને ઉપરથી નીચે જોયો. ''શાદી હો ચૂકી લગતી હૈ. તેરે બચ્ચે હૈ?''

''હા હૈ. મગર આપ કો ક્યાં કામ?''

''ક્યોંકિ બત્રા સાહબ કે સાલે કો રોકેગા તો ટ્રાન્સફર હોની હી હૈં. તો બચ્ચોં કી સ્કૂલ કા સોચ લિયા હૈ?''

કોન્સ્ટેબલ વિચારમાં પડી ગયો કે બત્રા સાહેબ પરણેલા છે.

સરદારજી આગળ ચાલવા માંડ્યો. એટલે કોન્સ્ટેબલ દોડયો. ''રૂકિયે મૈં સર સે પૂછતા હું.'' કોન્સ્ટેબલ અંદર જઇને પૂછી આવ્યો. ''આપ જા સકતે હૈ. સૉરી, મુઝે માલુમ નહીં થા.''



## રાજાબાબુ મહાજને અર્જન્ટ બોલાવતા દીપક, રોમા અને કિરણ દોડી આવ્યાં

સરદારજી અંદર ગયા. લેપટોપમાં કંઇ જોઇ રહેલા બત્રાએ આવકાર આપ્યો, ''આવો પ્રોડયુસર મનમોહન.''

સરદારજી ઊભો રહી ગયો. ''સર, આપને કેવી રીતે ખબર પડી ગઇ?''

બત્રા હસી પડયા. ''એક તો મારો કોઇ સાળો નથી. મારા મોટાભાગના સગા અને દોસ્તોને ખબર નથી કે હું અલીબાગમાં છું. એટલે બધી શકયતા અને શંકા એક વ્યક્તિ પર જાય. પ્રોડ્યુસર બનવાની ઇચ્છા ધરાવતા બોલીવૂડના મેકઅપમેનના દીકરા અને એટીએસના ગુપ્તચર પર. આવો બેસો.''

હસીને પ્રોડ્યુસર મનમોહન બેઠે. તેણે ટેબલ પર એક પ્લાસ્ટિકની બેગ મૂકી જે બાદશાહ ભોઇઘરની બહારના અવાવરું કબ્રસ્તાનમાં ફેંકી ગયો હતો. બત્રાએ પૂછયું ''કંઇ મળ્યું કામનું?''

''સર, બહુ ધ્યાનથી જોયુ નથી. પણ અંદર ગુલાબની પાંખડીઓ, અત્તરની ખાલી શીશી, અગરબત્તીનું ખાલી પડીકું અને બાદશાહ આ બધુ વીંટીને લાવેલો એ અખબારના ટુકડા છે.''

આટલુ બોલીને ''પ્રોડયુસર મનમોહન'' ઊભા થયા. પ્લાસ્ટિકની થેલી ખાલી કરી. બત્રાએ બધું ધ્યાનથી જોયું. ગુલાબના પાંદડા, ગુલાબનું અત્તર, ગુલાબની અગરબત્તી.

''આજે કબરની તકતી પર તોપચી ઇકબાલ હમીદુલ્લાના નામ સાથે 'ગુલાબ' લખેલું છે. ગુલાબ તખલ્લુસ હશે એમ માની લઇએ.''

બત્રા વિચારમાં પડી ગયા. ''ગુલાબ જ ગુલાબ. શું ભેદ હશે આ ગુલાબનો? પ્રોડ્યુસર મનમોહન, તકતી પરના લખાણના ફોટા ઊર્દૂના એકસપર્ટને મોકલી દઉં છું. અમુક લખાણ ઉકલતું નથી. બરાબર દેખાતું નામ આપણે માંડ વાચી શકયા. અને લખાણની માહિતી મળે ત્યાં સુધી બે જણને ૨૪ કલાક એ કબ્રસ્તાન પર નજર રાખવા કહી દો.''

''ઓકે સર. હુ આસપાસ તોપચી ઇકબાલ હમીદુલ્લા વિશે પૂછપરછ શરૂ કરી દઉં છું. કદાચ એમાંથી જ આ ગુલાબના ભેદભરમ ખુલે.''

૦૦૦

દિલ્હીના ફાઇવ સ્ટાર હોટેલના ખાસ સ્યુટમાં લોકપ્રિય સંસદ સભ્ય રાજકિશોર બેઠા હતા. તેઓ ફોન પર દિલ્હીના સીએમ સુંદરલાલ વર્માને રોષભેર ભાંડી રહ્યા હતા. અચાનક એમનું ધ્યાન ઘડિયાળમાં ગયું. ત્યાં જ ડૉરબેલ વાગી. રાજકિશોરના પી.એ.એ દરવાજો ખોલ્યો. તો ન્યૂઝ ચેનલ 'ખબરે પલ પલ'ના માલિક રજત મીરચંદાની હસતા મોઢે દેખાયા.

''વાહ, મીરચંદાની તમે સમયના એકદમ પાક્કા?''

''ન્યૂઝના ધંધામાં ડેડલાઇનને પ્રેમ કરવો જ પડે. મન એક મીનિટ બગાડવી ન ગમે, પછી એ મારી હોય કે બીજા કોઇની. આપ ખુશ છો અમારા 'બ્રેકિંગ ન્યૂઝ'થી?''

''યસ. પણ આતંકવાદી બનીને બોલબોલ કરનારો એકટર ક્યાંક બાફી ન મારે?''

મીરચંદાની હસી પડયો. ''જે મોઢું છુપાવેલો દેખાય છે એ કંઇ જ બોલ્યો નથી. એ બુકાનીની અંદર ખાલી મોઢું હલાવતો હતો. અવાજ કોઇક બીજાનો હતો.''

પણ પાછળ લોકેશન સરસ દેખાતું હતું. ''જાણે એકદમ સાચુકલી જગ્યા.''

''એ તો ક્રોમા સિસ્ટમ છે. પાછળ લીલું કપડું રાખીને કલાકાર બોલી લે કે એક્ટિંગ કરી લે. પછી કૉમ્પ્યુટર પર એડિટિંગ વખતે લીલું કપડું હટાવીને ત્યાં મનગમતું લોકેશન ફિટ કરી શકાય.''

''વાહ, અદ્ભુત કોઇને ખબર નહીં પડે.''

''હા. પણ એ કરવામાં ખૂબ મુશ્કેલી થઇ. કોઇ સ્ટુડિયોમાં ફલોર જ મળતો નહોતો.''

''અરે મીરચંદાનીજી, તો પોતાનો સ્ટુડિયો બનાવી લો. હું મદદ કરીશ.''

''સર, ટેલિવિઝન પત્રકારત્વની એક સંસ્થા ખોલવાનો પ્લાન છે. એમાં વિદ્યાર્થીઓ માટે આવા સ્ટુડિયો બને જ.''

''તો અવરોધ કયાં છે? આગળ વધો.''

''સર, દિલ્હી આસપાસ જમીનના ભાવ પોસાય નહીં. થોડું ઘણું ફાયનાન્સ પણ જોઇએ ને! જો મુખ્ય પ્રધાન સુંદરલાલ માથાકૂટ કરશે તો નોઇડામાં હું તમને સરકારી જમીન અપાવી દઇશ. ફાયનાન્સનું પણ ગોઠવી આપીશ.

''થેન્ક યુ. થેન્કયુ સર. એક છેલ્લી વિનંતી.

આ પ્રોજેકટમાં ભાભી, આપના દીકરા કે દીકરીને ભાગીદાર તરીકે સાથે રાખીએ તો મને હિંમત મળતી રહેશે.

રાજકિશોર ખડખડાટ હસી પડયો. ''તમે બહુ મોટા, ચાલાક અને કાબેલ ખેલાડી છો. હો મીરચંદાની. એ પણ થઇ જશે.'' મારા ખાસ રસોઇયા વર્ગીસના હાથનું ડિનર લીધા વગર નીકળવાનું નથી. એ ટિફિન લઇને ક્યારનો આવી ગયો છે.

૦૦૦

રાજાબાબુ મહાજને અર્જન્ટ બોલાવવાથી દીપક, રોમા અને કિરણ દોડી આવ્યાં. પોતાને મદદ માટે રાજાબાબએ મમતાને રોકી રાખી. રાજાબાબુએ પ્રેમથી દીપક અને રોમા સામે જોયું. કિરણ નીચું જોઇને બેસી રહી. રાજાબાબુ ખોંખારો ખાઇને થોડા ટટ્ટાર બેઠા.

''કિરણ બેટા, મારે તમને કંઇક પૂછવું છે, તો જવાબ આપશો?''

''જી પપ્પા, પૂછો જે પૂછવું હોય એ.''

''મેં સાંભળ્યું છે કે દીપક અને રોમા મહાજન મસાલાના હિતમાં કંઇક કરવા માગે છે. પણ તમે મંજૂરી આપતા નથી.''

''પણ પપ્પા....''

''ધ્યાનથી સાંભળો. મેં તમને બધી સત્તા સોંપી છે પણ એના અમલમાં કંપનીનું હિત તો જોવાવું જ જોઇએ. દીપક બેટા, તું કહી દે કંપનીના હિતની વાત.''

દીપકે હરખાઇને રોમા સામે જોયું. ''પપ્પા, આપની બીમારી પછી મારી જવાબદારી વધી ગઇ હોય એમ હું માનું છું. આપણ મસાલાને દેશ-દુનિયામાં પહોંચાડવા માટે મેં ઓનલાઇન વેચાણનું વિચાર્યું પણ... ''એ કિરણ સામે જોવા માંડયો. રાજાબાબુએ પણ કિરણ સામે જોયું.

''પપ્પા, કંપની સમક્ષ આવો કોઇ પ્લાન રજૂ કરાયો નથી.''

''અચ્છા?'' કહીને રાજાબાબુએ ફરી દીપક સામે જોયુ.

''પપ્પા, પેપરવર્ક ચાલી રહ્યું છે. મને થયું કે એ પેપરવર્ક પતે ત્યાં સુધીમાં કર્મચારીઓને પાનો ચડાવું એટલે...''

કિરણે દીપકની વાત કાપી ''પપ્પા, ઓનલાઇન ધંધો સારો છે. આપણે ત્યાંથી ડાયરેક્ટ કામ થવું જોઇએ. તો પ્રાઇઝ, ડિલિવરી અને ક્વૉલિટી કન્ટ્રોલ આપણા હાથમાં રહે. મને થયું કે આપ આવો પછી ઑફિસમાં નિરાંતે ચર્ચા કરીને આગળ વધીએ.''

''પણ જેની પાસે આ બધું ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર હોય એની સાથે હાથ મિલાવવાથી માથાકૂટ બચી જાય કે નહીં પપ્પા?'' કિરણે વાતનો દોર આગળ ધપાવ્યો.'' આઇ એમ સૉરી, પપ્પા. એક ગૃહિણી તરીકે હું કહીશ કે અમને મસાલો હાથમાં લઇને સુંઘીને લેવો અમને ગમે. ઓનલાઇનમાં એ બધું શક્ય નથી. એમાંય બીજાને આપણો માલ વેચવા આપીએ ને કિરણ રસ્તોગી જેવો હરીફ આપણો માલ કોર્નર કરીને એની ગુણવત્તા સાથે ચેડાં કરે તો?''

કિરણે એકદમ અડસટ્ટે રસ્તોગીનું નામ લીધું. પણ એ બ્લાઇન્ડમાં ડુકી, તીડી ને પંજા સાથે જીતી ગઇ. દીપક શાંત પડી ગયો. રાજાબાબુએ ફરમાન કર્યું કે હમણાં ઓનલાઇનમાં પડવાનું રહેવા દો.

છૂટા પડતી વખતે એકમેક સામે તીરછી નજરે જોતી વખતે રાજાબાબુ, કિરણ અને મમતાની આંખ હસતી હતી.

૦૦૦

પ્રશાંત ગોડબોલે સામે બેસીને જવાલાએ વૃંદા તરફ નજર નાખી. ''આમની સામે વાત કરવાની છે?''

''હા. એ પોલીસમાં જ છે. સબ-ઇન્સ્પેક્ટર વૃંદા સ્વામી.''

''ઠીક છે. પ્રસાદ રાવ વિશે હું ઘણું જાણું છું. આપે જે પૂછવું હોય એ પૂછો.

પ્રશાંતને જવાલાનો આત્મવિશ્વાસ ગમ્યો.'' અમે એના વિશે ઘણુ જાણી લીધું છે. એનાથી વધુ તમે નહીં જાણતા હો.

''એક પુરુષ વિશે સૌથી વધુ બે સ્ત્રી જાણતી હોય. એક માં ને બીજી ...હું''

''હું એટલે....''

જવાલાએ પર્સમાંથી કાઢીને બે ફોટા ગોડબોલે તરફ લંબાવ્યા. ફોટા જોઇને એમની આંખ જાણે સ્થિર થઇ ગઇ.

''યુ મીન ટુ સે... તમારો દાવો છે કે...''

''દાવો નથી સર. હકીકત છે કે પ્રસાદ રાવ મારો પતિ છે અને હું એની પત્ની. વધુ ફોટા છે. સાક્ષી છે, પુરાવા છે. જરૂર હોય તો હાજર કરું.''

વૃંદાને પોતાના કાન પર વિશ્વાસ ન બેઠો. ''શું...શું...'' પ્રસાદ પરણેલો છે? મારી સાથે રમત કરી ? માત્ર ટાઇમ પાસ કર્યો?

''જુઓ જવાલા...''

''ના. મને મિસિસ જવાલા પ્રસાદ રાવ કહો. અને સર મારો પતિ બે દિવસમાં ન મળ્યો તો હું મીડિયાને કહી દઇશ કે તમારી આ વૃંદાએ પ્રસાદને પોતાનો સ્વામી બનાવવા માટે મોટો ખેલ ખેલ્યો છે. એને પર્દાફાશ કરી નાખીશ, તો પોલીસ સ્ટેશન પણ બદનામ થશે જ.....

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## આરોગ્યનાં એંધાણ

જ્યોતિષી આશિષ રાવલ

# શનિ માર્ગી થયેલ હોવાથી અસાધ્ય કે લાંબા સમયથી પીડિત દર્દીઓ માટે ધીમે ધીમે આરોગ્ય સુધરશે

**આ સપ્તાહમાં ગ્રહમંડળમાં આરોગ્યદાતા**

સૂર્ય તુલા રાશિ મંગળ- તુલા રાશિ બુધ - વૃશ્ચિક રાશિ ગુરુ - મેષ વક્રીભ્રમણ શુક્ર - કન્યા રાશિ શનિ - કુંભ(સ્વગૃહી) રાશિ રાહુ- મીન વક્રીભ્રમણ કેતુ- કન્યા વક્રીભ્રમણ રાશિમાં રહેશે.

શનિ માર્ગી થયેલ હોવાથી અસાધ્ય કેલાંબા સમયથી પીડિત દર્દીઓમાટે ધીમે ધીમે આરોગ્ય સુધરશે તેમના આત્મવિશ્વાસ માં વધારો થશે.તુલા સંક્રાંતિ નો સંયોગ હોવાથી ગુપ્તાંગ રોગો,મહિલાઓનાંદર્દો વકરવાની સવિશેષ સંભાવના રહેલી છે માટે વધારેને વધારે પાણી પીવું,બજારુ નાસ્તો ટાળવો.સમયસર ઊંઘ લેવી આરોગ્ય માટેહિતાવહ રહેશે.યુવાવર્ગ પ્રેમ સંબંધમાં ખટરાગ ના બનાવો બનવાથી માનસિક હતાશા વધી શકે !! દિવાળી શરૂ થવાના ગણતરીના દીહોવાથી અકારણ દોડા-દોડ ન કરવી સમયસર ખાનપાન કરશો.

**(૧)મેષ રાશિ (અ,લ,ઇ)**

માનસિક મૂંઝવણ વધવાને કારણેસમયસર ઊંઘ ન આવવાથી તબિયત બગડે. સપ્તાહના અંતે ગળામાં બળતરાઓ થવાની શક્યતાઓ. બુધવારનું એકટાણું કરવું.નિત્ય ગાયને લીલુ ઘાસ ખવડાવશો.

**(૨)વૃષભ રાશિ (બ,વ,ઉ)**

આંખોઆવી શકે. વધુ પડતી ભૂખ લાગવાનેકારણે અપચો સંભવ.આ સપ્તાહમાં શક્ય હોય તો કોટનના કપડાં પહેરશો.ભગવાન સત્યનારાયણની કથા કરાવશો. કુળદેવીનો દીપક અવશ્ય કરશો.



**(૩)મિથુન રાશિ (ક,છ,ઘ)**

આ સપ્તાહ આરોગ્ય માટે કોઈ જ પ્રકારની ચિંતાઓનું કારણ નથી.ફક્ત મચ્છરોથી કાળજી આવશ્યક.અતિશય તીખું ખાશો નહીં.નિત્ય પૂજા ચાલુ રાખશો.

**(૪)કર્ક (ડ,હ)**

તાવ,શરદી, કફનીસામાન્ય તકલીફ વર્તાય. ગુદાના ભાગે ચીરા પડવાથી અસહ્ય વેદના થવાની શક્યતાઓ. ફક્ત બેડ રેસ્ટ કરશો.તુલસી ક્યારે પાણી અર્પણ કરીને મનોમન પ્રાર્થના કરશો.

**(૫)સિંહ (મ,ટ)**

પેટ ના દુખાવામાં રાહત જણાય.કબજિયાત ની તકલીફ વધુ જોર પકડી શકે. આયુર્વેદિક દવાઓ લેવાથી આરોગ્ય સુધરશે.રાંદલ માતા નો દીપ કરીને દર્શન કરશો.

**(૬)કન્યા (પ,ઠ,ણ)**

કમરની તકલીફ યથાવત રહે.જમણા હાથમાં ખાલી ચડી શકે.વધુ પડતા કઠણ તેમજ વાસી ખોરાક ખાશો નહીં તેમજ વધુ પડતી દવાઓ ખાશો નહીં.ઊંઘ આહાર સમયસર કરશો.

**(૭)તુલા (ર,ત)**

કિડની કે યુરિન સંબંધિત અગાઉ ની બીમારીઓ હોય તો કાળજી રાખવી. બહારનું પાણી ચીજ-વસ્તુ ખાસો નહીં. ઈસ્ટદેવનો મંત્ર કે હનુમાન ચાલીસા ના પાઠ કરશો.

**(૮)વૃશ્ચિક (ન,ય)**

હરસ,મસાની સમસ્યાઓ વધી શકે. ગુપ્તાંગ ભાગે સૂઝન આવી શકે. ગુપ્ત દાન વધારે કરશો. બટુકભૈરવના દર્શન ઉત્તમ.

**(૯)ધન (ભ,ધ,ફ,ઢ)**

ડાયાબિટીસમાં મોટો ઉથલો મારે.ડાયાલિસીસના દર્દીઓ માટેઅન્ય બીમારીઓનો સામનો કરવો પડે. કાચી ચણાની દાળ સાથે ગોલગાયને ખવડાવશો.

**(૧૦)મકર (ખ,જ)**

ગુદાના ભાગે ખંઝવણ વધવાથી વકરે. જૂના હઠીલા રોગો ફરીથી ઊથલો મારે. હનુમાનજીને કાચા તેલનો દીપક સાથે ચાલીસાના પાઠ કરવા.

**(૧૧)કુંભ (ગ,શ,સ)**

સપ્તાહ ની શરૂઆતથીમરણના સમાચાર મળવાથી મનોસ્થિત બગાડે. મહાદેવજીના દર્શન તેમજ જળાભિષેક કરવો ઉત્તમ બની રહેશે.અનાથ આશ્રમ માં યથા શક્તિ મદદ કરવી.

**(૧૨)મીન (દ,ચ,ઝ,થ)**

પગના તળિયામા છાલા પડી શકે. હોઠ પર સુઝન આવી શકે. દત્ત બાવનીના પાઠ કરશો. જીવદયા નિયમિત કરશો.

સપ્તાહના અંતે મચ્છરનો ઉપદ્રવ વધવાથી તાવ,શરદી,ઉધરસ, ઝાડા,ઉલ્ટી સાથે ડેન્ગ્યુ ભરડો લઈ શકે માટે યોગ્ય સાફ સફાઈ કરાવવી.નિયમિત તુલસી ક્યારે સંધ્યા સમયે દીપ કરશો.આવનાર દિવાળીના ગણતરી ના દીઆડા હોવાથી ગરીબોને યથાશક્તિ મીઠાઈ કપડા આપશો.નાનાં બાળકો સાથે ભીડ-ભાડ વાળી જગ્યાએ જવું નહીં. ■

feedback@bombaysamachar.com

## હેલ્થ વેલ્થ

રાજેશ યાજ્ઞિક



# હઠીલો ત્વચા રોગ સોરાયસીસ

(ગતાંકથી આગળ)

ત્વચાની પરતોનો દેખાવ સોરાયસિસ નિદાન તરફ દોરી જાય છે, પરંતુ લક્ષણો અન્ય સમાન ત્વચા સ્થિતિઓ સાથે સંબંધિત હોઈ શકે છે, તેથી તમારી સારવાર કરનાર નિષ્ણાત તમારા નિદાનની પુષ્ટિ કરવા માટે ત્વચા બાયોપ્સી પરીક્ષણ કરવાની સલાહ પણ આપી શકે છે. આ પરીક્ષણ દરમિયાન, ત્વચા નિષ્ણાત તમારી ત્વચાની તકતીમાંથી ચામડીના પેશીઓના નાના નમૂનાને લેશે અને માઇક્રોસ્કોપ હેઠળ તેની તપાસ કરશે.

સોરાયસિસની સારવાર કેવી રીતે થાય છે?

કેટલાક સારવાર વિકલ્પો સોરાયસિસનાં લક્ષણોને દૂર કરી શકે છે. સામાન્ય સારવારમાં નીચેનાનો સમાવેશ થાય છે:

સ્ટીરોઈડ ક્રિમ.

શુષ્ક ત્વચા માટે મોઇશ્ચરાઇઝર્સ.

ત્વચાના કોષોનું ઉત્પાદન ધીમું કરવા માટે દવા (એન્થ્રાલિન).

દવાયુક્ત લોશન અથવા શેમ્પૂ.

વિટામિન ડી ૩ મલમ.

વિટામિન એ અથવા રેટિનોઇડ ક્રિમ.

તમારી ત્વચાના નાના વિસ્તારોમાં ફોલ્લીઓ સુધારવા માટે ક્રીમ અથવા મલમ પૂરતા હોઈ શકે છે. જો ફોલ્લીઓ ત્વચાના મોટા વિસ્તારોને અસર કરે છે, અથવા જો તમને સાંધાનો દુખાવો પણ હોય, તો તમારે અન્ય સારવારની જરૂર પડશે. સાંધાનો દુખાવો એ સંકેત હોઈ શકે છે કે તમને સંધિવા છે.

શું સોરાયિસસની કોઈ અન્ય ગૂંચવણો છે?

સોરાયસિસનું નિદાન કરાયેલા કેટલાક લોકો માટે, ત્વચાની સ્થિતિ ખંજવાળ, ચામડીના સ્કેલિંગ અને ત્વચાના વિકૃતિકરણ કરતાં વધુ કારણ બને છે. તે સાંધાના સોજા અને સંધિવા તરફ દોરી શકે છે. જો તમને સોરાયસિસ હોય, તો તમને નીચે જણાવેલ રોગોનું વધુ જોખમ હોઈ શકે છે:

ડાયાબિટીસ.

સ્થૂળતા.

ઉચ્ચ કોલેસ્ટ્રોલ.

સ્ટ્રોક.

હૃદયરોગનો હુમલો.

જો તમને સોરાયસિસ હોય, તો તમારા ઉપચારક નિયમિત બ્લડ પ્રેશરની તપાસ કરશે અને જટિલતાઓને ટાળવા માટે તમારી સારવારની પ્રગતિનું નિરીક્ષણ કરશે. સંભવિત ગૂંચવણોને રોકવા માટે તમે પણ કેટલાંક પગલાં લઈ શકો છો, જેમકે:

સારી રીતે સંતુલિત આહાર લેવો.

નિયમિત કસરત કરવી.

પૂરતી ઊંઘ લેવી

ધૂમ્રપાન ન કરવું.

સોરાયસિસને કેવી રીતે રોકી શકાય?

સોરાયસિસને સંપૂર્ણપણે અટકાવવાનો કોઈ રસ્તો નથી. તમે તમારા આરોગ્યસંભાળ પ્રદાતાની સારવારને અનુસરીને, તંદુરસ્ત જીવનશૈલી જીવીને, તમારી ત્વચાની સારી કાળજી લઈને અને લક્ષણોના ફાટી નીકળવાનું કારણ બને તેવા ટ્રિગર્સને ટાળીને તમારું જોખમ ઘટાડી શકો છો.

શું સોરાયસિસ માટે કોઈ ઈલાજ છે?

સોરાયસિસ માટે કોઈ ઈલાજ નથી. સોરાયસિસ એ એક લાંબી અવસ્થા છે, જેનો અર્થ છે કે લક્ષણો તમારા જીવનભર આવતા અને જતા રહે છે. સારવાર લક્ષણોને દૂર કરી શકે છે જેથી તમે તમારા શ્રેષ્ઠ દેખાવ અને અનુભવ કરી શકો.

હું મારી સંભાળ કેવી રીતે રાખું?

સોરાયસિસ સાથે બહેતર જીવન જીવવા માટેઃ

સૂચના મુજબ દવાઓ લો.

નિયમિતપણે મોઇશ્ચરાઇઝરનો ઉપયોગ કરો, ખાસ કરીને સ્નાન કર્યા પછી.

કઠોર સાબુ ટાળો.

તમારા ખોપરી ઉપરની ચામડીના ભીંગડા માટે દવાયુક્ત શેમ્પૂનો ઉપયોગ કરો.

ઠંડીમાં વકરે છે સોરાયસિસ

સોરાયસિસ જેવી સ્વયંપ્રતિરક્ષા સ્થિતિ ત્વચાને અસર કરતી ગંભીર બીમારી છે, જેનાં લક્ષણો શિયાળામાં ઝડપથી વધી જાય છે. નિષ્ણાત તબીબો સોરાયસિસના દર્દીઓને શિયાળામાં તેમની ત્વચાની સંભાળ રાખવા માટે કેટલીક વિશેષ સલાહ આપે છે.

**૧. ગરમ પાણીથી સ્નાન ન કરો**

કેટલાક લોકો શિયાળો આવતા જ ગરમ પાણીથી સ્નાન કરવાનું શરૂ કરી દે છે. તબીબો કહે છે કે ખૂબ ગરમ પાણીથી નહાવાથી ત્વચાને નુકસાન થાય છે. તમે જેટલા ગરમ પાણીથી સ્નાન કરો છો, તેટલી ત્વચાની શુષ્કતા વધે છે. તેથી, પાણીને વધુ ગરમ કરવાને બદલે, માત્ર હૂંફાળા પાણીથી જ સ્નાન કરવું જોઈએ.

**૨. ઉનના અથવા ગરમ કપડાં ન પહેરો**

શિયાળો આવતાની સાથે જ લોકો વૂલન કપડાં પહેરવાનું શરૂ કરી દે છે, જે સોરાયસિસના દર્દીઓ માટે સારો વિકલ્પ નથી. સોરાયસિસના દર્દીઓએ ગરમ કપડાં પહેરવન બદલે સુતરાઉ કપડાં પહેરવા જોઈએ, જે શિયાળામાં સોરાયસિસનાં લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**૩. ત્વચાને ભેજયુક્ત રાખો**

શિયાળામાં સોરાયસીસના દર્દીઓ ત્વચાની શુષ્કતાનો વધુ ભોગ બને છે અને તેના કારણે સોરાયસીસનાં લક્ષણો ગંભીર બની જાય છે. તેથી, ત્વચાને બને તેટલું મોઇશ્ચરાઇઝ્ડ રાખો. તમારા ડોક્ટર પાસેથી ચેકઅપ કરાવો અને સારી ગુણવત્તાવાળા મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરો.

**૪. ચેપ અથવા એલર્જી ટાળો**

સોરાયસિસના દર્દીઓમાં ત્વચાને લગતી ઘણી સમસ્યાઓ થવાનું જોખમ વધી જાય છે અને કોઈપણ પ્રકારની ત્વચાનો ચેપ અથવા એલર્જી સોરાયિસસના લક્ષણોમાં વધારો કરી શકે છે. તેથી નિષ્ણાતોના મતે ઠંડીમાં ઈન્ફેક્શન કે એલર્જીનું જોખમ બને તેટલું ઓછું રાખવું જોઈએ.

સોરાયસિસના દર્દીઓ થોડા ઘરગથ્થુ ઉપચારો અપનાવી શકે છે જે તકલીફોમાં રાહત દાયક બની શકે છે.

એલોવેરાનો ઉપયોગ કરવાથી સોરાયસિસમાં થતી બળતરા અને ખાનવાલમાં રાહત મળી શકે છે.

સફરજનના સિરકાને ખંજવાળ આવતી હોય તે ભાગમાં લગાવવાથી રાહત મળે છે.

નાળિયેર તેલને શિયાળામાં ત્વચા પર લગાવવું એતો આપણે ત્યાં સદીઓથી કહેવામાં આવે છે. સોરાયસિસના દર્દીઓ માટે પણ એ ઉપયોગી છે.

હળદર એન્ટિસેપ્ટિક તરીકે અત્યંત ઉપયોગી છે એ લગભગ બધી જ ભારતીય ગૃહિણીઓ આધુનિક વિજ્ઞાન કરતાં પણ પહેલાથી જાણે છે. હળદરનું સેવન સોરાયસિસના દર્દીઓ માટે પણ લાભદાયક છે.

વિટામિન - ડી યુક્ત ખોરાક લેવાથી સોરાયસિસના દર્દીઓને ઘણો ફાયદો થઇ શકે છે. ■



મુંબઈ સમાચાર આયોજિત...

Bachubhai Samjibhai Trust (Dinesh Zala, Borivali) સહયોગથી ઊજવીએ

રંગોળી હરીફાઈ

વિજેતાઓને મળશે રોકડ અને પૈઠણી-બાંધણી સાડીઓ

| પ્રથમ ઈનામ | બીજું ઈનામ | ત્રીજું ઈનામ | ચોથું ઈનામ | પાંચમું ઈનામ | આ ઉપરાંત |
|---|---|---|---|---|---|
| ૨૧,૦૦૦ | ૧૫,૦૦૦ | ૧૧,૦૦૦ | ૭૫૦૦ | ૫૧૦૦ | ૧૦ સાડીઓ |

+ પચાસ જણને આશ્વાસન ઈનામો અને પચાસ જણને ટ્રોફી

...તો મુંબઈગરાઓ તમારી કળાનું કૌવત દાખવો...

વય બાધ નથી અને તમામ લોકો આમાં ભાગ લઈ શકશે.

અરે થોભો! પસંદગી પામેલાઓનો એક આખરી રાઉન્ડ ઈનામવિતરણને દિવસે હશે અને એ દિવસે પણ એકની પસંદગી મેગા વિનર તરીકે કરાશે.

૧૦, ૧૧ અને ૧૨ નવેમ્બર તમારી બેસ્ટમાં બેસ્ટ રંગોળી મોકલાવો મુંબઈ સમાચારને

રંગોળી મોકલવાનું એકદમ આસાન છે
સૌપ્રથમ તમે રંગોળી બનાવતો વીડિયો ઉતારો અને બાદમાં રંગોળી તૈયાર થઇ ગઇ હોય એનો ફોટો મોકલાવો. આટલું સિમ્પલ છે હરીફાઈમાં ભાગ લેવાનું.

નોંધઃ કોઈ પણ પ્રતિયોગી પોતાની બેસ્ટમાં બેસ્ટ રંગોળી મોકલી શકે છે. એકથી વધુ રંગોળી મોકલનારની રંગોળી માન્ય નહીં ગણાય અને મુંબઈ સમાચાર અને સહયોગી સંસ્થાના સભ્યો ભાગ નહીં લઈ શકે.

રંગોળી બનાવતો વીડિયો અને ફોટો તમારે અમારા નીચે આપેલા નંબર પર મોકલવાનો રહેશે.
૯૩૨૬૧૫૨૯૪૨

ઈનામ વિતરણનું સ્થળ-સમયઃ મહાવીર બૅન્કવેટ, પંચશીલ આર્કેડ બિલ્ડિંગ, પહેલો માળ, મહાવીર નગર, ડી-માર્ટની સામે, કાંદિવલી (પશ્ચિમ). ૧૩મી નવે. સાંજે ૪ વાગ્યાથી

મરાઠી અને ગુજરાતીનો મેળાપ રોકડ ઈનામો સાથે મરાઠી ભાતીગળની પૈઠણી સાડી...

visit: www.bombaysamachar.com


# મુંબઈની હવા ઝેરી બની

**દિવાળીમાં રાત્રે ૭ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી જ ફટાકડા ફોડી શકાશે**

## કન્સ્ટ્રક્શન સાઈટો બંધ કરવાનો હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ મુંબઈમાં સતત વધી રહેલી પ્રદૂષણની સમસ્યાને ધ્યાનમાં લઈને મુંબઈ હાઈકોર્ટ દ્વારા ચાલી રહેલાં મોટા મોટા કન્સ્ટ્રક્શનના કામકાજને બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત સરકારી અને પ્રાઈવેટ પ્રોજેક્ટ, હવા પ્રદૂષિત કરનારા પ્રોજેક્ટ પણ આગામી થોડાક દિવસ સુધી બંધ રાખવાનો આદેશમાં જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત દિવાળીમાં ફટાકડાં ફોડવા માટે પણ હાઈ કોર્ટ દ્વારા સમયમર્યાદાનું બંધન લાદવામાં આવ્યું છે. મુંબઈમાં હવા ઝેરી બની રહી હોવાને કારણે મુંબઈ હાઈ કોર્ટમાં એક જનહિત અરજી (પીઆઈએલ) દાખલ કરવામાં આવી હતી અને આ યાચિકા પર સુનાવણી શરૂ કરવામાં આવી હતી. આ સુનાવણીમાં કોર્ટે પોતાના આદેશમાં સુધારો કરીને સરકારને શુક્રવાર સુધીની મુદત આપતાં કહ્યું હતું કે પ્રોજેક્ટ કરતાં મુંબઈગરાનું જીવન ખૂબ જ મહત્ત્વનું છે, એટલે થોડાક દિવસ સુધી પ્રોજેક્ટ બંધ કરવાનો આદેશ આપવામાં આવી રહ્યો છે. હાઈ કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું હતું કે પ્રોજેક્ટ કરતાં લોકોના જીવ મહત્ત્વના છે. જો થોડાક દિવસ બાંધકામ બંધ રહેશે તો કોઈ આભ તૂટી પડશે કે કેમ એવો સવાલ પણ હાઈ કોર્ટે કર્યો હતો. આ ઉપરાંત હાઈ કોર્ટે માત્ર ત્રણ જ કલાક માટે એટલે કે સાંજે સાતથી રાતે ૧૦ વાગ્યા સુધી જ ફટાકડાં ફોડવાની પરવાનગી આપવામાં આવી છે. મુંબઈમાં સતત વધી રહેલાં પ્રદૂષણની સમસ્યાને ધ્યાનમાં લઈને હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. મુંબઈમાં હવાનું પ્રદૂષણ અને એમાં પણ મુખ્યત્વે ધૂળના પ્રમાણને નિયંત્રણમાં લાવવા માટે બીએમસીએ એક્શન પ્લાન બનાવ્યો છે. એની સાથે સાથએ જ બાંધકામ અને ડિમોલેશનના કામકાજ દરમિયાન વાહનવ્યવહારમાં નિયમોના ઉલ્લંઘન કરનારાઓ સામે પણ પાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પાલિકાના કમિશનર ઈકબાલ સિંહ ચહલે જણાવ્યું હતું કે મુંબઈમાં વધી રહેલાં વાયુ પ્રદુષણને નિયંત્રણમાં લાવવા માચે પાલિકા દ્વારા ૨૫મી ઓક્ટોબરના ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. તમામ સંબંધિત વિભાગ માટે તેનું પાલન કરવું ફરજિયાત રહેશે. આ બાબતમાં કોઈ પણ પ્રકારની ઢીલ કે અનિયમિતતા નહીં ચલાવી લેવામાં આવે અને દોષી સામે કાર્યવાહી કરવામાં આવશે. ■

## મહારાષ્ટ્ર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મહાયુતિનો ભવ્ય વિજય

### ભત્રીજાએ કાકાને આપી મોટી માત

મુંબઈઃ મહારાષ્ટ્રમાં રવિવારે બે હજાર ૩૬૯ ગ્રામ પંચાયત સીટો માટે ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. આ ચૂંટણીમાં શિંદે, ભાજપ અને અજિત પવાર જુથનો ઉમેદવારો મોટાપાયે ચૂંટાઈને આવ્યા છે. ચૂંટણીના પરિણામ પર પ્રતિક્રિયા આપતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શિવસેના (યુબીટી)નો પર શાબ્દિક પ્રહાર કર્યા હતા. શિંદે એ કહ્યું તેમના વિશ્વાસ સાથે દગો કરનારાઓને મતદારો દ્વારા નકારવા પર ભાર મૂક્યો હતો.

શિંદેએ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મહાગઠબંધનના જીતનો ઉલ્લેખ કરતાં મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. શિંદેએ આ સફળતાનો શ્રેય વિકાસ પર સરકારના ધ્યાન અને મહા વિકાસ અઘાડી મવીઆ સરકારના કાર્યકાળ દરમિયાન અટકી ગયેલા

કામોને ફરી શરૂ કરવામાં આવનું અશ્વસન આપ્યું હતું. શિંદેએ આગળ વધારતા કહ્યું અમારી મહાગઠબંધન સરકારે સામાન્ય નાગરિકો, ખેડૂતો, ઉદ્યોગપતિઓ, મહિલાઓ, યુવાનો અને કામદારો સહિત સમાજના વિવિધ વર્ગોને ન્યાય આપ્યો છે. સરકારે દરેક સુવિધાઓને મતદારોના ઘર સુધી પહોચાડી છે. હવે પક્ષના કાર્યકર્તાઓની જવાબદારી વધી ગઈ છે, અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને વડા પ્રધાન બનાવવા માટે ૪૫ થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે.

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપની રણનીતિ સફળ સાબિત થઈ હતી. રાજ્યની ૨૩૫૯ બેઠકોમાંથી ૨૨૦૫ બેઠકોના પરિણામ સાંજે ૫ વાગ્યા સુધી જારી કરી દેવામાં આવ્યા હતા. જેમાં ભાજપે ૭૧૬ ગ્રામ પંચાયતની સીટો પર જીતી મેળવી હતી. શિંદે જુથ, ભાજપ અને અજિત પાવર જૂથની મહાયુતિએ કુલ ૧૩૬૯ સીટો પર જીત મેળવી હતી. ઠાકરે જુથ, કોંગ્રેસ અને શરદ પવાર જૂથના મહાવિકાસ આઘાડીને માત્ર ૫૦૩ બેઠકોમાજ સંતોષ મેળવવો પડ્યો હતો.

ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સાંજે પાંચ વાગ્યા સુધી ભાજપે ૭૧૬ સીટો, અજિત પવાર જૂથે ૪૦૬, શિંદે જૂથે ૨૪૭, કોંગ્રેસે ૨૦૫, શરદ પવાર જૂથે ૧૮૫ અને ઠાકરે જૂથે ૧૧૩ એમ કુલ ૧૮૭૨ સીટોના પરિણામ જારી થયા હતા. ■



ભાજપની નરીમાન પોઈન્ટ ખાતેની ઓફિસે ઉત્સવ મનાવતા કાર્યકરો. (અમય ખરાડે)

## કોરોનાની વૅક્સિનના ૧.૩૪ લાખ ડૉઝનો નિકાલ, ₹ ૨૬ કરોડનું નુકસાન

મુંબઈઃ કોવિડ-૧૯ની રસીની માગણીમાં ભારે ઘટાડા જોવા મળ્યો છે. તેથી મહારાષ્ટ્રમાં કોવેક્સિન, કોવિશિલ્ડ અને કોર્બેવેક્સ રસીના એક્સપાયર થયેલા ૧.૩૪ લાખ કરોડ ડોઝનો નિકાલ લાવવામાં આવ્યો છે. આ એક્સપાયર થયેલા રસીને કારણે કેન્દ્ર સરકારના તિજોરીને અંદાજે ૨૬ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. કોરના સમયગાળા દરમિયાન કેન્દ્ર સરકાર દ્વારા મહારાષ્ટ્રને ૧૨૨ લાખ કરોડ ડોઝ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાંથી ફક્ત ૯૨ ટકા લોકોએ પહેલો અને ૮૫ ટકા લોકોએ બીજો ડોઝ લીધો હતો અને ફક્ત ૨૦ ટકા લોકોએ બૂસ્ટર ડોઝ લીધો હતો. જેને લીધે અનેક હૉસ્પિટલોમાં આ ડોઝની એક્સપાયરી ડેટ પૂરી થઈ ગયા બાદ આ ડોઝનો નિકાલ લાવવામાં આવ્યો હતો. સાંગલીમાં ૧,૦૮,૫૬૦, ગઢચિરોલીમાં ૮૨,૩૯૦, ધુળેમાં ૭૬,૦૦૦ અને મુંબઈમાં ૩૭,૬૪૭ ડોઝનો એક્સપાયરી ડેટ પૂરી થઈ થવાને લીધે નિકાલ કરવામાં આવ્યો હતો. ૨૦૨૩માં માર્ચ-એપ્રિલમાં જ્યારે કોવિડ કેસોમાં વધારો જોવા મળતો હતો ત્યારે રાજ્ય સરકારે ૩૨૫ રૂપિયા પ્રતિ દરે ડોઝના દરે ૨૦,૦૦૦ રસીના ડોઝ ખરીદ્યા હતા. પણ માગણી ઓછી હોવાથી મોટાભાગની રસીઓના સ્ટોક હૉસ્પિટલો અને દવાખાનામાં પડી રહ્યા હતા. આવું એક આરોગ્ય વિભાગના કર્મચારી દ્વારા જણાવવામાં આવ્યું હતું. ■

# પશ્ચિમ રેલવેનો ‘મહાબ્લોક’ સમાપ્ત પણ પ્રવાસીઓ પર ‘એસી’નો બોજો

## સાદી લોકલની જગ્યાએ એસી ટ્રેન ગોઠવતા પ્રવાસીઓ નારાજ

મુંબઇઃ પશ્ચિમ રેલવે પર ખારથી સાંતાક્રુઝ વચ્ચે ચાલી રહેલું કામ આખરે પૂર્ણ થઈ ગયું છે. આ પછી સોમવારથી લોકલ સેવાઓ સામાન્ય થઈ ગઈ છે. જેના કારણે શહેરીજનો થોડી રાહત અનુભવે એ પહેલા પશ્ચિમ રેલવે દ્વારા લેવાયેલા એક નિર્ણયને કારણે મુસાફરોને હાલાકી ભોગવવી પડે તેવી પૂરી શક્યતા છે. પશ્ચિમ રેલવેના વહીવટીતંત્રે સાદા લોકલ રાઉન્ડ રદ કર્યા છે અને તેના સ્થાને વધારાના ૧૭ એસી લોકલ રાઉન્ડ ઉપલબ્ધ કર્યા છે. જોકે વહીવટીતંત્રના આ નિર્ણયથી એસી લોકલના મુસાફરોને રાહત મળી છે, પરંતુ અન્ય મુસાફરોને મુશ્કેલી વેઠવી પડી રહી છે.

પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનો સોમવારથી સમયપત્રક મુજબ સરળ રીતે દોડી રહી છે. પશ્ચિમ રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર સોમવારથી વધુ ૧૭ એસી લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે. આના કારણે પશ્ચિમ રેલવે પર લોકલ ટ્રેનોની સંખ્યા ૭૯ થી વધીને ૯૬ થઈ જશે. સમયપત્રકમાં ફેરફાર થયા બાદ દહાણુ અને અંધેરી વચ્ચે ચાલતી લોકલ હવે ચર્ચગેટ સુધી દોડશે.■

## ખાર-ગોરેગાંવ વચ્ચેની આઠ કિલોમીટરની લાઈનનો શુભારંભ

### બ્લોક વખતે ૨,૫૫૦થી વધુ ટ્રેન રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં ખાર-ગોરેગાંવ વચ્ચેની આઠ કિલોમીટરના અંતરની છઠ્ઠી લાઈનનું ઈન્ફ્રાસ્ટ્રકચરનું કામકાજ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. નિર્ધારિત સમયગાળામાં બ્લોકની કાગમીરી પૂરી કરવામાં આવ્યા પછી છઠ્ઠી લાઈનમાં ટ્રેન વ્યવહાર ચાલુ કરવામાં આવ્યો છે, જેમાં કલાકના ૧૧૨ કિલોમીટરની સ્પીડથી ટ્રાયલ પણ સફળ રહ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આઠ કિલોમીટરના કોરિડોરનું નિર્માણ થવાથી નવી લાઈનની ક્ષમતામાં વધારો થયો છે, જેનાથી વધુ લોકલ ટ્રેનની સર્વિસ દોડાવી શકાશે. હાલના તબક્કે નોન-એસી લોકલના બદલે એસી લોકલની સર્વિસમાં વધારો કરવામાં આવ્યો છે, પરંતુ આગામી દિવસોમાં વધુ ટ્રેન સર્વિસ દોડાવવાની સાથે ટ્રેનની ઓપરેશન સિસ્મટ વધુ રેગ્યુલર બની શકશે, એવો પશ્ચિમ રેલવેના અધિકારીએ દાવો કર્યો હતો. આ કામકાજ માટે છેલ્લા ૧૦ દિવસ દરમિયાન પશ્ચિમ રેલવેમાં ૨,૫૦૦થી વધુ લોકલ રદ કરવામાં આવી હતી, જ્યારે ૨૬૦થી વધુ લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનની સેવા પર અસર પડી હતી, પરિણામે પ્રવાસીઓને ટ્રેનોમાં પ્રવાસ કરવામાં હાલાકી પડી હતી. બ્લોકના દિવસોમાં રોજ અગિયાર-બાર વાગ્યા પછી ટ્રેનો રદ કર્યા પછી મહિલાઓ સાથે સિનિયર સિટીઝન માટે ટ્રેનમાં મુસાફરી કરવામાં બેહાલ થયા હતા, એમ પ્રવાસી સંગઠને જણાવ્યું હતું.

સાતમી ઓક્ટોબરથી શરુ કરવામાં આવેલા કામકાજને ૩૦ નાઈટ માટે પ્રી-ટ્રાફિક વર્ક ઓર્ડર અને ૨૯ નાઈટના ટ્રાફિક વર્ક ઓર્ડરનો સમાવેશ થયો હતો, જેમાં છ સ્ટેશન પર ૧૦ રાતનો નોન-ઈન્ટરલોકિંગ કામકાજનો સમાવેશ હતો.

પશ્ચિમ રેલવેમાં પાંચમી લાઈન અને બંને ફાસ્ટ લાઈનમાં ૧૨ ટર્નઆઉટ અને ત્રણ ટ્રેપ પોઈન્ટ બિછાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ૭૦૦ મીટર ટ્રેક હટાવવાની સાથે ડાયમંડ ક્રોસિંગ સહિત પાંચ પોઈન્ટને તોડવાની સાથે બાંદ્રા ટર્મિનસ યાર્ડની પાંચમી અને છઠ્ઠી લાઈન માટે એક સ્વતંત્ર કનેક્ટિવિટી મળશે. આ બ્લોકની કામગીરી દરમિયાન હાઈ ટેક મશીનરીમાં ટી-૨૮, યુનિમેટ, ડુઓમેટિક, યુટીવી, હાઈડ્રોલિક ક્રેઈન સહિત જેસીબીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તાવિત કોરિડોર માટે સરકારી જમીનને હસ્તગત કરવાની બાબતનો સમાવેશ થાય છે, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ■

## મધ્ય રેલવેમાં ધાંધિયાઃ રોજની ૭૦ લોકલ રદ, ૧૦૦થી વધુ મોડી

મુંબઈઃ મધ્ય રેલવેમાં દરરોજ સરેરાશ ૭૦ જેટલી લોકલ ટ્રેનો રદ થાય છે અને ૧૦૦થી વધુ ટ્રેનો મોડી દોડે છે. આ કારણે મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યા છે, ત્યારે રેલવે પ્રશાસન આ વિલંબ માટે મુસાફરો જવાબદાર હોવાનું જણાવી રહ્યા છે.

ઑક્ટોબર ૨૦૨૩માં ૨,૦૦૦ લોકલ ટ્રેનો રદ થઈ, ૩,૦૦૦થી વધુ લોકલ મોડી પડી, ૧,૦૦૦થી વધુ ટ્રેનો ટેકનિકલ ખામી, ખરાબ વાતાવરણને કારણે રદ થઇ. આ સિવાય રવિવાર અને જાહેર રજાઓમાં ૩૭૦ જેટલી ટ્રેનો રદ થાય છે. પેસેન્જર એસોસિએશનો આ ‘સન્ડે શેડ્યૂલ’ને રદ કરી, અઠવાડિયામાં ૧,૮૧૦ ટ્રેનો દોડાવવાની માગણી કરી રહ્યા છે.

લોકલ વિલંબથી બેથી સાડા ત્રણ કલાકની લોકલ મુસાફરીમાં સરેરાશ એકથી અઢી કલાકનો સમય લાગે છે. થાણે-દિવા વચ્ચેનો પાંચમો-છઠ્ઠો રુટ શરૂ થયા બાદ મુસાફરો સમયસર મુસાફરી કરી શકશે તેવી અપેક્ષા હતી. પરંતુ મોટાભાગની ફાસ્ટ લોકલ પારસિક ટનલમાંથી પસાર થતી ન હોવાથી મુસાફરીનો સમય નવથી ૧૦ મિનિટ વધી ગયો છે.

કલ્યાણ જંકશનથી કસારા અને કર્જત સુધીના બે ફાંટા છે. લાંબા અંતરની મોટાભાગની ટ્રેનો કલ્યાણમાં સ્ટોપ કરે છે. આ ટ્રેનોને ફરીથી રુટ કરવા માટે લોકલ સેવાઓ ખોરવાઈ ગઈ છે. મુસાફરોની ફરિયાદ છે કે લાંબા અંતરની ટ્રેનોને પહેલા રસ્તો આપવો પડે છે, જેના કારણે સ્થાનિક લોકો એકબીજાની પાછળ ઊભા રહે છે અને મુસાફરીમાં વિલંબ થાય છે. ■

## સાડા પાંચ વર્ષમાં મુંબઈમાં ₹ ૫૯,૦૦૦ કરોડની છેતરપિંડી

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા સાડા પાંચ વર્ષમાં ૫૯,૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસ નોંધાયા છે. તેમાંથી માત્ર ચાર ટકા કેસમાં જ આરોપીઓની ધરપડ કર્યા બાદ તેમને દોષિત સાબિત કરવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૧૮થી લઈને જુલાઈ ૨૦૨૩ના સમયગાળા દરમિયાન આર્થિક અપરાધ શાખામાં લગભગ ૯૫૪ કેસ નોંધાયા હોવાનું સામે આવ્યું છે.

આર્થિક ગુના શાખામાં નોંધાયેલા કુલ ગુનાઓ પૈકી માત્ર ૨૬૪ ગુનાઓની તપાસ પૂર્ણ કરી આરોપીઓની અટકાયત કરી તેમના ગુનાના તપાસનો અહેવાલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો છે. મુંબઈ પોલીસના આર્થિક ગુના શાખા દ્વારા દાખલ રજિસ્ટર કરાયેલા ૫૯૪ કેસમાં ૫૯ હજાર ૭૫ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદો નોંધાવવામાં આવી છે. ઉપરાંત જાન્યુઆરી, ૨૦૧૮થી જુલાઈ ૨૦૨૩ દરમિયાન ૩૧૯ જેટલા આરોપીઓને આર્થિક છેતરપિંડીના કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા અને માત્ર ૧૪ આરોપીઓને કોર્ટે દોષિ સાબિત કરવામાં આવ્યા હતા. જેનો દર કુલ ઝડપાયેલા આરોપીઓમાંથી માત્ર ચાર ટકા છે. મુંબઈ પોલીસની ફાયનાન્સિયલ ઓફેન્સ વિંગ દ્વારા દાખલ કરાયેલા વિવિધ ગુનાઓમાં ૯૩ આરોપીઓની હજી સુધી ધરપકડ કરવામાં આવી નથી.

છેલ્લા સાડા પાંચ વર્ષમાં મુંબઈમાં ૫૯ હજાર કરોડની છેતરપિંડીના કેસ નોંધાયા હતા, તેમાંથી માત્ર ૩૭ કરોડ ૨૪ લાખ ૮૧ હજાર ૨૧૪ રૂપિયા જેટલી રકમ ફરિયાદ નોંધાવનારને પરત કરવામાં આવી છે અને બાકી રહેલી ૫૯ હજાર કરોડ રૂપિયાની રકમને પરત કરવા માટે તપાસ કરવામાં આવી રહ્યો છે.

મુંબઈની ફાયનાન્સિયલ ક્રાઈમ બ્રાન્ચેમાં ૨૦૨૩ના સપ્ટેમ્બર સુધી ૪૬ કેસ નોંધ્યા હતા. મુંબઈ પોલીસે જારી કરેલા રેકોર્ડ મુજબ આ વર્ષમાં કુલ ૧૯૯૬ કરોડ રૂપિયાની છેતરપિંડી થઈ છે. પોલીસ અધિકારી એ માહિતી આપી હતી કે આ તમામ ગુનાને ઉકેલવામાં આવ્યા છે. ■

## સાંતાક્રુઝમાં સેક્સ્ટોર્શનને કારણે યુવાનની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંતાક્રુઝમાં સેક્સ્ટોર્શનની જાળમાં સપડાયેલા યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાના કેસમાં પોલીસે રાજસ્થાનથી સગીર સહિત ત્રણ જણને પકડી પાડ્યા હતા. સાંતાક્રુઝ પોલીસે રવિવારે આરોપી તોહિદ જાફર અલી (૨૨) અને વારીસ જાફર અલી (૧૯)ની ધરપકડ કરી હતી. પોલીસ કસ્ટડીમાં રહેલા બન્ને આરોપીની પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. આ કેસમાં ૧૬ વર્ષના સગીરને પણ તાબામાં લેવાયો હતો. તેને બાળસુધારગૃહમાં મોકલી દેવાયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આત્મહત્યાની ઘટના ૯ ઑગસ્ટની સવારે પ્રકાશમાં આવી હતી. સાંતાક્રુઝ પશ્ચિમમાં રહેતા યાદવે (નામ બદલ્યું છે) ગળાફાંસો ખાધો હતો. વારંવાર કૉલ કરવા છતાં પવાર ફોન રિસીવ કરતો નહોતો. પરિણામે એક સંબંધી તેના ઘરે ગયો ત્યારે દરવાજો અંદરથી લૉક હતો. પોલીસે દરવાજો તોડતાં યાદવનો મૃતદેહ મળી આવ્યો હતો. આ પ્રકરણે પોલીસે શરૂઆતમાં એડીઆર નોંધ્યો હતો. જોકે યાદવના મોબાઈલ ફોનની તપાસ કરતાં પોલીસને સેક્સ્ટોર્શનની જાણ થઈ હતી. ૭ ઑગસ્ટથી ૯ ઑગસ્ટની સવાર દરમિયાન યાદવના મોબાઈલ ફોન પર અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યા હતા અને તેના વ્હૉટ્સઍપ પર મેસેજ પણ આવ્યા હતા. મેસેજ અનુસાર આરોપીએ પોતાની ઓળખ દિલ્હીના સાયબર સેલના અધિકારી તરીકે આપી હતી. યાદવ વિરુદ્ધ ગુનો નોંધાયો હોવાનું જુઠ્ઠાણું આરોપીએ ચલાવ્યું હતું. યાદવને સેક્સ્ટોર્શનની જાળમાં ફસાવવામાં આવ્યો હતો. બાદમાં વીડિયો યુટ્યૂબ પર વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા પડાવવામાં આવ્યા હતા. યાદવે ૫૦ હજાર રૂપિયા આપ્યા હતા, પરંતુ આરોપી વધુ રૂપિયાની માગણી કરી રહ્યા હતા.■

## બીજી સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્થપાશે છત્રપતિ સંભાજીનગરમાં

મુંબઈઃ રાજ્યમાં રમતગમતના શિક્ષણ અને પ્રશિક્ષણને પ્રોત્સાહન આપવા માટે, મહારાષ્ટ્ર ગયા વર્ષે પુણેના બાલેવાડીમાં શરૂ કરાયેલી પ્રથમ યુનિવર્સિટી પછી તેની બીજી સ્પોર્ટ્સ યુનિવર્સિટી છત્રપતિ સંભાજીનગરમાં સ્થાપશે. રાજ્ય સરકારે યુનિવર્સિટીને સંચાલિત કરવા અને ઓફર કરવામાં આવતા વિવિધ અભ્યાસક્રમો તેમ જ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની યોજના બનાવવા માટે નવ સભ્યોની નિષ્ણાત સમિતિની રચના કરી છે. શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરના ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર ડૉ. માણિકરાવ સાલુંખે, સમિતિનું નેતૃત્વ કરે છે, જેમાં વિવિધ શિક્ષણવિદો અને અંજલિ ભાગવતનો રમત નિષ્ણાત તરીકે સમાવેશ થાય છે. સંસ્થાને સ્પોર્ટ્સ યુનિવર્સિટી, છત્રપતિ સંભાજીનગર, મહારાષ્ટ્ર તરીકે ઓળખવામાં આવશે. તેનો પ્રાથમિક ઉદ્દેશ એથ્લેટિક વિકાસની પરંપરાગત ભૂમિકાથી આગળ વધીને રમતગમત ઉદ્યોગ માટે કુશળ કાર્યબળ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. જ્યારે તે વિશિષ્ટ રમત-ગમત-સંબંધિત ક્ષેત્રોમાં મલ્ટિડિસિપ્લિનરી અભ્યાસક્રમોની શ્રેણી જેમ કે ન્યુટ્રિશનિસ્ટ, ટ્રેનર્સ, કોચ, મેનેજર, કોમેન્ટેટર અને પત્રકારો, યુનિવર્સિટી નિયમિત શૈક્ષણિક વ્યવસાયોને અનુરૂપ શૈક્ષણિક અભ્યાસક્રમો પણ પ્રદાન કરશે.

ડૉ. સાલુંખેએ સમિતિની પ્રારંભિક પ્રાથમિકતાઓની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, સમિતિ માટે પ્રથમ મુદ્દો કાયદાકીય માળખું, અધિનિયમનો મુસદ્દો તૈયાર કરવાનો રહેશે, જે યુનિવર્સિટીનું સંચાલન કરશે. પુણેની બાલેવાડીમાં પ્રથમ સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના પછી હાલની જરૂરિયાતો પ્રમાણે અમુક ફેરફારો જરૂરી રહેશે. સમિતિને અભ્યાસક્રમોની રચના સહિત વ્યાપક યોજના ઘડવા માટે ત્રણ મહિનાની સમયરેખા આપવામાં આવી છે. ■

## બિઝનેસ બિટ્સ

### સેલો વર્લ્ડનું પ્રીમિયમ લિસ્ટિંગ થયું

મુંબઇઃ હાઉસહોલ્ડ પ્રોડક્ટ અને સ્ટેશનરી ઉત્પાદક સેલો વર્લ્ડના શેર તેના રૂ. ૬૪૮ના ભાવ સામે બીસઇ પર ૨૮.૨૪ ટકાના વધારા સાથે રૂ. ૮૩૧ના ભાવે લિસ્ટેડ થઇને ૨૮.૮૧ ટકાના વધારા સાથે રૂ. ૮૩૪.૭૦ સુધી પહોંચ્યા હતા. સત્રને અંતે તે ઊંચી સપાટી સામે થોડા ઘટીને ઇશ્યૂ ભાવ સામે ૨૨.૨૧ ટકાના વધારા સાથે રૂ. ૭૯૧.૯૦ પર સ્થિર થયા હતા.

### એનએસઇ ઇમર્જ પર આરઓએક્સ

મુંબઈઃ એનએસઇ ઇમર્જ પર લિસ્ટિંગ મેળવવા આઇટી સોલ્યુશન્સ પ્રોવાઇડર આરઓએક્સ હાઈ-ટેક લિમિટેડે સાતમી નવેમ્બરે ઇનિશિયલ પબ્લિક ઑફર સાથે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. ભરણું નવમીએ બંધ થશે. કંપની આ આઇપીઓના માધ્યમથી અપર બેન્ડ પ્રાઇસ પર રૂ. ૫૪.૪૯ કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય ધરાવે છે. પ્રાઇસ બેન્ડ રૂ.૮૦થી રૂ. ૮૩ નક્કી થઇ છે. લઘુત્તમ લોટ સાઇઝ ૧૬૦૦ શેરની છે.

### સનરેસ્ટની લોટસાઇઝ ૧૬૦૦ શેર

મુંબઇઃ ફાર્માસ્યુટિકલ કંપની સનરેસ્ટ લાઇફસાયન્સ લિમિટેડ રૂ. ૧૦.૮૫ કરોડના એસએમઇ આઇપીઓ સાથે સાતમી નવેમ્બરે મૂડીબજારમાં પ્રવેશ કરશે. શેરદીઠ રૂ. ૮૪નો ભાવ નિર્ધારિત કરવામાં આવ્યો છે. લઘુત્તમ લોટ સાઇઝ ૧૬૦૦ શેરની છે. ભરણું નવમીએ બંધ થશે અને શેર એનએસઇ ઇમર્જ પર લિસ્ટ થશે.

### બજાજ ઇલેક્ટ્રિકલનો નફો ઘટ્યો

મુંબઇઃ બજાજ ઇલેક્ટ્રિકલ લિમિટેડે નબળી ગ્રાહક માગને કારણે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૭.૨૮ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે. વર્ષ અગુ સમાન સમયગાળામાં કંપનીએ રૂ. ૬૨ કરોડનો નફો નોંધાવ્યો હતો. કંપનીએ સમાન ગાળામાં રૂ. ૧૧૫૦.૭૭ કરોડ સામે ૩.૭૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૧૦૭.૪૦ કરોડનું વેચાણ નોંધાવ્યું છે.

### લિંકનફાર્માના નફામાં વધારો થયો

મુંબઇઃ હેલ્થખેર કંપની લિંકન ફાર્માસ્યુટિકલ્સે ૨૦૨૪ના બીજા ત્રિમાસિકમાં વાર્ષિક ધોરણે ૧૬.૬૨ ટકાના વધારા સાથે રૂ. ૨૭.૬૫ કરોડનો ચોખ્ખો નપો નોંધાવ્યો છે. કુલ આવક ૧૨.૫૬ ટકાના વધારા સાથે રૂ. ૧૬૪.૬૮ કરોડ અને એબિટા ૧૫.૧૮ ટકા વધીને રૂ. ૩૯.૮૪ કરોડ નોંધાઇ છે.

### ભારત ફોર્ડનો નફો ₹ ૨૧૫ કરોડ

મુંબઇઃ ઓટો કોમ્પોનન્ટ ઉત્પાદક ભારત ફોર્જ લિમિટેડે સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૫૧.૭૮ ટકાના વધારા સાથે રૂ. ૨૧૪.૮૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પાછલા વર્ષે સમાન ગાળામાં કંપનીએ રૂ. ૧૪૧.૫૬ કરોડનો કોન્સોલિડેટેડ નફો નોંધાવ્યો હતો. ઉપરોક્ત સમયગાળામાં કોન્સોલિડેટેડ રેવન્યૂ રૂ. ૩૦૭૬.૩૯ કરોડ સામે રૂ. ૩૭૭૪.૧૯ કરોડ નોંધાઇ છે. કુલ ખર્ચ રૂ. ૨૮૮૫.૦૭ કરોડ સામે રૂ. ૩૪૮૮.૪૩ કરોડ નોંધાયો છે.

# શૅરબજાર તહેવારોના મૂડમાં, નિફ્ટીએ ૧૯,૪૦૦ની સપાટી વટાવી, સેન્સેક્સ ૬૫,૦૦૦ની લગોલગ પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફેડરલના નરમ વલણ અને અમેરિકન શેરબજારના તેજીના માહોલને કારણે ઇક્વિટી બજારોમાં તહેવારો જેવું હવામાન જોવા મળ્યું હતું. સ્થાનિક શેરબજારઓ છઠી નવેમ્બરે સતત ત્રીજા સત્રમાં એકધારા જળવાઇ હતી, જેમાં બીએસઇનો ૩૦ શેરવાળો બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૯૪.૯૧ પોઇન્ટ અથવા ૦.૯૨ ટકા વધીને ૬૪,૯૫૮.૬૯ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો, જ્યારે એનએસઇનો ૫૦ શેરવાળો બેન્ચમાર્ક નિફ્ટી ૧૮૧.૧૫ પોઇન્ટ અથવા ૦.૯૪ ટકા વધીને ૧૯,૪૧૧.૮૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. લગભગ ૫૦૦ પોઇન્ટના જોરદાર ગેપ સાથે સત્ર શરૂ થયા બાદ, પીએસયુ બેંકોને બાદ કરતાં તમામ સેક્ટરોમાં ખરીદી વચ્ચે ટ્રેડિંગના અંતિમ કલાકમાં નિફ્ટી ૧૯,૪૦૦ને વટાવીગયો હતો.

નિફ્ટીના ટોપ ગેઇનર્સમાં ડિવીઝ લેબોરેટરીઝ, હીરો મોટોકોર્પ, આઇશર મોટર્સ, લાર્સન એન્ડ ટુબ્રો અને એક્સિસ બેન્કનો સમાવેશ થાય છે, જ્યારે એસબીઆઇ, એચયુએલ, ટાટા મોટર્સ, સિપ્લા અને ટાઇટન કંપનીના શેરોનો ટોપ લૂઝર્સ શેરોમાં સમાવેશ હતો. એસએમઇ સેગમેમન્ટમાં નવા ભરણા સાથે કંપની પરિણામની મોસમ ચાલુ છે. ભારતની પ્રથમ અને એકમાત્ર લેડફ્રી સ્ટીલ સ્ટ્રેપીંગ ઉત્પાદક, ક્રિશ્કા સ્ટ્રેપીંગ સોલ્યુશન્સે નાણાકીય વર્ષ ૨૦૨૪ના પ્રથમ છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં ૬૭ ટકાના વધારા સાથે રૂ. ૪૮.૮૯ કરોડની રેવન્યૂ નોંધાવી છે. એબિટા રૂ. ૮.૩૬ કરોડ, ચોખ્ખો નફો રૂ. ૫.૬૮ કરોડ નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૭.૧૦ ટકા અને ચોખ્ખા નફાનું માર્જિન ૧૧.૬૧ ટકા રહ્યું છે. બજાજ ઇલેક્ટ્રિકલના નફો ૫૬ ટકા ઘટીને રૂ. ૨૭.૩૦ કરોડ રહ્યો છે.



પ્લાસ્ટિકથી નોન વોવેન ફેબ્રિક્સ સુધીના બિઝનેસમાં વ્યસ્ત નિકાસલક્ષી એકમ ફાઇબરવેબ ઇન્ડિયાએ ૨૦૨૪ના પ્રથમ છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં ૧૮ ટકાના વધારા સાથે રૂ. ૫૦.૯૯ કરોડની કુલ આવક નોંધાવી છે. ચોખ્ખો નફો રૂ. ૨.૨૦ કરોડ, એબિટા રૂ. ૪.૯૫ કરોડ નોંધાવી છે. એબિટા માર્જિન ૯.૭૧ ટકા અને પેટ માર્જિન ૪.૩૨ ટકા રહ્યું હતું. ભારત ફોર્ડનો બીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૫૧.૭૮ ટકા વધીને રૂ. ૨૧૪.૮૭ કરોડ રહ્યો હતો.

આઇટી ઇક્વિપમેન્ટ રેન્ટલ પ્રોવાઇડર કંપની સિલિકોન રેન્ટલ સોલ્યુશન્સે ઇન્ટરનેશનલ બ્રોડકાસ્ટિંગ ચેનલ પાસેથી નવો વર્ક ઓર્ડર મેળવ્યો છે, જેમાં આવશ્યક સર્વિસિસ સાથે રેન્ટ ટુ પરચેઝ ધોરણે ૨૫૦ લેપટોપનો ઓર્ડર સમાવિષ્ટ છે. કંપની નાણાકીય વષ૪ ૨૦૨૩માં રૂ. ૩૬.૬૫ કરોડની કુલ આવક નોંધાવી હતી. સેલો વર્લ્ડનો શેર ૨૮ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. સ્ટીલ ટ્યુબની અગ્રણી ઉત્પાદક એપીએલ એપોલો ટ્યૂબ્સે માર્કેટિંગ વ્યૂહના ભાગરૂપે આર્કિટેક્ટ, કન્સ્ટ્રક્શન અને એન્જિનિયરિંગના ટેક એક્સપોમાં સર્ક્યુલર હોલો સેકશન, સ્કવેર હોલો સેકશન, રેક્ટેન્ગ્યુલર હોલો સેકશન, હેન્ડરોલ્સ, કલર કોટેડ કોઇલસ સહિતના ઉત્પાદનો એક્ઝિબિટ કર્યા હતા. પીએસયુ બેન્ક સેકટરમાં નોંધાયેલા એક ટકાના ઘટાડા સિવાય ફાર્મા, કેપિટલ ગુડ્સ, મેટલ, ઓઇલ એન્ડ ગેસ, પાવર અને રિયલ્ટીમાં એક-એક ટકાના વધારા સાથે તમામ ક્ષેત્રીય શેરઆંક ગ્રીન ઝોનમાં બંધ થયા થયા હતા. મિડકેપ અને સ્મોલકેપમાં લેવાલી ફરી નીકળી હોવાથી સંબંધિત શેરઆંકો વધીને બંધ થયા હતા.

આરતી ઇન્ડસ્ટ્રીઝ, જેકે સિમેન્ટ અને મેટ્રોપોલિસ હેલ્થકેરમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે બેન્ક ઓફ બરોડા, ઝી એન્ટરટેઇનમેન્ટ એન્ટરપ્રાઇઝિસ અને વોડાફોન આઇડિયામાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો.

વ્યક્તિગત શેરોમાં, આરતી ઈન્ડસ્ટ્રીઝ, ભારત ફોર્જ અને બાટા ઈન્ડિયાના વોલ્યુમમાં ૫૦૦ ટકાથી વધુ વધારો જોવા મળ્યો હતો. બીએસઇ પર ૨૪૦થી વધુ શેરો તેમની બાવન સપ્તાહની ટોચે પહોંચ્યા, જેમાં અંબર એન્ટરપ્રાઈઝ, કલ્યાણ જ્વેલર, ઝોમેટો, સુઝલોન એનર્જી, ઈસાબ ઈન્ડિયા, ક્રિસિલ, બ્રિગેડ એન્ટરપ્રાઈઝ, ફોનિક્સ મિલ્સ અને ગોદરેજ પ્રોપર્ટીઝનો સમાવેશ થાય છે.

બજારોએ સપ્તાહની શરૂઆત મક્કમ નોંધ પર કરી હતી અને તાજેતરના રિબાઉન્ડને ચાલુ રાખીને લગભગ એક ટકા વધ્યો હતો. ગેપ-અપ સ્ટાર્ટ પછી, નિફ્ટી દિવસના મોટાભાગના સમય માટે સાંકડી રેન્જમાં અથડાતો રહ્યો હતો અને અંતે દિવસના ઉચ્ચ સ્તરે ૧૯૩૯૮ના સ્તરે સ્થિર થયો હતો.

તમામ ચાવીરૂપ ક્ષેત્રોએ આ પગલામાં ફાળો આપ્યો જેમાં મેટલ, એનર્જી અને ફાર્મા દરેક એક ટકાથી વધુ વધ્યા. વ્યાપક સૂચકાંકો પણ ૦.૯૦ ટકાથી ૧.૩ ટકાની રેન્જમાં વધ્યા હતા. બજારો મોટાભાગે યુએસ બજારોના રિબાઉન્ડને પ્રતિબિંબિત કરી રહ્યા છે અને નિફ્ટીમાં ૧૯,૫૦૦ પરના અવરોધને ચકાસવા માટે તૈયાર દેખાય છે.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં લાર્સન એન્ડ ટૂબ્રો ૨.૩૦ ટકા, એક્સિસ બેન્ક ૨.૦૭ ટકા, બજાજ ફિનસર્વ ૧.૮૮ ટકા, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા ૧.૮૮ ટકા અને ટાટા સ્ટિલ ૧.૭૯ ટકા વધ્યા હતા, જ્યારે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૦.૬૫ ટકા, ટાટા મોટર્સ ૦.૨૯ ટકા, હિન્દુસ્તાન યુનિલિવર ૦.૨૯ ટકા અને ટાઈટન ૦.૧૯ ટકા ઘટ્યા હતા. બધા ગ્રુપની કુલ ૫ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી.

# વિદેશી ફંડોના ધોવાણ સામે ભારતીયોએ ₹ ૭૦,૦૦૦ કરોડનું રોકાણ ઠાલવ્યું

મુંબઈઃ સમાન્ય રીતે શેરબજારમાં વિદેશી રોકાણકારોના જવાથી બજારમાં મંદી સર્જાય છે પણ આ વખતે એવું ના થયું એનું સ્પષ્ટ કારણ સ્થાનિક સંસ્થાઓનું રોકાણ છે. ફોરેન ઈન્સ્ટિટ્યુશન ઈન્વેસ્ટર (એફઆઈઆઈ) એટલે કે વિદેશી રોકાણકારો ભારતમાં પાછલા ત્રણ મહિનાથી રોકાણ ઘટાડી રહ્યા છે. આમ છતાં ભારતીય બજાર પર તેની અસર નથી.

વિદેશી રોકાણકારો ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબરમાં રૂ. ૭૫ હજાર કરોડ પાછા ખેંચી ચૂક્યા છે. બીજી તરફ, સ્થાનિક રોકાણકારોએ આ ગાળામાં શેર બજારમાં રૂ ૭૦ હજાર કરોડનું રોકાણ કર્યું છે. આ જ કારણસર દુનિયાભરમાં ફેલાયેલી આર્થિક અનિશ્ચિતતાથી ભારતીય શેરબજારને હજુ કોઈ અસર થઈ નથી. ભારતમાં વિદેશી રોકાણ ઘટ્યું હોવા છતાં શેરબજારમાં ત્રણ મહિનામાં ફક્ત ૩.૨૫ ટકાનો ઘટાડો થયો છે જ્યારે વિદેશી રોકાણ વધવા છતાં ચીન (-૭.૯ ટકા), અમેરિકા (૪.૪ ટકા), જાપાન (-પાંચ ટકા) અને દક્ષિણ કોરિયા (-૧૧ ટકા) જેવા દેશોના શેરબજારમાં ઘટાડાનો ટ્રેન્ડ છે.

ભારતીય બજાર માર્ચ ૨૦૨૦ પછી ૧૦૬ ટકા વધ્યું છે પરંતુ એશિયાઈ બજારોની આ સરેરાશ ફક્ત ૩૦ ટકા છે. વિદેશી ભંડોળ ઘટવાનું કારણ રાજકારણ પણ છે. વિદેશી રોકાણકારો લોકસભા ચૂંટણી ૨૦૨૪ સુધી જોખમ લેવાથી બચવા ઈચ્છે છે.

એક નવા ટ્રેન્ડ અંતર્ગત શેરોમાં પોતાના પૈસા લગાવનારા લોકો મ્યચ્યુઅલ ફંડમાં શિફ્ટ થઈ રહ્યા છે. બે મહિના પહેલા શેરબજારમાં તેજી હતી. પછી વૈશ્વિક સ્તરે તણાવ વધતા અને અમેરિકામાં વ્યાજદર વધવાથી શેરબજારમાં ઘટાડો શરૂ થયો. આ કારણસર શેરોમાં સીધા પૈસા લગાવનારા રોકાણકારો મ્યુચ્યુઅલ ફંડમાં શિફ્ટ થઈ રહ્યા છે.

દેશમાં મ્યુચ્યુઅલ ફંડના ૧૩.૫૯ કરોડ ખાતા છે. તેમાં ૧.૨૧ કરોડ ખાતા હાઈ નેટવર્થ ઈન્ડિવિડ્યુઅલના છે. દરેક ખાતામાં સરેરાશ રૂ. ૭૬,૦૮૧નું રોકાણ છે, જે પાંચ વર્ષ પહેલા રૂ. ૩૦ હજારથી પણ ઓછું હતું. એસઆઈપીના માધ્યમથી શેરબજારમાં કરાતું રોકાણ ચાર વર્ષમાં બમણું થઈ ગયું છે. જોકે કોરોનાના કારણે ૨૦૨૦માં એસઆઈપીમાં રોકાણ ઘટી ગયું હતું.

# ચાંદીએ ₹ ૧૨૬૬ના ઉછાળા સાથે ₹ ૭૨,૦૦૦ની સપાટી વટાવી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક સોનાચાંદી બજારમાં સોમવારે મિશ્ર હવામાન જોવા મળ્યું હતું. સોનાના ભાવમાં સાધારણ ઘસરકો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીએ રૂ. ૧૨૬૬ના જોરદાર ઉછાળા સાથે રૂ. ૭૨,૦૦૦ની સપાટી વટાવી નાંખી હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં નરમાઇનો માહોલ રહ્યો હતો.

ફેડરલના ડોવીશ સ્ટાન્સ પછી સેફ બેવન ડીમાન્ડમાં ઘટાડો આવ્યો હોવાથી વિશ્વબજારમાં ગોલ્ડનો ભાવ ૨૦૦૦ ડોલરથી ઘટીને ઔંશદીઠ ૧૯૮૫ ડોલર બોલાયો હતો જ્યારે સલિવરમાં ૨૩.૧૫ ડોલર પ્રતિ ઔંશનો ભાવ રહ્યો હતો. અમેરિકાના જોબ ડેટા નબળા આવ્યા બાદ બોન્ડની યિલ્ડમાં પણ ઘટાડો થયો હોવાથી હેજ ફંડોએ માલ ઠાલવ્યો હોવાનું બુલિયન ડીલરે જણાવ્યું હતું.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું દસ ગ્રામે રૂ. ૬૧,૦૭૫ના પાછલા બંધ સામે રૂ. ૬૧,૦૦૨ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૨૨ના ઘસરકા સાથે રૂ. ૬૧,૦૫૩ની સપાટીએ બંધ રહ્યું હતું.

એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું દસ ગ્રામે રૂ. ૬૧,૮૩૦ના પાછલા બંધ સામે રૂ. ૬૧,૭૫૮ની સપાટીએ ખૂલ્યા બાદ અંતે રૂ. ૨૨ના ઘસરકા સાથે રૂ. ૬૦,૦૮૦ની સપાટીએ બંધ રહ્યું હતું. આમ સ્ટાન્ડર્ડ સોનાએ રૂ. ૬૧,૦૦૦ની સપાટી ગુમાવી હતી.

જોકે, ચાંદીમાં ઔદ્યોગિક અને સટ્ટાકીય માગ નીકળવાને કારણે .૯૯૯ ટચની હાજર ચાંદી એક કિલો દીઠ રૂ. ૭૦,૭૭૧ના પાછલા બંધ સામે રૂ. ૭૧,૯૯૨ની સપાટીએ ખૂલીને અંતે રૂ. ૧૨૬૬ના ઉછાળા સાથે રૂ. ૭૨,૦૩૭ની સપાટીએ બંધ રહી હતી.

નવી દિલ્હી ખાતે સોનું રૂ. ૬૧,૮૦૦ના પાછલા બંધ સામે દસ ગ્રામ દીઠ રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૬૧,૭૫૦ની સપાટીએ પહોંચ્યું હતું અને ચાંદી કિલોએ રૂ. ૭૫,૨૦૦ના ભાવે ફ્લેટ રહી હતી. શેરબજારમાં ફરી આવેલી તેજીને કારણે પણ બુલિયન બજારમાં નિરસતા રહી હોવાનું ડીલરો જણાવ્યું હતું.

# આઠ શેરો મિડકેપમાંથી લાર્જકેપમાં અને ૧૩ સ્મોલકેપમાંથી મિડકેપમાં જશે

મુંબઈ : ઇન્ડિયન રેલ્વે ફાઇનાન્સ કોર્પોરેશન, પોલિકેબ ઇન્ડિયા, મેક્રોટેક ડેવલપર્સ સહિત આઠ શેરો મિડકેપમાંથી લાર્જકેપ તરફ આગળ વધી રહ્યા છે. દરમિયાન, આવતા મહિને અર્ધવાર્ષિક રિબેલેન્સિંગ કવાયત દરમિયાન ૧૩ શેરો સ્મોલકેપમાંથી મિડકેપમાં જશે.

પહેલી જુલાઈથી ૩૧ ઓક્ટોબરની વચ્ચે સરેરાશ માર્કેટ કેપિટલાઇઝેશનના આધારે વિવિધ માર્કેટ કેપ સેગમેન્ટમાં ઘણા શેરોનો સમાવેશ થવાની શક્યતા છે. જો કે, સમીક્ષાનો લગભગ એક તૃતીયાંશ સમયગાળો હજુ પૂરો થવાનો બાકી છે. તેથી, શેરના ભાવ વધી રહ્યા હોવાથી સૂચિમાં ફેરફાર થશે. શ્રીરામ ફાઇનાન્સ, યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેન્ક, રુરલ ઇલેક્ટ્રિફિકેશન અને પાવર ફાઇનાન્સ જેવા સ્ટોક્સ લાર્જકેપમાં જોડાવાના પ્રબળ દાવેદાર છે.

દરમિયાન, લાર્જકેપમાંથી મિડકેપ તરફ જવાની સંભાવના ધરાવતા શેરોમાં યુપીએલ, અદાણી વિલ્મર, આઈઆરટીસી, પીઆઈ ઇન્ડસ્ટ્રીઝ, બોશ, ટયુબ ઇન્વેસ્ટમેન્ટ્સ, હીરો મોટોકોર્પ અને સંવર્ધન મધરસનના નામનો ઉલ્લેખ કરી શકાય છે.

એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઇન ઇન્ડિયા (એમ્ફી) દર છ મહિને શેરોનું વર્ગીકરણ કરે છે. તે કેલેન્ડર વર્ષના પ્રથમ છ મહિનામાં તેની સરેરાશ બજાર મૂડી પર આધારિત છે.

સરેરાશ માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ ટોચના ૧૦૦ શેરો લાર્જ કેપમાં સામેલ થવાને પાત્ર છે. આની નીચે, ૧૫૦ કંપનીઓ મિડકેપ અને બાકીની સ્મોલકેપ માટે પાત્ર છે. આ ફેરફારો શેરોના પોર્ટફોલિયોને અસર કરે છે જેમની આશરે રુ. ૧૧ લાખ કરોડની અસ્કયામતો મેનેજમેન્ટ હેઠળ છે.

નવી લિસ્ટેડ કંપનીઓ જીઓ ફાઈ. અને જેએસડબલ્યુ ઈન્ફ્રા અનુક્રમે લાર્જકેપ અને મિડકેપમાં સીધી રીતે સામેલ થશે. એચડીએફસી બેંક અને એચડીએફસીના મર્જર પછી, હાલમાં ૯૯ શેરોને લાર્જ કેપ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.

# સાર્વત્રિક લેવાલી વચ્ચે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સિવાયના બધા ઈન્ડેક્સમાં સુધારો

મુંબઇઃ શેરબજારમાં સાર્વત્રિક લેવાલી વચ્ચે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સિવાયના બધા ઇન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ સોમવારે શુક્રવારના ૬૪,૩૬૩.૭૮ના બંધથી ૫૯૪.૯૧ પોઈન્ટ્સ (૦.૯૨ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૬૪,૮૩૫.૨૩ ખૂલી, ઉપરમાં ૬૪,૯૯૨.૫૪ સુધી, નીચામાં ૬૪,૬૧૭.૪૮ સુધી જઈ અંતે ૬૪,૯૫૮.૬૯ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૬ કંપનીઓ વધી અને ચાર કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રૂ.૩૧૮.૧૭ લાખ કરોડ રહ્યું હતું. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૯૫ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૯૨ ટકા, બીએસઈ મીડ કેપ ૦.૯૦ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૧.૦૦ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૯૨ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૯૩ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૯૪ ટકા અને બીએસઈ લાર્જ કેપ ૦.૯૪ ટકા વધ્યા હતા. આઈપીઓ ઈન્ડેક્સ ૨.૩૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૨.૫૬ ટકા વધ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં કોમોડિટીઝ ૧.૩૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રીશનરી ૦.૮૮ ટકા, એનર્જી ૧.૨૭ ટકા, એફએમસીજી ૦.૪૫ ટકા, ફાઈનાન્શિયલ સર્વિસીસ ૦.૭૬ ટકા, હેલ્થકેર ૧.૧૯ ટકા, ઈન્ડસ્ટ્રીયલ્સ ૧.૪૨ ટકા, આઈટી ૦.૮૬ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૪૭ ટકા, યુટિલિટીઝ ૧.૩૯ ટકા, ઓટો ૦.૬૫ ટકા, બેન્કેક્સ ૦.૭૪ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૮ ટકા, મેટલ ૧.૬૪ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૩૩ ટકા, પાવર ૧.૦૯ ટકા, રિયલ્ટી ૧.૧૯ ટકા, ટેક ૦.૭૯ ટકા અને સર્વિસીસ ૧.૦૬ ટકા વધ્યા હતા, જ્યારે એકમાત્ર કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૪ ટકા ઘટ્યો હતો. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે કુલ રૂ.૧૦,૪૮,૩૧૮.૧૩ કરોડનું ટર્નઓવર થયું હતું. કુલ ૩૦,૨૦,૮૨૨ સોદામાં ૧,૪૨,૭૦,૫૪૬ કોન્ટ્રેક્ટનું કામકાજ થયું હતું. કુલ ૬૪,૪૮,૮૩૩ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. ઈન્ડેક્સ ફ્યુચર ઓપ્શનના ટ્રેડ થયેલા ૨૩૭ સોદામાં ૩૬૮ કોન્ટ્રેક્ટ સાથે રૂ.૨૪.૩૯ કરોડનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ કોલ ઓપ્શનના ટ્રેડ થયેલા ૧૬,૧૦,૬૭૪ સોદામાં ૭૫,૨૩,૦૮૭ કોન્ટ્રેક્ટ સાથે રૂ.૫,૫૪,૩૪૦.૫૬ કરોડનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ પુટ ઓપ્શનના ટ્રેડ થયેલા ૧૪,૦૯,૯૧૧ સોદામાં ૬૭,૪૭,૦૯૧ કોન્ટ્રેક્ટ સાથે રૂ.૪,૯૩,૯૭૭.૫૭ કરોડનું કામકાજ થયું હતું.

# મ્યુચ્યુઅલ ફંડોનું દેશની ૧૦૦૦ કંપનીઓમાં રોકાણ

મુંબઇઃ ભારતના મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરમાં રોકાણ તબક્કાવાર નવા શિખરસર કરી રહ્યું છે. આ સાથે ઉદ્યોગનું રોકાણ ધરાવતી કંપનીઓની સંખ્યામાં પણ વધારો થયો. ઇક્વિટી ફંડ્સમાં વધતા રોકાણ વચ્ચે હાલમાં મ્યુચ્યુઅલ ફંડના નાણાંનું રોકાણ લગભગ ૧,૦૦૦ કંપનીઓમાં થાય છે. ડેટા અનુસાર ઓછું ફ્રી ફ્લોટ ધરાવતા શેરમાં જ મોટાભાગનું રોકાણ ધરાવે છે, એટલે કે તે મર્યાદિત લિક્વિડિટી ધરાવતા શેરમાં તેમનું રોકાણ વધારે છે.

સપ્ટેમ્બરમાં મ્યુચ્યુઅલ ફંડની એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) વધીને લગભગ રૂ. ૪૮ લાખ કરોડ થઈ હતી, જેમાંથી અડધાથી વધુ ઇક્વિટી ફંડ દ્વારા જમા કરવામાં આવી હતી. કોવિડ-૧૯ની અનિશ્ચિતતા વચ્ચે જુલાઈ ૨૦૨૦માં આ કંપનીઓની સંખ્યા ઘટીને ૭૯૨ થઈ ગઈ હતી અને બાદમાં તેમાં ઝડપથી વધારો થયો છે.

જાણકારોના જણાવ્યા મુજબ કોરોના વેરા લોકોની આવક પર અસર થતા મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણ ઘટતા તેની પ્રતિકૂળ અસર થઇ હતી. ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સે સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં ૯૮૩ કંપનીઓના શેરમાં રોકાણ કર્યું હતું.

જ્યારે ૨૦૧૬માં આ આંકડો માત્ર ૮૮ હતો. તમામ ૯૮૩ કંપનીઓનું એનાલિસિસ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડોએ નાની કંપનીઓમાં રસ વધાર્યો છે કારણ કે તેઓએ તેમના પોર્ટફોલિયોમાં સુધારો કર્યો છે અને મૂડી પ્રવાહમાં વધારો કર્યો છે.

ટોપ-૧૦૦ હોલ્ડિંગ્સમાં કંપનીનું સરેરાશ માર્કેટ કેપિટલાઇઝેશન આશરે રુ. ૯૦,૦૦૦ કરોડ હતું. ત્યારબાદની ૧૦૦ હોલ્ડિંગમાં લગભગ રૂ. ૩૨,૦૦૦ કરોડ અને તેનાથી નીચેના એટલેકે (૨૦૧-૯૮૩ રેન્ક) માટે માર્કેટ કેપ રૂ. ૬૦૦૦ કરોડથી ઓછી છે.

ફ્રી ફ્લોટ પબ્લિકના હાથમાં અને ટ્રેડિંગ માટે ઉપલબ્ધ શેરનો સંદર્ભ આપે છે. ટોપ-૧૦૦ હોલ્ડિંગ્સમાં સરેરાશ ફ્રી ફ્લોટ આશરે રૂ. ૪૩,૦૦૦ કરોડ હતો. ત્યારબાદના ૧૦૦ શેરો માટે આ ઘટીને રૂ. ૧૫,૦૦૦ કરોડથી પણ ઓછું થઈ ગયું છે. બાદના બાકીના અનુગામી શેર્સ માટે સરેરાશ ફ્રી ફ્લોટ આશરે રૂ. ૨,૦૦૦ કરોડ હતો.

સ્મોલકેપ ફંડોમાં રોકાણકારોની રુચિ પાછલા વર્ષમાં વધી છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં પાંચમા સ્થાનની તુલનામાં ફંડ કેટેગરીની એયુએમ ૬૧ ટકા વધીને રુ. ૧.૯૮ લાખ કરોડ થયા એયુએમ રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચી છે.

# શૅરબજારના અસ્થિર હવામાનમાં વિવિધ એસેટ ક્લાસમાં વિભાજીત ઇન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજી લાભકારી

મુંબઇઃ શેરબજાર જ્યારે અસ્થિર, અનિશ્રિત અને મંદીની સાઇકલમાં હોય ત્યારે સામાન્ય રીતે મોટાભાગના રોકાણકારો ચિંતામાં મૂકાઇ જતાં હોય છે કારણ કે આ પરિસ્થિતિ પોર્ટફોલિયો વેલ્યુએશનને આડઅસર કરે છે. અચાનક મંદી ાવવાથી રોકાણકારો ધીરજ ગુમાવી બેસે છે અને વેચવાલી કરી બેસે છે. આ પગલું વાસ્તવમાં તેમનો કોઈ હેતુ સર કરતું નથી અને સરવાળે ખોટનો જ સોદો થાય છે. શેરબજારની અસ્થિરતા અને ચડતી પડતી બજારના અવિભાજ્ય ઘટકો છે. ઇક્વિટી, ડેટ સાધનો, સોનું-ચાંદી કે રિયલ એસ્ટેટ જરેક એસેટ ક્લાસને પોતપોતાના ચક્ર હોય છે. જોકે, કોઈપણ બે એસેટ ક્લાસમાં કોઈપણ સમયે સમાન ચક્ર હોઇ ન શકે. આ બાબત ધ્યાનમાં રાખીને રોકાણકારો મલ્ટિ-એસેટનો વ્યૂહ અપનાવવો જોઇએ, જોકે તમામ રોકાણકારો પાસે આ અંગેની સમજ ના હોવાથી તે એટલું સરળ પણ નથી. આ જ કારણે માર્કેટ રેગ્યુલેટર સેબી નાના રોકાણકારોને મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની મદદ લેવાની સલાહ આપે છે.

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ આવા રોકાણકારોને મલ્ટી-એસેટ એલોકેશન ફંડના રૂપમાં સોલ્યુશન ઓફર કરે છે. અહીં, એક પ્રોફેશનલ ઇન્વેસ્ટમેન્ટ મેનેજર, રોકાણકાર વતી વિવિધ એસેટ ક્લાસ માટે યોગ્ય અને સમયસર ફાળવણી કરશે. અસરમાં, રોકાણકારને એક જ જગ્યાએ બહુવિધ એસેટ ક્લાસના વિવિધ લાભોનો ઉપયોગ કરવો પડે છે એમ જણાવતાં કિરણ શેરસ્ટોકર્સ પ્રાઈવેટ લિમિટેડના સનમ દેસાઈ કહે છે કે, વ્યક્તિએ એ સમજવાની જરૂર છે કે વિવિધ એસેટ ક્લાસના વિવિધ બજાર ચક્ર અને મૂલ્યાંકન ગતિશીલતાનો લાભ મેળવવા માટે મલ્ટિ એસેટ સંપત્તિ રોકાણ વ્યૂહરચના સારી તક આપે છે. આ વ્યૂહમાં પોર્ટફોલિયો એક એસેટ ક્લાસ તરફ કેન્દ્રિત હોવાને બદલે, રોકાણ શ્રેષ્ઠ વૃદ્ધિ માટે યોગ્ય પ્રમાણમાં ત્રણ કે તેથી વધુ સંપત્તિ વર્ગોમાં વિભાજિત હોય છે. આમ, મલ્ટિ-એસેટ ઇન્વેસ્ટિંગ વ્યૂહરચના અનુસરીને, રોકાણકારો માત્ર તેમના જોખમોમાં વિવિધતા લાવી શકતા નથી, પરંતુ સંતુલિત રીતે તમામ અસ્કયામતોના એકત્રિત લાભ મેળવી શકે છે. વધુમાં, આવા પોર્ટફોલિયો કોઈ ચોક્કસ એસેટ ક્લાસના માર્કેટ સાઈકલને અસર કરતા નથી, જેનાથી રોકાણકારોને એક એસેટ ક્લાસમાં કેન્દ્રિત પોર્ટફોલિયોની સરખામણીમાં અચાનક ઘૂંટણિયે પડતી પ્રતિક્રિયાથી બચાવે છે. લાંબા ગાળામાં, મલ્ટી-એસેટ અભિગમ અપનાવનારા રોકાણકારો કોઈપણ કટોકટી પછી વધુ સમૃદ્ધ બન્યા છે.

અચોક્કસ મુદત સુધી તળાજા યાર્ડ બંધ

# ભાવનગરનું તળાજા યાર્ડમાં દિવાળી ટાણે જ ખેડૂતો અને વેપારીઓ માટે વજનને લઈ હોળી

(અમારા પ્રતિધિ તરફથી)

ભાવનગરઃ સરકાર ના સહકાર વિભાગના ૨૦૧૫ ના ખેડૂતો ની કોઈપણ જણસ હોય તે જયારે વેપારી ને માલ આપે તે સમયે એક ગ્રામ પણ વજન ન કપાવવો જોઈએ તેવો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. આ પરિપત્ર ની અમલવારી રાજ્યના અમુક યાર્ડમાં થઈ હતી. અમુક યાર્ડમાં થઇ ન હતી. અમલવારી ત્યાં જ શક્ય બની હતી જ્યાં ખેડૂત ની જણસ લુઝ એટલેકે ઢગલો કરી તેને વજનકાંટે ચડાવી ને જોખવામાં આવતી.

આ પરિપત્રનો કડક અમલ કરવાની તળાજા યાર્ડને સૂચના મળી હતી.જેને પગલે તળાજા યાર્ડ એ કપાસ, મગફળી, અનાજ અને કઠોળ ના વેપારીઓ સાથે ત્વરિત બેઠક કરી હતી. જેમાં સહકાર વિભાગના આદેશ ની જાણ કરવામાં આવી હતી.જેને લઈ વેપારીઓ એ સખત વિરોધ નોંધાવ્યો હતો. આથી ના છૂટકે દિવાળી અને રવીપાક સમયેજ જ્યારે ખેડૂતોને રુપિયા ની ખૂબ જરુર હોય ત્યારે જ સહકાર વિભાગ એ કડક અમલવારી નો આદેશ કરતા વેપારીઓએ નોધાવેલ વિરોધ અને ખરીદી બંધ ની જાહેરાતના પગલે જ્યાં સુધી મડાગાંઠ ન ઉકેલાય ત્યાં સુધી યાર્ડ બંધ ની ના છૂટકે તળાજા યાર્ડના સંચાલકો ને જહેરાત કરવી પડી છે.

યાર્ડ પ્રમુખ ભીમજીભાઈ પંડ્યા એ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે કડક અમલવારી કરાવવાનો નિણર્ય દિવાળી નો સમય હોય ભૂલ ભરેલો છે. એટલુંજ નહિ યાર્ડ પર મોટી અસર થશે કારણ કે વેપારીઓ ગામડે જઈ ને માલ ખરીદી કરે ત્યાં વજન કાપે તો વાંધો નથી!જો યાર્ડમાંજ અમલવારી કરવા ની વાત હોય તો વેપારી યાર્ડમાજ ન આવે.બીજી તરફ અહીં એકપણ ખેડૂતે આજ સુધી વ્યક્તિગત ધોરણે આવી પરિપત્ર ની અમલવારી કરાવવાની માગ કરી નથી.હાલ સિઝન હોય તે સમયેજ પરિપત્ર ની અમલવારી ની વાત એ દિવાળી સમયે હોળી જેવી સ્થિતિ થઈ છે.

યાર્ડ ના ડિરેક્ટર હરજીભાઈ ધાંધલિયા એ પરિપત્ર નો સંપૂર્ણ પણે વિરોધ નોધાવેલ છે.અમલવારી બાબતે સહકાર વિભાગમાં રજુઆત થવી જોઈએ ની માગ કરી છે.

### ખેડૂતોની જણસીમાં ૧૦૦ ગ્રામની પણ કપાત થવી ન જોઈએ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ તળાજા માર્કેટિંગ યાર્ડના ડિરેકટર હનુભાઈ પરમાર એ ખેડૂતો ને અપીલ કરી છેકે ગામડે જે વેપારીઓ ખરીદી કરવા આવે તે સમયે વજન કપાતની વાત કરે તો સો ગ્રામ પણ વજન કપાવવો જોઈએ નહીં. તેઓએ ઉમેર્યું હતુંકે સહકાર વિભાગ દ્વારા એવું કહેવામાં આવ્યું છેકે પરિપત્ર નો અમલ નહિ તો બોડી અને સેક્રેટરી સામે કડક પગલાં ભરવામાં આવશે.

તળાજા યાર્ડ ના અગ્રણી વેપારી મધુભાઈ ભાદરકા એ પ્રતિક્રિયા આપી હતી કે સરકાર ના આદેશ નું પાલન કરવું રહ્યું. પરંતુ તેના માટે આયોજન જોઈએ. પરામર્શ કરી સમજણ પૂર્વક ઉકેલ ચોક્કસ આવશે.

# લ્યો બોલો! રાજકોટમાં ૧૦૦ કરોડના ટ્રાયન્ગલ બ્રિજમાં એક વર્ષમાં જ તિરાડો પડી



(તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં એક વર્ષ પહેલાં રૂ. ૧૦૦ કરોડના ખર્ચે બનેલા ટ્રાયેંગલ બ્રિજનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં હાલ ત્રણ જેટલી તિરાડો પડી ગઈ છે. કોંગ્રેસ દ્વારા ભ્રષ્ટાચારના આરોપો લગાવવામાં આવી રહ્યા છે. આ મામલે મનપાના સિટી એન્જિનિયરો સાથે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનએ બેઠકોનો દોર શરુ કર્યો હતો. જે બાદ જવાબદાર અધિકારીઓ સાથે મેયર અને સ્ટેંડિંગ કમિટીના ચેરમેને સ્થળ પર જઈને બ્રિજનું નિરીક્ષણ કર્યું હતું. જેમાં સ્ટેડિંગ કમિટીના ચેરમેન જયમીન ઠાકરે બ્રિજ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાની ખાતરી આપી હતી.

આ સમગ્ર ઘટના સામે આવ્યા બાદ મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને જવાબદાર અધિકારીઓ સાથે સિવિલ હોસ્પિટલના બ્રિજની સ્થળ મુલાકાત લીધી હતી. બ્રિજમાં માત્ર પાતળી તડ હોવાનો સ્ટ્રેન્ડિંગ ચેરમેનએ દાવો કર્યો હતો. આ સાથે જ બ્રિજ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાની રાજકોટવાસીઓને ખાતરી આપી હતી. તો આ મામલે સ્થળ નિરીક્ષણ કર્યા બાદ મેયરએ જણાવ્યું હતું કે, જે કોઈ નાની-મોટી ક્ષતિ હશે તેને તાત્કાલિક દૂર કરવામાં આવશે. આ કોઈ મોટી ક્ષતી નથી. તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવાની એન્જિનિયરોને સૂચના આપી દેવામાં છે. આ મામલે કોંગ્રેસના પ્રદેશ મહામંત્રીએ સ્થળ મુલાકાત લઈ જણાવ્યું હતું કે, ભાજપના શાસનમાં બનાવવામાં આવેલા ગુજરાતના વિવિધ બ્રિજમાં એક બાદ એક ક્ષતિ સામે આવી રહી છે. ત્યારે આ કામોમાં ભ્રષ્ટાચાર થયાનું સ્પષ્ટ લાગી રહ્યું છે. હું પોતે એક બિલ્ડર હોવાને નાતે પણ સ્પષ્ટ માનું છું કે હાલ જોવા મળી રહેલી આ તિરાડો કોઈ વાત નથી. પરંતુ નબળો કે ઓછો માલ વાપરવાને કારણે પડેલી તિરાડો છે. અહીંથી દરરોજ હજારો વાહનો પસાર થતા હોય છે. ત્યારે ભગવાનને માનનારા મુખ્યપ્રધાનને મારી વિનંતી છે કે આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવે. ભવિષ્યમાં આવું ન થાય તે માટેની કાર્યવાહી પણ તેમણે કરવી જરૂરી છે.

# સુરેન્દ્રનગર નજીક વિજય રૂપાણીના કાફલાને અકસ્માતઃ કાર સાથે બાઈક ચાલક અથડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન વિજય રુપાણીના કાફલાને અકસ્માત નડ્યો હતો. તેમના કાફલા સાથે પસાર થઈ રહેલી પોલીસની પાયલોટિંગ કાર સાથે બાઈક અથડાઈ હતી. જેમાં એક વ્યક્તિને પગમાં ઈજા પહોંચતા. તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાતના પૂર્વ મુખ્યપ્રધાન વિજય રુપાણીના કાફલાની પોલીસ પાયલોટિંગ કાર અને બાઇક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. રુપાણીના કાફલાની પોલીસ પાયલોટિંગ કાર હાઇવે પરથી પસાર થતાં એક બાઇકને અથડાઈ હતી.

ઘટનામાં બાઇક સવાર એક વ્યક્તિને પગના ભાગે ઇજા પહોંચતા રુપાણીએ પોતાની કારમાંથી ઉતરી તાત્કાલિક ઇજાગ્રસ્ત વ્યક્તિને હોસ્પિટલ પહોંચાડવાની કવાયત કરી હતી.

# જામનગરમાંથી ક્રિકેટ સટ્ટો રમનારો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાંથી ક્રિકેટનો સટ્ટો રમનાર ઝડપાયો હતો. પોલીસે મોબાઈલ ફોન કાર સહિત ૫.૧૩ લાખની માલમતા કબજે કરી હતી. જ્યારે અન્ય ત્રણ શખ્સોને ફરાર જાહેર કરાયા હતાં.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ગુલાબ નગર વિસ્તારમાં વોચ ગોઠવી ક્રિકેટ વર્લ્ડ કપની મેચ પર રનફેરનો મોબાઇલ ફોન મારફતે હારજીતનો સટ્ટો રમી રહેલા એક કાર ચાલકને ઝડપી લીધો છે, જામનગરમાં મહારાજા સોસાયટીમાં રહેતા સબીર ગોરીને પોલીસે ઇન્ડિયા આફ્રિકા વચ્ચેની વર્લ્ડકપની ક્રિકેટ મેચ પર પોતાના મોબાઈલ ફોન પર મારફતે રનફેરનો સટ્ટો રમતાં ઝડપી લીધો હતો.

પોલીસે રૂ. ૫.૧૩ લાખનો મુદ્દામાત કબજે કર્યા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન પોતે લાલપુરના હસન ઘોઘા ઉપરાંત ઉપલેટના વિમલ ડેર, તેમજ ગીર સોમનાથના ભાવેશ બાંભણિયા સાથે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાથી તે ત્રણેયને ફરારી જાહેર કર્યા હતાં.

# રાજકોટમાં આરોગ્ય વિભાગનો સપાટોઃ બે હજાર કિલો ભેળસેળયુક્ત મુખવાસનો જથ્થો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરમાં ભેળસેળિયાઓ બેફામ બન્યા છે ત્યારે રાજકોટમા લોકોના આરોગ્ય સાથે ચેડાં કરવાનો વધુ એક ઘટના બની હતી. શહેરનાં પરાબજાર વિસ્તારમાં આવેલી મુખવાસની બે દુકાનોમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ દરમિયાન મુખવાસમાં કલરની ભેળસેળ હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે અંદાજે ૨૦૦૦ કિલો કરતા વધુ અખાદ્ય મુખવાસ કબ્જે કરવામાં આવ્યો હતો

રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખાએ પરાબજારમાં આવેલી એક મુખવાસની પેઢીમાં તપાસ કરતા ત્યાં એક એક કિલો પેકિંગના પેકિંગ મળ્યા હતા. તેમાં બ્રાન્ડ સિવાય બીજી કોઇ વિગતો એટલે કે મેન્યુ. તારીખ, બેચ નંબર, કઈ વસ્તુ છે તે સહિતની વિગતો જોવા ન મળી હતી.

આરોગ્ય વિભાગના અધિકારીઓએ મુખવાસના પેકેટ ખોલતા માત્ર કલર જ હાથમાં આવતા જ કલર છૂટો પડ્યો હતો. જેથી દરેક પ્રકારના મુખવાસને અલગ અલગ ડબ્બીમાં નાખી તેમાં પાણી નાખી હલાવીને પ્રાથમિક તપાસ કરી હતી. જોકે પાણી નાખતા જ મોટા પ્રમાણમાં રંગ છૂટો પડ્યો હતો.

ફૂડ શાખાના જણાવ્યા અનુસાર ખાદ્ય પદાર્થોમાં ૧૦૦ પીપીએમ સુધીની માત્રામાં જ રંગ નાખવાની છૂટ હોય છે. તેનાથી વધુ રંગ હોય તો ગળામાં ઈન્ફેક્શન, ચાંદા પડવા જેવી સમસ્યા થઈ શકે છે.

આ કારણે સ્થળ પરથી ૧૦૪૦ કિલો જેટલો જથ્થો સીઝ કરીને સેમ્પલ લેવામાં આવ્યા હતા. પેઢીના માલિક અમૃત કેશવલાલ નંદા તેમજ કેતન અમૃત નંદા હોવાનું નોંધાવાયું હતું.

તેમજ અમૃત મુખવાસ કરતા પણ બીજી જૂની પેઢી લાખાજીરાજ રોડ પર પ્રહલાદ ટોકીઝ પાસે પ્રકાશ સ્ટોર્સ નામની દુકાન આવેલી છે જે વર્ષો જૂની છે. ત્યાં પણ તપાસ કરવામાં આવતા રંગમાં રગદોળેલો હલકી ગુણવત્તાનો જ માલ મળ્યો હતો તેથી તે સ્થળેથી બીજા ૧૦૨૫ કિલો મુખવાસનો જથ્થો સીઝ કરીને ત્યાંથી પણ સેમ્પલ લેવામાં આવ્યા હતાં.

# ધાબા પર સોલાર પૅનલ ધોતી વેળાં કરંટ લાગતાં યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભરુચમાં ઝાડેશ્વર ખાતે આવેલાં એક મકાનના ધાબા પર સોલાર પેનલ ધોતી વેળાં યુવકને કરંટ લાગ્યો હતો. ગંભીર હાલતમાં તેને ભરુચ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ ભરુચના ઝાડેશ્વર ખાતે આવેલાં અરુણોદય બંગલોઝ ખાતે રહેતાં દિનેશ મિસ્ત્રી એએસઆઇ તરીકે ફરજ નિભાવી નિવૃત્ત થયાં છે. તેમના ઘરના ધાબા પર સોલાર લગાવ્યું હોઇ તેમનો પુત્ર હિરેન સોલાર ધોવા માટે તેઓ ધાબા પર ગયાં હતાં. જે માટે તેમણે મોટર ચાલુ કરી હતી. સોલાર ધોયા બાદ તેઓ મોટર બંધ કરવા પ્લગમાંથી પીન કાઢી રહ્યાં હતાં. તે દરમિયાન કરંટ લાગતાં તેઓ પડી ગયાં હતાં. તેમના પુત્ર વૈદે તુરંત નીચે આવી તેમના દાદ દિનેશ મિસ્ત્રીને ઘટનાથી વાકેફ કરતાં તેઓ તુરંત તેમને ભરુચ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં તબીબે તેની ચકાસણી કરતાં તેનું મોત નીપજ્યું હોવાનું જણાવ્યુ હતું.

# મામલતદાર કચેરીમાં નકલ કાઢવા ₹ એક હજાર લેતો વચેટિયો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર કલેક્ટર કચેરીના ભોયતળિયે આવેલી મામલતદાર કચેરીમાં નકલ કાઢવા રૂ. એક હજાર લેતો વચેટિયો પકડાયો હતો.ગાંધીનગર એસીબીની ટીમ દ્વારા આરોપીને પકડીને તેની સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

દિવાળીના તહેવારોમાં એસીબીની ટીમ વોચ રાખતી હોય છે. સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓ ઉપર નજર રાખવામાં આવે છે. ત્યારે કલેક્ટર કચેરી સંકુલમાં ભોયતળિયે આવેલી મામલતદાર કચેરીના રેકર્ડ રુમમાંથી નકલ કાઢવા માટેની કામગીરી કરતા વચેટીયા દ્વારા રુપિયા લેવામાં આવી રહ્યા હોવાની બાતમી એસીબીને મળી હતી. જેના આધારે ડીકોય ગોઠવવામાં આવી હતી.

પીઆઇ બપોરના સમયે કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. તે સમયે તેમને રેકર્ડ રુમમાં પહોંચી નકલ કાઢવા માટેનુ કહેતા વચેટીયો સંજય ગાભાજી ઠાકોર (રહે, વાસણ મહાદેવ)ને કામગીરી સોપવામાં આવતા તેના દ્વારા રૂ. એક હજાર લેવામાં આવતા એસીબીની ટીમે રુપિયા લેતા રંગેહાથ ઝડપી લીધો હતો.

મામલતદાર કચેરીમાં એસીબી થઇ હોવાની માહિતી મળતા સમગ્ર કલેક્ટર કચેરીમાં સોપો પડી ગયો હતો અને ફફડાટ ફેલાઇ ગયો હતો.

# રાપરમાં ખેડૂતના ઘરમાં આગ રોકડ સહિત લાખોની મત્તા બળીને ખાક

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાપરના શંકરવાડી વિસ્તારમાં ખેડૂતના ઘરમાં આગ લાગતાં ખેત પેદાશના વેચાણ પેટે મેળવેલી રૂ.૩.૫૦ લાખની રોકડ રકમ અને તમામ ઘરવખરી બળીને ખાક મેળવેલી રૂ.૩.૫૦ લાખની રોકડ રકમ અને તમામ ઘરવખરી બળીને ખાક થઇ ગઇ હતી.

એકતરફ દિવાળી પર્વ દરમ્યાન આગજનીના બનાવો અટકાવવા અગ્નિશમન દળ પૂર્ણ રીતે સજ્જ બન્યું હોવાના દાવા કરી રહ્યું છે ત્યારે બીજી તરફ સરહદી જિલ્લા કચ્છના સીમાવર્તી રાપરમાં ફાયર વિભાગની ગેરહાજરીના કારણે એક ખેડૂત પરિવારના ઘરમાં આગ લાગતાં ચોમાસું ખેત પેદાશની ઉપજ રુપે મેળવેલી રુ ૩.૫૦ લાખની રોકડ રકમ બડીને ખાક થઈ જતાં પરિવારની દિવાળી બગડી છે.

બૃહદ કચ્છ સાથે ગૂઢ નાતો ધરાવતા વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર શહેરના શંકરવાડી વિસ્તારમાં રહેતા ખેડૂત હરજી સવાભાઈ ભાટેસરાને ખેત પેદાશના વેચાણના બદલામાં મેળવેલા સાડા ત્રણ લાખ રુપિયાની રોકડ રકમ પેટીમાં રાખી હતી.

તેમના મકાનમાં સંભવિત શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી. દુર્ભાગ્યવશ ઘર પર કોઈ હાજર ના હોઈ આગ લાગતા સાડા ત્રણ લાખ રુપિયાની રોકડ સહીત ઘર વખરીનો સરસામાન બળીને ખાક થઇ જતાં પ્રકાશના મહાપર્વ દિપોત્સવી પર્વના સપરમા દિવસોમાં ખેડૂત પરિવાર પર જાણે આભ ફાટી નીકળ્યું છે. રોકડ રકમ મળી કુલ ચાર લાખથી વધુ નુકસાન થયુ હતું તે અંગેની જાણવા જોગ ફરિયાદ રાપર પોલીસ મથકે ભોગ બનનારે નોંધાવી હતી.

# ધ્રાંગધ્રાનાં ત્રણ ગામના ૭૭ ખેડૂતોની ગેસલાઇનનું કામ બંધ કરવાની રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં ધ્રાંગધ્રા તાલુકાના ત્રણ ગામના ૭૭ ખેડૂતોની ગેસલાઇનનું કામ બંધ કરવાની રજૂઆત કરવામાં આવી હતી. કલેક્ટરને જાણ કર્યા છતા પણ કંપની દ્વારા કામ બંધ નહીં કરતા ત્રણ ગામના ખેડૂતો એકઠા થઇ ધ્રાંગધ્રા વિધાનસભાને જાણ કરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ધ્રાંગધ્રા તાલુકાના વીરેન્દ્રગઢ, સતાપર અને વાઘગઢ ગામના અંદાજે ૭૭ ખેડૂતોના ખેતરમાંથી કંડલાથી ગોરખપુર સુધી એક પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ગેસની પાઇપલાઇન નાખવા માટેની કામગીરી કરાઇ છે. જેની સામે ધ્રાંગધ્રા તાલુકાના વીરેન્દ્રગઢ, સતાપર વાઘગઢ ગામના ખેડૂતોના ખેતરમાં પાઇપ લાઇન નાંખી દીધી હતી. ત્યારબાદ યોગ્ય લેવલ કરવું જોઇએ તે થતું નહીં હોવાથી ખેડૂતો દ્વારા કંપનીના કોન્ટ્રાક્ટરની કામગીરી બંધ પણ કરાવી હતી. પોલીસ પ્રોટેક્શન સાથે આવેલી કંપનીના સંચાલકો સાથે માથાકૂટ ન થાય તે માટે કલેક્ટરને પણ જાણ કરાઇ હતી. તેમ છતા પણ કંપની દ્વારા કામ બંધ નહીં કરતા અંતે ત્રણ ગામના ખેડૂતો એકઠા થઇ ધ્રાંગધ્રા વિધાનસભાના ધારાસભ્યને જાણ કરી હતી. જેમાં ખેડૂતોને વળતર મળવા બાબતની કોઇ માંગ ન હોય. ત્યારે કામગીરી સમયે ખેડૂતોના પાકને નુકસાન થયુ હોય પોતાની જમીનનો ઉપયોગ કરવામાં આવ્યો હોયને વળતર નહી અપાતા ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ત્યારે પાઇપલાઇન નાંખ્યા બાદ ખેતરમા માટી નાખી યોગ્ય લેવલિંગ કરી આગામી સમયમા વાવેતર કરી શકે તે માટેની માંગ કરાઇ હતી.

# ભુજની હવામાન કચેરીના બાથરૂમમાંથી ૩૪ હજારનો વિદેશી શરાબ ઝડપાયો





(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

ભુજઃ દીપોત્સવી પર્વને આવકારવા સજ્જ થયેલા ભાતીગળ પ્રદેશ કચ્છમાં છેલ્લા કેટલાક વર્ષોથી નશાખોરીનું દુષણ વ્યાપક બની રહ્યું છે ત્યારે ભુજ શહેરમાં આવેલી હવામાન કચેરીના ડોપ્લર ભવનમાં પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી પોલીસે ૩૪ હજારની કિંમતના વિવિધ ૧૫ બ્રાન્ડના શરાબની ૫૧ જેટલી બાટલીઓ જપ્ત કરી લેતાં ભારે ચકચાર મચી છે.

કાર્યવાહી અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, પેટ્રોલિંગ દરમ્યાન વાયરલેસ પર મળેલી સચોટ બાતમીના આધારે ભુજ એ ડિવિઝન પોલીસની ટુકડીએ શહેરની લાયન્સ હોસ્પિટલ નજીક આવેલી આઇએમડી કચેરી પાસે ઊભેલાં અને અહીં પટાવાળા તરીકે ફરજ બજાવતા રાજેશ વ્રજલાલ જોશી (રહે. ધોબી શેરી, શરાફ બજાર, ભુજ)ને ઝડપી તેની એક્ટિવાની ડેકીની તલાશી લેતાં તેમાંથી દારૂની ત્રણ બાટલી મળી આવી હતી. પૂછપરછમાં તેણે ડોપ્લર મૌસમ રડાર ભવનની અંદર વિઝીટર ઑફિસર રુમના બાથરુમમાં અન્ય બાટલીઓ રાખી હોવાનું જણાવતાં પોલીસે બાથરુમમાંથી વધુ ૪૮ બાટલીઓ કબ્જે કરી હતી. ભુજનો ચંદનસિંહ નામનો શખ્સ બાટલીઓ આપી જતો હોવાનું અને પોતે વિદેશી શરાબની એક્ટિવા પર ડિલિવરી કમ વેંચાણ કરતો હોવાનું રાજેશે જણાવતાં પોલીસે બંને આરોપીઓ સામે પ્રોહિબિશનની વિવિધ ધારા તળે ગુનો દાખલ કર્યો છે. પટાવાળાની કરતૂત અંગે અજાણ હોવાનું રટણ કરતા આ કચેરીમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓની પોલીસે ઝીણવટભરી પૂછપરછ હાથ ધરી છે.

બીજી તરફ પૂર્વ કચ્છના અંજાર તાલુકાના વરસામેડી ગામમાં સ્થાનિક પોલીસે એક રહેણાંક મકાનમાં દરોડો પાડી ૧.૧૭ લાખની કિંમતના વિદેશી શરાબના જથ્થા સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. વરસામેડીની ક્રિષ્નાપાર્ક સોસાયટીમાં આવેલા મકાન નંબર ૪૬૦માં પૂર્વ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો અને કાયદાના સકંજાથી બચવા ભાગવાનો પ્રયાસ કરતા હાર્દિક પ્રકાશ અંસકર નામના શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો જયારે દારૂ લેવા આવનાર અન્ય આરોપી બાબુ વિશા રબારી હાથમાં આવ્યો ન હતો. મકાનની તલાશી લેતાં શયન કક્ષમાંથી ગ્રીન લેબલ ૭૫૦ એમ.એલ., ઓફિસર ચોઈસ ૭૫૦ મી.લી., રોયલ સ્ટેગ, ૫૦-૫૦ વોડકાની કુલ ૨૫૬ બોટલ કિંમત રૂા. ૧,૧૭,૭૦૦નો શરાબ જપ્ત કરવામાં આવ્યો હતો.

# સૌરાષ્ટ્રના અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવક બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ડુંગરીના ભાવ આસમાને પહોચી રહ્યા છે. ૭૦ થી ૮૦ના ભાવે ડુંગરી વેચાઈ રહી છે. ત્યારે સૌરાષ્ટ્રનું અગ્રીમ અને ગુજરાતનું નંબર વન ગણાતું ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી અને લસણની પુષ્કળ આવક થવા પામી છે. યાર્ડના સત્તાધીશો દ્વારા આગામી ડુંગળીની આવકને લઈને જાહેરાતના કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક સદંતર બંધ કરવામાં આવી છે. લસણ ડુંગળીની આવકથી યાર્ડમાં જણસી ઉતારવાનું મેદાન ટૂંકું પડ્યું હતું. રાત્રીના લસણ અને ડુંગળીની આવક શરુ કરવામાં આવી હતી.

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી અને લસણની વિપુલ પ્રમાણ આવક થવા પામી હતી. ડુંગળીની આવકની સામે દરરોજની ૩૦ હજાર કટ્ટાનો નિકાલો કરવામાં આવી હતી. યાર્ડના સત્તાધીશો દ્વારા આગામી ડુંગળીની આવકને લઈને જાહેરાતના કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક સદંતર બંધ કરવામાં આવી છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની આવકની સાથે સાથે લસણની પણ આવક કરવામાં આવી હતી. લસણની ૧૫થી ૧૭ હજાર બોરીની આવક થવા પામી હતી. હરરાજીમાં ૨૦ કિલોના ભાવ રૂ. ૨૦૦૦થી ૨૭૫૦ સુધીના ભાવ બોલાયા હતા. લસણની આવક ઘટતા ગયા અઠવાડિયા કરતા આ વખતે હરાજીમાં ખેડૂતોને સારા એવા ભાવ મળતા ખેડૂતો ખુશ ખુશાલ જોવા મળ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ડુંગળી ૫૫થી ૬૦ હજાર કટ્ટાની આવક થવા પામી હતી. જે ગત આવક કરતા વધુ હતી. ડુંગળીના સિઝનની શરુઆતમાં ૧૦૦૦ સુધીના ભાવ બોલાયા હતા. જ્યારે ડુંગળીની આવકમાં વધારો થતાં હરાજીમાં ૨૦ કિલો ડુંગળીના ૫૦૦થી ૭૫૦ રુપિયા ભાવ બોલાયો હતો. જે ગત આવક કરતા રૂ. ૨૫૦ ભાવ ઓછો બોલાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, મોરબી, સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાંથી ખેડૂતો પોતાની જણસી વેચવા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવે છે. ત્યારે બીજા રાજ્યના વેપારીઓ જેવા કે મહારાષ્ટ્ર, આસામ, યુપી, રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતના ભારતભરમાંથી વેપારીઓ ખેડૂતોની જણસી ખરીદવા માટે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવતા હોય છે.

# ગુજરાતના મુખ્ય પ્રધાન મધ્ય પ્રદેશમાં ચૂંટણી પ્રચાર કરશે

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આજે મંગળવારથી થી ત્રણ દિવસ માટે મધ્ય પ્રદેશમાં ચૂંટણી પ્રચાર કરશે. મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં ભૂપેન્દ્ર પટેલ આ ત્રણ દિવસ દરમિયાન સમગ્રતયા ૭ જેટલી જનસભાઓને સંબોધન કરવાના છે.

મધ્યપ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા મુખ્ય પ્રધાનના નિર્ધારિત કરાયેલા પ્રચાર કાર્યક્રમ અનુસાર ભૂપેન્દ્ર પટેલ આજે મંગળવારે રતલામ જિલ્લાના ધામનોદ, મંદસૌર જિલ્લાના નારાયણ ગઢ અને નિમચ જિલ્લાના બરલઇમાં જાહેર સભાઓ સંબોધશે.ચૂંટણી પ્રચારના બીજા દિવસ તા. ૮મી નવેમ્બરે જાબુઆ જિલ્લાના રાયપૂરીયા તેમજ શાજાપૂર જિલ્લાના ચોસલા કુલમીની જનસભાઓનો સંબોધન કરશે. ત્રીજા દિવસ તા. ૯ નવેમ્બરે રતલામ જિલ્લાના સૈલાના અને જાબુઆ જિલ્લાના નારેલામાં ભાજપાના ઉમેદવારોના સમર્થનમાં જનસભાઓ સંબોધન કરીને સાંજે ગાંધીનગર પરત આવશે.